પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

## ॥ ૫૦ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

# શ્રી ગૌતમસ્વામી યંત્ર




ૐ હ્રીં નમો ભગવઓ ગોયમસ્સ સિદ્ધસ્સ
અક્ખીણમહાણસલબ્ધિસંપન્નસ્સ સંઘમણોવાંછિતં
પુરય પુરય કલ્યાણં કુરુ કુરુ સ્વાહા ||

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૫૦॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

## ☐ VOLUME - 50

November 2021
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

## ☐ PUBLISHER


© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

---

## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

---

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

---

## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા
ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ
પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો
પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.




'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ની એકધારી પાવન ગ્રંથયાત્રાનો આજે ૫૦મા ભાગમાં પ્રવેશ થયો છે, ત્યારે આ ગૉલ્ડન જ્યુબીલી ગ્રંથરત્નને વધાવતાં સાડા ત્રણ કરોડ રૂંવાડા ખડા થઈ જાય છે. આ રત્નમાળાના શુભ્ર ચિંતનરત્નોને ભાવતી વેળાએ વિવિધ પૂજ્યો, આરાધકો, સાધકો દ્વારા અવારનવાર અંતરના શુભ ભાવો વ્યક્ત થતાં જ રહે છે, તેમાં વધામણાં રૂપે થોડા દિવસ પૂર્વે એક આરાધક પૂજ્ય આચાર્ય ભગવંતે તો હૈયાના દ્વાર ખોલીને જે ભાવો વ્યક્ત કર્યા છે, તે તેમના જ ભાવોમાં માણીએઃ

કૃતજ્ઞતા ભાવે કરૂણામૂર્તિ પૂજ્ય પંન્યાસજી ભગવંતશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યના પાને પાને પથરાયેલાં ચિંતનોના આ રસથાળની હું અંતરના ય અંતરથી અનુમોદના કરૂં છું. માત્ર શબ્દોના સાથિયા પૂરવાથી જ એ મહાપુરૂષનું મહિમાગાન ગાઈ ન શકાય છતાં અનુમોદનાનાં અનુબંધથી આનંદિત થઈ જ શકાય ને? બસ, એ જ આશયથી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથોને અંતરથી ઓવારણા લઈ વ્હાલથી વધાવું છું. તેના વાંચન, મનન, ચિંતનથી લોકોત્તર શાશ્વતપદના લક્ષ્યને મજબૂત બનાવી શકાય તેમ છે. પૂજ્યશ્રીના કરકમલો દ્વારા આલેખનથી આહ્લાદિત બનેલ અને શબ્દે શબ્દે અધ્યાત્મના રહસ્યોને ઉદ્ઘાટિત કરતાં તાત્વિક ચિંતનો ભરપૂર... અધધધ... એક-બે-પાંચ-દશ નહીં, પણ પચાસ જેટલા ભાગોમાં પ્રકાશિત થયેલાં આ પુસ્તકો નહીં પણ અધ્યાત્મયોગના સાધકો માટે અપૂર્વ માર્ગદર્શક એવા મહામૂલા ગ્રંથો છે.

'ગ્રંથ દીઠે સુખ ઉપજે, વાંચને અતિ હી આનંદ લાલ રે...'
જેવું સાચે જ અનુભવાય છે...!

જિનાગમના ગૂઢતમ રહસ્યોને ચિંતનની ચાંદનીમાં સરળતાથી સમજાય તેવા અદ્ભૂત ચિંતનો દ્વારા સાધકને દોષવેદનાની તળેટીથી ઊંચકીને દોષવિરામના શિખરે પહોંચાડવાનો પરમ માર્ગ આ પ્રકાશનના માધ્યમે પ્રકાશિત થયો છે, તે અનુમોદનીય છે. પાને-પાને ખૂલ્લો મૂકી દીધેલ અને સૌની આત્મચેતનાને જાગ્રત કરતો પોતાના અધ્યાત્મચિંતનોનો આખો મોલ ચઉગતિના ચકરાવાને ચૂરવા ખરે જ ભદ્રંકર છે.

અધ્યાત્મના મર્મોને પૂજ્ય પંન્યાસજી મહારાજે સ્વ અનુભૂતિ દ્વારા ખોલ્યા છે. આજે અક્ષયખજાના જેવો આ આધ્યાત્મિક વારસો જોતાં એમ જ લાગે છે કે પૂજ્યશ્રીએ રોજનીશીના આલેખન દ્વારા આપણ સહુને તો ન્યાલ - ન્યાલ કરી દીધા છે. ખજાનો મળે પુણ્યથી પણ ફળે તો પાત્રતાની પરિણતિથી જ! આપણે બધા આ મહાગ્રંથના પ્રત્યેક શબ્દોને શાંત ચિત્તે વાંચી-વિચારી-મનન-ચિંતન કરી સ્વરૂપની ઓળખ, સ્વરૂપનો મહિમા, સ્વરૂપમાં સ્થિરતા કેળવી ચિદાનંદની અનુભૂતિને પામીશું, તો દેવલોકના દિવ્યદ્વારેથી આપણને દેખતાં એ યોગીરાજ પૂજ્યપાદશ્રી એમનાં હસ્તાક્ષરોથી મઢાયેલાં ચિંતન આલેખનના સમ્યગ્ પુરુષાર્થથી હર્ષિત થશે. आकालमेते परार्थव्यसनीनः । તીર્થંકરોની શુભ ભાવનાનો અંશ પૂજ્યશ્રીમાં નીતરતો સ્પષ્ટ જણાય છે, ત્યારે જ આવો સમૃદ્ધ અક્ષયપાત્ર ખજાનો સર્જાઈ અને ખૂલી શકે!

મુંબઈ-વડોદરાના પરમ ગુરૂભકત સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા** લાભાન્વિત આ અનુપમ વિરાસત છે તથા રાજકોટના અમારા સુશ્રાવક શશીકાંતભાઈના પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા** અને તેમના જૂથના અથાગ પરિશ્રમ દ્વારા પ્રભુ વચનોની પ્રસાદીતુલ્ય આગમોના અર્ક અને રહસ્યોને સરળ ભાષાથી સમજાવતાં સચોટ ચિંતનો ખૂલ્લા મૂકાયા છે, તે નિરખતાં નયનો આનંદિત અને હૈયું હર્ષથી પુલકિત બને છે. 'પાનું વાંચે અને હૈયું નાચે', ત્યારે આંતર અનુમોદના કર્યા વિના રહેવાય જ કેમ?

કોટીશઃ વંદન એ કરૂણાનિધિ યોગીરાજને...
પૂજ્યપાદ પંન્યાસજી ભગવંતશ્રી ભદ્રંકર ગુરૂરાજને...

નવેમ્બર, ૨૦૨૧

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.



# અનંત ઓચ્છવ - ગુરૂકૃપાનો...

સત્યના ઉપાસક મારા ગુરૂમહારાજ પૂજ્ય પંન્યાસજી મહારાજની અનુભૂતિમય અનુપ્રેક્ષાઓ તથા તત્ત્વચિંતનો તેઓના જ રૂડાં હસ્તાક્ષરોમાં વીંટાઇને આવે છે, તેને આજે પ્રાયઃ ચાર વર્ષથી અધિક સમય થયો છે અને અદ્ભૂત એવા આ ૧૧,૦૦૦ પાનાંથી ઝળહળાં થઈ રહ્યો છે નિવૃત્તિકાળનાં જીવનનો મારો આ સમયખંડ!

ગુરૂમહારાજ હવે not reachable નથી લાગતાં. આ ૫૦ ગ્રંથો થકી તેઓના તેજોવલયનું નેટવર્ક હવે જાણે અનસ્ત થઈ ગયું છે! હવે તેઓ પાસે નિરાંતવે - રોજે - મૌનપૂર્વક - પલાંઠી વાળીને બેસી શકાય છે અને એ મૌન સામ્રાજ્યમાં તેઓનું ચૈતન્યભર્યું એ સ્મિત મુખરિત થઈ વિખેરાયા કરે છે ચોપાસ, જે મેં વર્ષો પર્યંત રાજસ્થાનનાં રળિયામણાં પાવન તીર્થોમાં જોયું હતું! આત્મિક સુખનાં સાચા સરનામા રૂપે દર મહિને મળ્યાં કરતાં આ આધ્યાત્મિક ખજાનાનાં હવે ૫૦ અક્ષયપાત્રો ભરાયા છે... અને હજુ તેમની પ્રસન્નગંભીરા વાણી ભરી આ હોડીઓ હળવી ગતિમાં સર-સર તરતી રહેવાની છે, તે વાત મારા મનને શાતા પહોંચાડી રહી છે.

ગુરૂ સંગેનો આ સેતુબંધ પ્રાંતે સિદ્ધશિલાના દ્વારે ટકોરાં મારીએ ત્યાં સુધી શાશ્વત રહે, તેમની આ અક્ષરસંપદા આપણને પ્રશસ્ત મોક્ષમાર્ગે સંનિધિ આપ્યા જ કરે, તેવી અભિપ્સા સહ... **આ સુવર્ણમય પચાસમો ગ્રંથ સાધકોના હસ્તકમળમાં અર્પણ.**

નવેમ્બર, ૨૦૨૧
મુંબઈ/વડોદરા

સી. કે. મહેતા

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





શ્રી અનુભૂત સિદ્ધસારસ્વત સ્તવઃ ।

જિનપતિપ્રથિતાખિલવાઙ્મયી, ગણધરાનનમણ્ડપનર્તકી ।
ગુરુમુખામ્બુજખેલનહંસિકા, વિજયતે જગતિ શ્રુતદેવતા ॥૨॥

વ્યાખ્યાનના પ્રારંભમાં: ૐ Nakoda, 9/4/68

ભગવાન વીતરાગની વાણી કેવી છે?

સંસારસમુદ્રતારિણી, પાપપંકપ્રક્ષાલિણી,
સમકીતવૃક્ષ સીંચવા પુષ્કરિણી, પુષ્કરાવર્તમેઘ સમાણી,
શીવગામિની, ભવ્યજીવોને હિતકારિણી, ચિત્તહારિણી,
મહામોહને ભેદવા વજ્ર સમાણી, અનેક ગુણખાણી,
ગહન ભવવન છેદવા કૃપાણી, શમસુધારસપાન સમાણી,
દુષ્કર્મ રૂપ તલ પીલવા ઘાણી સમાણી, રત્નત્રયકારિણી છે.

આવી અદ્ભુત વાણી કોણે કહી?

શ્રી વીર ભગવાન, પરમદયાળ, દીનોદ્ધારણ, ત્રિશલાનંદન,
ત્રિજગવંદન, અશરણશરણ, ભવભયવારણ, તરણતારણ
એવા શ્રી મહાવીર વર્ધમાને આ વાણી કહી, જેમણે
સમવસરણમાં ૧૨ પર્ષદા સમક્ષ અર્થ રૂપે ધર્મોપદેશ કરી
મોક્ષ મેળવવા માટે ધર્મમાર્ગ દેખાડ્યો, તેના
ધર્માધિકારમાં શ્રી યોગશાસ્ત્ર શુદ્ધ શ્રદ્ધાપૂર્વક સાંભળો.

આવા વીતરાગની વાણી
જે પ્રાણી ધારશે, પાળશે અને આરાધશે,
તે
ઉત્તરોત્તર મોક્ષના માંગલિક સુખો પ્રાપ્ત કરશે.

# તત્ત્વ અને તીર્થ

ધર્મ એ તત્ત્વ છે અને ધર્મસંસ્થા એ તીર્થ છે.

તીર્થ દ્વારા તત્ત્વ પામી શકાય છે.

તીર્થ એ ચતુર્વિધ સંઘ, પ્રધાન ગણધર તથા દ્વાદશાંગી છે.

સત્યનો ઉપદેશ આપનારા અસંખ્ય ઉપદેશકો છે,

કિન્તુ તીર્થને સ્થાપનારા માત્ર ૨૪ છે.

નીતિમય અર્થ, સંયમમય કામ, દયામય ધર્મ તથા તેના પરિણામે મળતો સુખમય મોક્ષ - એ ચારે પુરુષાર્થના કેન્દ્રભૂત ધર્મપુરુષાર્થને વિકસાવવાનું સ્થાન જિનાલય - મંદિર અને ઉપાશ્રય રૂપી ધર્મસંસ્થા છે.

ઉપાશ્રય એ સમવસરણનું પ્રતીક છે.

ત્યાં ચંદરવા, ત્યાં પુંઠિયા, ત્યાં તોરણ, ત્યાં બાજોઠ

એ સમવસરણનું જ અનુકરણ છે.

ત્યાં પાટલા ત્યાં ગાદી છે, તે ઉપર જે સ્થાપનાચાર્ય છે,

તે સુધર્માસ્વામીનું પ્રતીક છે.

દ્વાદશાંગી તથા તેના આધારે રચાયેલા શાસ્ત્રોનું વિધિપૂર્વક વ્યાખ્યાન અનુયોગ પ્રરૂપણા બહુસંવિગ્ન - ગીતાર્થથી થાય છે.

ઉપદેશ બધા આપી શકે,

અનુયોગ વ્યાખ્યાન તો સંવિગ્ન - ગીતાર્થ જ આપી શકે.

ઉપાશ્રય એ જાહેર કે ખાનગી સંસ્થા નથી,
કિન્તુ ૧૨ પર્ષદાનું જાહેર સમવસરણ છે.
દેશના આપનાર શ્રી વીતરાગ ભગવંત પાસે
શાસ્ત્રોના સાગરને પણ નિષ્ફળ બનાવનાર
ઉપશમભાવ રૂપી મહાશાસ્ત્ર છે.
ઉપશમ = મૌન દ્વારા દ્વેષનો શમભાવ - પરિણામવિશુદ્ધિ.
જનમાંથી જૈન બનવા માટે
જ્ઞાન અને ક્રિયાની બે માત્રાની જરૂર છે.
'અહંને મારો,' 'અર્હં ભજો.'
'અર્હંમાં સર્વનું સન્માન છે, અહંમાં પોતાનું.'
પ્રભુ સર્વજ્ઞ છે અને કૃતજ્ઞ છે.
ભક્તની ભક્તિને તે કદાપિ ભૂલતો નથી.
કૃતજ્ઞતા જો ગુણ છે, તો પ્રભુમાં તેની પણ ટોચ છે.
પ્રભુમાં બધા ગુણોનો પ્રકર્ષ છે, તેમાં વિનયગુણ
અને કૃતજ્ઞતાગુણ પણ આવી જાય છે.

o

Love is sublime and silent.
Attachment expresses itself
outwardly and love is silent -
devoid of outward expression.

'ૐ નમઃ સિદ્ધં ।' એ મહામંત્ર છે.

ૐ એ પંચ પરમેષ્ઠિમય છે, પરમાત્મવાચક છે અને
નમઃ એ અનુનાસિકનું પ્રત્યક્ષ નહીં, વિનયવાચક છે.
વિનય એ મદ - માનનો નાશ કરનાર છે.
'ન' એ સ્વરૂપવાચક - આત્મવાચક છે અને
'મ' એ લોકવાચક - બિન્દુસ્વરૂપ છે.
વિસર્ગ એ મહાપ્રાણસ્વરૂપ છે, માયિક સૃષ્ટિનું વિસર્જન
કે વિશિષ્ટ સર્જન કરનાર અવયવ છે, અનુચ્ચાર્યમાણ છે.
'સિદ્ધં' એ પ્રકૃતિવાચક - શબ્દનવાચક છે.
તે અસિદ્ધ નહિ પણ અનાદિસિદ્ધ છે,
ઉત્પત્તિ - વિનાશશીલ વિશ્વમાં સદાકાળ ધ્રુવપદ છે.
'ધ્' એ દાનાર્થે અને 'દ્' એ ધૃત્યર્થે - ધારણાર્થમાં છે.
જે દે છે અને ધારણ કરે છે,
તે તત્ત્વનું અનાદિસિદ્ધ નામ 'સિદ્ધં' છે.
ૐ નમઃ સિદ્ધં । માતૃકાને ૐપૂર્વક નમસ્કાર પાચ્યો.
માતૃકા સકલ જ્ઞાનની જનની, પાલની, પોષણી, શોધની છે.
ગ્રંથકારે શાસ્ત્રરચનાના પ્રારંભમાં તેને કરેલો નમસ્કાર
વિઘ્નવિઘાત કરે છે, મંગલનું આગમન કરે છે, શ્રુતનો
વિનય કરે છે અને જ્ઞાનાવરણાદિ કર્મોનો છેદ કરે છે.

'ॐ नमः सिद्धं ।' એટલે શબ્દના અર્થમાં વર્ણમાળાને
- પરમેષ્ઠિ ભગવંતોને વિનયપૂર્વક નમસ્કાર થાઓ.

અતીન્દ્રિય વસ્તુઓને વિષય કરનાર જ્ઞાન જ્યાં સુધી ઉત્પન્ન થતું નથી, ત્યાં સુધી તે જ્ઞાનને પ્રકાશ કરનાર પરમ પરમેષ્ઠિઓનો વિનય એજ ઉન્નતિનું કારણ છે. नतिरेवोन्नतिर्लोके । લોકમાં ઉન્નતિનો માર્ગ એક નતિ છે. નતિ વડે જ ઉન્નતિ સધાય છે. સિદ્ધ વસ્તુના વિજ્ઞાન માટે જ્ઞાનીઓને નમસ્કાર જ એક અનન્ય સાધન છે.

तस्मात् नतिरेव श्रेयसी ।

વિનય એ છદ્મસ્થનું ભૂષણ છે.

અવિનીત સર્વત્ર અપમાનિત થાય છે,

વિનીતને સર્વ ક્ષેત્રોમાં આદરભર્યું સ્થાન છે.

सिद्धाः परिमितेऽपि क्षेत्रेऽनन्तास्तिष्ठन्ति, अमूर्तत्वात् ।
यथा प्रतिद्रव्यमेवाऽनन्तानि सिद्धानां संबंधीनि
केवलज्ञानदर्शनानि संपतन्ति । इत्यादि

- શ્રી વિશેષાવશ્યક ભાષ્યે

પ્રતિ સમય અનંત સિદ્ધ ભગવંતોનું કેવળજ્ઞાન-કેવળદર્શન એકી સાથે સૂરજના પ્રકાશની જેમ જગતના પ્રત્યેક દ્રવ્ય ઉપર પડી રહેલ છે.

સૂર્ય દૂર હોવા છતાં તેનો પ્રકાશ એમ આપણને ઉપયોગી - ઉપકારક બને છે, તેમ સિદ્ધો અને કેવળ ભગવંતોના જ્ઞાનપ્રકાશ વડે આપણા સૌના આત્માનું સિદ્ધસ્વરૂપ સદા પ્રકાશતું રહ્યું છે, પ્રકાશિત થઈ રહ્યું છે.

ગુરુ દ્વારા જ્ઞાનાંજન થાય, તો સત્તાએ રહેલ તે સિદ્ધ સ્વરૂપનો અનુભવ આત્માને થઈ શકે છે.

કેવળ ભગવંતોને કેવળજ્ઞાન - કેવળદર્શન વડે જે આત્મપ્રત્યક્ષ છે, તે સમ્યગ્દૃષ્ટિ જીવને શ્રુતજ્ઞાન વડે અનુભવપ્રત્યક્ષ થઈ શકે છે.

અધ્યાત્મ ગીતામાં કહ્યું છે કે:

| | |
|---|---|
| એહવા પરે શુદ્ધ સિદ્ધાત્મરૂપી | - અધ્યાત્મ ગીતા |
| મુક્ત પરશક્તિ વ્યક્ત અરૂપી, | ગાથા - ૯. |
| સમકિતી દેશયતી સર્વવિરતિ | પ્ર - વૈ - સુ ૨૫, |
| ધરે સાધ્યરૂપે સદા તત્ત્વપ્રીતિ. | કચ્છ, ભદ્રેશ્વર. |

o

He who protects the good = Protector.
He who destroys the evil = Destroyer.
He who is fit for worship,
I worship Him with reverence
beyond measure.

ॐ अर्हं नमः ।

આત્મસ્વરૂપ માટેનો આ મહામંત્ર છે.
અન્ય સર્વને છોડી વ્યાપક આત્માને
સ્વીકાર કરવાના અર્થમાં આ મંત્ર છે.

अर्हं-आत्मानम् । હું આત્માનું બહુમાનપૂર્વક સ્મરણ કરું છું. આત્મા, જે ગુણધામ છે અને સર્વનું રક્ષણ કરે છે, તેને નમસ્કાર. 'સર્વસ્વ તેનું છે' એવો નમ્રભાવે સ્વીકાર. એ રીતની અર્થભાવનાપૂર્વક થતું આ મંત્રનું સ્મરણ બહિરાત્મભાવનો નાશ કરવાને માટે તીક્ષ્ણ કુઠારની ધારનું કામ કરે છે અને તે વડે અંતરાત્મભાવમાં આવીને પરમાત્મભાવનું અત્યંત ભાવપૂર્વક પૂજન થાય છે. દ્રવ્યથી પૂજન વાણીનું અને ભાવથી પૂજન સ્વરૂપનું - એ રીતે દ્રવ્ય-ભાવપૂજન વડે આત્મતત્ત્વનું બહુમાન થાય છે. એક આત્માને જાણવાથી સમગ્ર વિશ્વને જાણી શકાય છે.

जे एगं जाणइ, से सव्वं जाणइ ।

એક આત્માને ન જાણ્યો,
તેણે સમગ્ર વિશ્વને જાણ્યું, તે ન જાણ્યા બરાબર છે.

एगंमि पूईए सव्वे ते पूइआ होंति ।

અર્થાત્: એકની પૂજા કરવાથી તે સર્વની પૂજા થાય છે.

## ૐ હ્રીँ અર્હં નમઃ । મંત્રનો શબ્દાર્થ

ૐ = અનાહત - પ્રણવ - સર્વત્રિકાળવ્યાપી.

હ્રીँ = આહત - માયા - સર્વદિશાવ્યાપી.

અર્હં = ગુણપર્યાયવત્ દ્રવ્યમ્ - સામાન્ય - વિશેષવાચી.

નમઃ = સમાપત્તિ - એકતાનુભૂતિ. અનાહત નાદ = ક્રિયા.

જ્ઞાનજ્યોતિ = લબ્ધિ. મંત્રના શબ્દોનું આલંબન લેવાથી આત્મામાં રહેલ શક્તિ - ગતિ - ક્રિયા જાગૃત થાય છે. એ નાદશક્તિ જ્યોતિની સાથે સંબંધ ધરાવે છે, તેથી મંત્રજાપના નાદના પ્રભાવે જ્યોતિ - લબ્ધિ - પ્રકાશ,

જે જે પ્રભુ આત્મગુપ્ત છે, તે પ્રકટે છે.

નાદશક્તિથી વીર્યાંતરાય નાશ પામે છે,

જ્યોતિ પ્રકટવાથી જ્ઞાનાવરણાદિ કર્મોનો ક્ષય થાય છે.

नाद - बिन्दु - कलाऽभ्यासात् ज्योतिरुत्पद्यते पुनः ।
तत्प्राप्तौ च मनुष्याणां जायेत परमं पदम् ॥१॥

'अर्हं' એ નાદરૂપ શબ્દબ્રહ્મ છે.

તેનો આદરપૂર્વક જાપ કરવાથી જ્યોતિબ્રહ્મ અર્થાત્ પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે, જે પરમ આનંદરૂપ છે.

नादः = कांस्यघंटानिर्ह्रादवदनुरणनं नादः ।
बिन्दुः = बिन्दुरनुस्वारोत्तरभावी ध्वनिः ।
कलाः = नादैकदेशः ।

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

વિશ્વનો વ્યવહાર નામ - રૂપથી ચાલે છે.
નામ વડે નાદ પ્રકટે છે અને રૂપ વડે જ્યોતિ પ્રકટે છે.
સંસારસ્વરૂપ અર્થ - કામની વાસના જેમ નામ - રૂપના
આલંબનથી પ્રકટે છે, તેમ મોક્ષસ્વરૂપ ધર્મની વાસના
પણ ભાવના પૂર્વક નામ અને રૂપથી જ જાગે છે.
નામ એ મંત્રરૂપ છે અને રૂપ એ મૂર્તિસ્વરૂપ છે,
માટે જ મંત્ર અને મૂર્તિ ઉપાદેય છે. મારે તો અત્ર
સચ્ચિદાનંદઘન પરમાત્મા જ પૂજનીય તથા વંદનીય છે.
તેમને પ્રણામ કરવાથી સર્વને પ્રણામ કર્યાનું ફળ મળે છે.

## Rasayana that transmutes

ઐં = વર્ણરસાયણ - વાગ્ભવ - મહાસરસ્વતી.
હ્રીં = બ્રહ્મરસાયણ - બ્રહ્મભવ - માહેશ્વરી - સંચાલક.
શ્રીં = છંદરસાયણ - મહાલક્ષ્મી, સ્વભાવ - સ્વરૂપ.
ક્લીં - ક્રીં = ભાવરસાયણ - આધારશક્તિ - જ્યોતિરસ.

| | | |
|---|---|---|
| ઇ - ઈ = સંબોધિની | } | ૐ હ્રીં |
| ઉ - ઓ = ઉદ્બોધિની | } | શ્રીં ક્લીં |
| એ - ઐ = પ્રબોધિની | } | ઐં અર્હં |
| ઓ = ઉદ્બોધિની | } | નમઃ। |
| ઔ = અવબોધિની | } | |

ॐ अ सि आ उ सा ह्रौं पैं वैं रौं लौं नमः ।

Rasayanam that transmutes

ह्रीँ = પ્રાણરસાયણ - ૨ પાંખો વાળુ & પ્રાણ - ભાવનાત્મક.

હ = નાદાવસ્થા, સંચાર expansion of power.

ર = ઉર્જા transforms power continuum.

ई = axis - ચાક જે જેની ફરતે રૂપાંતર થાય છે.

ँ = guided by નાદ-બિન્દુ entire function.

श्रीँ = હૃદયરસાયણ - creative harmony.

क्लीँ = ગાયરસાયણ - આહ્લાદ - સામરસ્ય - આનંદ

Light & delight coming from within.

हूँ = વજ્રરસાયણ - Integral ascent.

ગમ = આત્મારોહ - સમાહિત - mystic path.

अर्हँ = matrices Growing (વર્ણ: વસ્તુ, શક્તિ).

ॐ = Things and their functions.

સાધના (process of) realisation of truth.

તંત્ર body, life & mind must be made fit to receive the spiritual current coming down from the summit of consciousness, bliss and joy.

ૐ હ્રીં શ્રીં ક્લીં ઐં અર્હં નમઃ ।

ઐં = perfect illumination.

શ્રીં = perfect harmony, Grace, Sweetness.

અદ્વૈતને કહેનાર સંગ્રહનય છે,

સાપેક્ષતાને બતાવનાર એવંભૂતનય છે.

જેવી ગતિ તેવા ભવના પરિણામ હોય છે,

એમાં કોઈનું કાંઈ ચાલતું નથી, એ નિશ્ચય છે.

વ્યવહાર કહે છેઃ સત્પુરુષાર્થમાં નિત્ય ઉદ્યમશીલ રહેવું.

જગતના <u>સત્તત્ત્વનો સાર</u> શું છે?

સમગ્ર જગતના સત્તત્ત્વનો સાર શ્રી જિનેન્દ્ર પરમાત્મા.

તેનો અર્ક, નીચોડ, રહસ્ય, તત્ત્વ, રસાયણ, અમૃત, ગુહ્ય,

પરમશ્રેય, ધ્યેય, શ્રદ્ધેય વગેરે સુનિશ્ચિત રૂપે

શ્રી જિનેન્દ્ર પરમાત્મા જ છે.

આગમની એક એક વસ્તુ સર્વવ્યાપી, સંપૂર્ણ, અદ્ભુત છે.

પરમ રહસ્યભૂત અરિહંત છે,

તેનું રહસ્ય તીર્થંકર નામકર્મનો મહોદય છે.

તેનું રહસ્ય ૨૦ સ્થાનકની સેવના છે.

તેનું રહસ્ય મહાકરુણા છે.

તેનું રહસ્ય ભગવાનનું તથાભવ્યત્વ છે.

વિશ્વનું રહસ્ય આર્હન્ત્ય છે,
તેનું રહસ્ય જિનનામકર્મનો વિપાકોદય છે,
તેનું મૂળ વિંશતિ સ્થાનકનું આરાધન છે,
તેનું મૂળ મહાકરુણા છે અને
મહાકરુણાનું મૂળ તેમનું વિશિષ્ટ તથાભવ્યત્વ છે.
તે કારણે ત્રણે લોકમાં પૂજ્યતમ, આરાધ્યતમ એવા
દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાન છે.

ધ્યાતવ્યોઽયમુપાસ્યોઽયમ્ અર્હન્ એવં શરણમિષ્યતામ્ |
અસ્યૈવ શાસને ભક્તિ: કાર્યા ચેચ્ચેતનાઽસ્તિ ચેત્ ||૧||

<u>અર્થાત્</u>: આ જ ધ્યાન કરવા યોગ્ય છે.
આનું જ શરણું સ્વીકારો.
જો સમજણ છે, તો એના જ શાસનની ભક્તિ કરો.

Ah - kah - Shuh = અ + ક + શ = આકાશ.
આકાશ = ether = અનાહત નાદ.

જ્યારથી દેવ છે, ત્યારથી દેવલોક છે. જ્યારથી જિનેશ્વર ભગવંત છે, ત્યારથી આ શાશ્વતી જિનપ્રતિમા પણ છે.
આપણા આખા એ વિશ્વતંત્રની વ્યવસ્થામાં
Cosmic Order છે પણ Chaos નહીં.
લોકસ્થિતિનો પણ આશય અહીં છે.

શ્રી Navkar Mahamantra is an ultimate purpose of cosmos-ચેતનું પ્રાગટ્ય. Therefore, it is mantra of the nature and nature is the noble mission of namaskar, hence both are one & the same. Progress merely happens in the Sub-human world; In the human world, it is willed. Man, you and I are self-willed. The excercise of self-will is the prime necessity of human life. Learn to know the law and allow it to order your life and you will have the secret of victorious living.

શ્રી નમસ્કાર મહામંત્ર એ સાધકને નમ્રતા, પરોપકાર અને દયાનું મહાદાન આપે છે અને દયા તો આત્માનો મૂળ ગુણ છે.

kindness is like the sunshine, in which all types of virtues grow.

## <u>મંત્રરટણનું માહાત્મ્ય</u>

મંત્રની કરામતથી નીચે જવાના સ્વભાવવાળું પાણી પણ ઊંચે જવા લાગે છે, તો મંત્ર શું ન કરી શકે? પાંચે ઇંદ્રિયોને અંકુશમાં રાખી પ્રભુ તરફ જવા મંત્ર મહત્વનું કાર્ય કરે છે. મંત્રથી ચિત્તએકાગ્રતા વધે તથા ઇંદ્રિયોના વેરવિખેર શક્તિ શુભ તરફ શીઘ્ર પ્રવાહિત કરે છે.

ઈશ્વરને પ્રાપ્ત કરવાની તીવ્રતમ તાલાવેલીથી થતું મંત્રનું રટણ પરમાત્મસાક્ષાત્કારનું કારણ બને છે.

<u>જે મનુષ્ય આત્માને દૂર ગણે છે,</u>
તે <u>પોતાના હાથથી જ પોતાને પરવશ કરે છે.</u>

બલેષુ હસ્તિબલાદીનિ । યાને બળના મદ વખતે હાથીના બળનો વિચાર કરવો (તો બળનું અભિમાન ન આવે). એમ બળવાન સિંહ પણ પાંજરામાં પૂરાય છે અને બળવાન હાથી પણ સાંકળથી બંધાય છે, તેમ મહાપંડિત પણ વાસનાઓને આધીન થઈ વર્તે છે.

o

Why? Why did this happen to me? There may not be a reason but there is most certainly a purpose, a divine purpose of course.

સં. ૨૦૨૪, ચૈત્ર માસ, 18/4/68

## નમસ્કારનો તાત્પર્યાર્થ

'નમો' પદ વડે મન - પ્રાણ - મંત્રની એકતા સધાય છે.
'અરિહં' પદ વડે દેહ - ગેહની એકતા સધાય છે અને
'તાણં' પદ વડે આત્માની એકતા સધાય છે.

<u>આમ નવકારના પ્રથમ પદ વડે મન - પ્રાણ - મંત્ર -
દેહ - ગેહ - આત્મા, છ એ વસ્તુની એકતા થાય છે,
જે વડે મંત્રચૈતન્યની જાગૃતિ થાય છે,
તેને ઈતરો કુંડલિની શક્તિનું જાગરણ પણ કહે છે.</u>

જનમાત્ર જ્ઞાનયોગ્યતાથી યુક્ત છે.
તે જ્ઞાનયોગ્યતા રાગાદિ અને સુખાદિરહિત હોવાથી
વીતરાગસ્વરૂપ તથા જ્ઞાનાદિયુક્ત હોવાથી સવિતાસ્વરૂપ છે.
પરમેષ્ઠિ નમસ્કાર વડે પરમેષ્ઠિઓની ભક્તિ થવા સાથે
સ્વશુદ્ધ જ્ઞાનયોગ્યતાની પણ ભક્તિ થાય છે,
તે નમસ્કારનો તાત્પર્યાર્થ છે.

નમસ્કાર પદનો વ્યાવહારિક અર્થ આત્મારુચિ છે અને
તાત્પર્યાર્થ શુદ્ધ જ્ઞાનચેતનાસ્વરૂપ આત્માની અનુભૂતિ છે.
નવપદમાં આત્મા અને આત્મામાં નવપદ -
એ તાત્પર્યાર્થની દૃષ્ટિથી સમજવાના છે.

## પંચપરમેષ્ઠિ નમસ્કારનો સાર શરણાગતિ

અરિહંતો ગુણ પ્રકર્ષવાન હોવાથી પરમ મંગળરૂપ છે.
અચિન્ત્ય શક્તિ અને તેના પ્રભાવે
તીર્થ પ્રવર્તાવી મોક્ષમાર્ગ દર્શાવે છે, તેથી લોકોત્તમ છે.
અરિહંતો સર્વજ્ઞ, પરાર્થરસિક હોવાથી
શરણ - આધાર - અવલંબન આપે છે, નામાદિ
ચાર નિક્ષેપાઓ વડે ટેકો આપે છે, માટે શરણરૂપ છે.
સર્વ શાસ્ત્રોનો સાર નમસ્કાર અને
નમસ્કારનો સાર શરણાગતિ છે.
શરણાગતિ એ આત્મદ્રવ્યની નિર્વિકલ્પ અનુભૂતિરૂપ છે.
ષડ્આવશ્યકમાં ચતુઃશરણાદિ અંતર્ગત છે.
સામાયિકના બે પ્રકાર છે:
શ્રુતસામાયિકની આરાધનામાં કેવળી કથિત ધર્મનું તથા
સર્વવિરતિસામાયિકની આરાધનામાં સાધુનું શરણ અને
ચતુર્વિંશતિ સ્તવમાં અરિહંત અને સિદ્ધનું શરણ છે.
ગુરુવંદન વડે સુકૃતાનુમોદન અને
પ્રતિક્રમણ વડે દુષ્કૃતગર્હા થાય છે.
કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ પણ દુષ્કૃતગર્હા
અને સુકૃતાનુમોદનની જ પરાકાષ્ઠા સૂચવે છે.

આચાર્યના 'આપ' શબ્દથી તિર્યક્આત્માઓનું ગ્રહણ
અને 'આપ' તથા 'આતમ' શબ્દથી
ઊર્ધ્વતાઆત્માઓનું ગ્રહણ થાય છે.
એનાથી દૃષ્ટિ અને જ્ઞાનથી એકતા-રુચિતા અનુભવાય છે.
આત્માને હૃદયમાં ધારણ કરવાથી
વિશેષો વડે વ્યવહાર કરવામાં આવે, તો
વ્યવહાર વિશુદ્ધ થાય તથા નિશ્ચય સુદૃઢ બને છે.
કર્મોપાધિ નિરપેક્ષ સ્વરૂપ નિશ્ચયને અને
સાપેક્ષ સ્વરૂપ વ્યવહારને પ્રતિપાદન કરે છે.
ક્ષાયિક સમ્યક્ત્વ તિર્યક્આત્માનું સ્વરૂપ
નિર્વિકલ્પ દર્શનાત્મક છે,
જીવનિકાયના સાથે જ્ઞાન વડે એકત્વાનુભૂતિરૂપ છે.

<u>કેવળજ્ઞાનનો આધ્યાત્મિક અર્થ</u>

માત્ર જ્ઞાન તથા જ્ઞાનને ધારણ કરનાર જ્ઞાનમય આત્મા.
શ્રુતકેવળીના બે અર્થ છે:
શ્રુત વડે કેવળ આત્માને જાણવો
અથવા તો સમગ્ર શ્રુતને જાણવું.
કેવળ આત્મા જ્ઞાનરૂપ છે તથા સમગ્ર શ્રુત પણ
જ્ઞાનરૂપ છે, જ્ઞાન અને આત્મા દ્રવ્યાર્થિકનયથી એક છે.

## ખરેખરું સુખ શેમાં ?

લંડનમાં એક માનસ ચિકિત્સા કેન્દ્રમાં
ડૉ. જેરીન પુલ્ફે જણાવ્યું હતું કે:
'માણસ પોતાના સ્વાર્થનું કેન્દ્ર છોડીને જ્યારે
બીજા માટે - પરાર્થે કાંઈક કરતો હોય છે,
ત્યારે એને ખરેખરું સુખ મળે છે.'

સાંસારિક સુખ = 'હું અને તું'નો સરવાળો.
સાંસારિક દુઃખ = 'હું અને તું'ની બાદબાકી.
આત્મિક સુખ = 'હું અને તું'નો ભાગાકાર.
મોક્ષસુખ = 'હું અને તું'નો ગુણાકાર.

નવકારથી મળતો વિવેક એટલે સાપેક્ષતાની સમજણ
અને તે સમજણપૂર્વક થતો વ્યવહાર.

જ્ઞાનસાર (૨૮-૬)માં કહ્યું છે કે:
નવકારથી થતી દુષ્કૃતગર્હામાં અલ્પતાની નિંદા છે,
સુકૃતાનુમોદનમાં સ્વલ્પતાની સ્તુતિ છે તથા
શરણાગમનમાં ભાગત્યાગલક્ષણાથી અસ્તિત્વભાવના હોય છે.
'અલ્પતા અને સ્વલ્પતા એ ઉપાધિ છે,
નિરુપાધિક સ્વરૂપ સૌનું સરખું છે - એક છે'
એવા અસ્તિત્વની ભાવના એ જ તાત્ત્વિક શરણાગતિ છે.

## નમસ્કારથી જિનાજ્ઞાપાલન કઈ રીતે?

આશ્રવનો ત્યાગ અને સંવરનું સેવન એ જિનાજ્ઞા છે.
નમસ્કાર વડે તેનો અનુબંધ પડે છે.
નમસ્કારના સતત સ્મરણ વડે આશ્રવમાં હેયપણાની અને સંવરમાં ઉપાદેયપણાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેથી આશ્રવત્યાગ અને સંવરસેવનનો અનુબંધ પડે છે.
તે અનુબંધ દૃઢ થતાં
આશ્રવનો ત્યાગ અને સંવરનું સેવન સુલભ બને છે.
નમસ્કાર વડે થતી ચિત્તશુદ્ધિનું આ લક્ષણ છે.
ચિત્તશુદ્ધિનો પર્યાય નિર્મળ બુદ્ધિ પણ છે. બુદ્ધિને નિર્મળ કરવા અને ચિત્તને શુદ્ધ કરવા માટે શાસ્ત્રો નમસ્કારનું આસેવન પુનઃ પુનઃ કરવાનું ફરમાન કરે છે.

## જિનાજ્ઞાના બે વિશિષ્ઠ કયા?

પંચ પરમેષ્ઠિ એ જ જિનાજ્ઞાનું મૂર્તિમંત સ્વરૂપ છે.
પ્રથમ બે પરમેષ્ઠિ એ આજ્ઞારાધનના ફળસ્વરૂપ છે, છેલ્લા ત્રણ પરમેષ્ઠિ એ સ્વયં આજ્ઞારાધનસ્વરૂપ છે.
તેમને નમસ્કાર કરવાથી ચિત્તશુદ્ધિ થાય તથા શુદ્ધ ચિત્તમાં આજ્ઞાનું વિશ્વવ્યાપીપણું પ્રતિબિંબિત થાય છે.
સચરાચર વિશ્વની સ્થિતિ એ આજ્ઞારાધન અને

આત્માના વિરાધનનું જ પ્રતિબિંબ પાડે છે, તેમ આત્માના બે વિશેષણ : મહાગુણમય અને મહાસુખમય કહેલાં છે. આપ્ત પુરુષોના વચન - શ્રવણથી આત્મા પ્રાપ્ત થાય અને જીવનમાં વ્યાપ્ત બનીને સિદ્ધપદમાં સમાપ્ત થાય. તે શ્રવણ વડે જીવનમાં પ્રાપ્ત, મનન વડે વ્યાપ્ત અને નિદિધ્યાસન વડે સમાપ્ત થાય છે.

## નમસ્કાર વડે શું થાય ?

'હું' એટલે શરીર નહિ પણ શુદ્ધ આત્મા અને 'મારું' એટલે ધનાદિ નહિ પણ શુદ્ધ જ્ઞાનાદિ ગુણો- એમ શીખવનાર મહામંત્ર નમસ્કાર છે, તેમ તે મોહને જીતાવનારો ધર્મરાજાનો મહામંત્ર પણ કહેવાય છે. હિંસાદિ ન કરવા લાયક કાર્ય કરવાથી નરક મળે, પૂજાદિ કરવા લાયક કાર્ય ન કરવાથી નિગોદ મળે. નરક કરતાં પણ નિગોદની કાયસ્થિતિ અને વેદના તો અનંતગુણી હોય છે. મદ એ મદિરા અને માંસ કરતાં ય અધિક ઘાતક છે. તેનો નાશ નમસ્કાર વડે જ થાય છે. નમસ્કાર વડે 'અહં - મમ' એ મોહરાજાનો મંત્ર નિષ્ફળ જાય છે અને 'નાહં ન મમ' એ ધર્મરાજાનો મંત્ર સધાય છે.

'નમઃ = ૐ નમો ।'

Namo is a turning point of mind
from વિભાવ to સ્વભાવ,
from body to Soul,
from mind to beyond mind and
from ephermal to transcendental.

નમઃ મંત્ર વડે જે ધ્યાન થાય, તે આજની ભાષામાં transcendental meditation કહી શકાય. મન ઉપરથી ઉન્મન થવા, સમનસ્કતામાંથી અમનસ્કતામાં જવા, સંકલ્પ અને વિકલ્પની દશામાંથી છૂટી નિર્વિકલ્પ સ્થિતિમાં આવવા 'નમઃ' મંત્ર 'ૐ' મંત્રનું કાર્ય કરે છે. જીવની સાથે અભેદ સંધાવનાર મંત્ર 'હંસઃ' છે અને શિવની સાથે અભેદ સંધાવનાર 'સોઽહં' છે. જીવ-શિવ ઉભયની સાથે અભેદ સંધાવનાર મંત્ર 'ૐ' છે અને 'નમઃ' એ ૐ મંત્રનું જ વિશદરૂપ છે.

ॐकारमाद्यं परमात्मरूपं
संसारनाशे च समर्थमन्त्रम् ।
अत्यच्युतं प्राप्तमजिह्मभक्तौ -
ध्यायेत् सदा देशिकवाक्यमानात् ॥१॥

ध्यायेत् तेजोमयं ब्रह्मतेजो ध्यानं परात्परम्।
भ्रुवोर्मध्ये मनोऽर्धे च यत्तेजः प्रणवात्मकम् ॥१॥
ललाटमध्ये हृदयांबुजे वा,
यो ध्यायति ज्ञानमयीं प्रभां तु।
शक्तिं सदा दीपवदुज्ज्वलन्तीं,
पश्यन्ति ते ब्रह्म तदेकनिष्ठाः ॥२॥ (परिशिष्ट-२)

ब्रह्म - प्रणवानुसन्धानेन कृतकृत्यो भवति। आत्मा
તથા ૐકારના અનુસંધાનથી, બ્રહ્મ - પ્રણવને ભિન્ન ન
માનતાં તેનું અભેદ ચિન્તન કરવાથી સર્વાર્થસિદ્ધિ થાય.
બ્રહ્મચર્ય = વીર્યનું સંરક્ષણ, શોધન અને ઉર્ધ્વીકરણ.
બ્રહ્મવ્રતનું પાલન ન કરનારનાં બધાં વ્રતો નિષ્ફળ છે
અને પાલન કરનાર સર્વ વ્રતોનો પાલક ગણાય છે.
નમસ્કાર મંત્ર સિદ્ધ થવાથી સર્વ મંત્રો સિદ્ધ થાય છે.
તેથી સર્વ શાસ્ત્રોના અધ્યયનનું ફળ મળે છે,
સર્વ શાસ્ત્રોના રહસ્યનું જ્ઞાન થાય છે,
સર્વ તીર્થો અને સર્વ દેવોના દર્શનનો લાભ મળે છે
તથા સર્વ યજ્ઞો અને સર્વ પૂજાઓનું ફળ મળે છે.
તેના દર્શનમાત્રથી સર્વ મનુષ્યો પવિત્ર થાય છે,
તેનાથી બ્રહ્મચર્ય વ્રત સ્થિર થાય છે.

## જૈન, વૈદિક અને બૌદ્ધ ધર્મોમાં મંત્રોપાસના

આર્ય સંસ્કૃતિ એ...
જૈન, વૈદિક અને બૌદ્ધ ધર્મોના ત્રિવેણી સંગમરૂપ છે.
અહીં ધર્મોનું ધ્યેય આત્મમુક્તિ છે.
વ્રત - તપ - નિયમ - ન્યાય - નીતિનું પાલન વગેરે
તેના સાધનો અહીંયાં અગ્રસ્થાન જ છે.
ત્રણે ધર્મોમાં મંત્રોપાસનાને આગવું સ્થાન છે અને
તેના વિધિ - વિધાન પણ લગભગ સમાન છે.

પ્રતિમામાં પ્રિયતમને અને
મંત્રાક્ષરમાં પ્રેમપાત્રને જોતાં શીખવું જોઈએ.

ક્રિયાસિદ્ધિઃ સત્ત્વે વસતિ મહતાં નોપકરણે ।
મોટા પુરુષોનાં કાર્યની સિદ્ધિ ઉપકરણ આદિ
બાહ્ય સાધન - સંયોગો ઉપર નહિ, કિન્તુ
તેમનામાં રહેલાં સત્ત્વ - બળ - પરાક્રમ પર અવલંબેલી છે.

અહંને ઓગાળીને પાણીની જેમ વિનમ્ર બની રહેવું -
એ સાચા સાધકનું એક વિશિષ્ટ લક્ષણ છે.

છ આંતરશત્રુઓ : કામ - ક્રોધ - લોભ - મોહ - મદ - મત્સર.
છ ઊર્મિઓ : ક્ષુધા - તૃષા - શોક - મોહ - જરા - મૃત્યુ.
છ દ્વન્દ્વો : શીત - ઉષ્ણ - સુખ - દુઃખ - હર્ષ - વિષાદ.

## મંત્ર એટલે શબ્દની ગર્ભિત શક્તિ

મંત્ર એટલે સંકલ્પ - મંત્રણા.

મંત્રસિદ્ધિ એટલે સંકલ્પસિદ્ધિ.

મંત્ર મનનો નિયંતા છે, તેનો જાપ મનનું નિયંત્રણ કરે છે.

મંત્ર એ મનને ઊર્ધ્વરેતસ્ બનાવે છે.

મંત્ર એ માનવીને માનવંતો બનાવે છે.

શબ્દમાં રહેલી ગર્ભિત શક્તિ તે મંત્ર છે.

પ્રબળ ઇચ્છાશક્તિ અને વિશાળ કલ્પના વડે
તે ગર્ભિત શક્તિને ગતિમાન કરાય છે.

ગુરુમંત્ર દેવતાત્મ મનઃ પવનાનામૈક્ય-
નિષ્કલનાદન્તરાત્મસંવિત્તિઃ ।

આ રીતે મંત્રસિદ્ધિનો એક ઉપાય
મંત્ર, મન અને પ્રાણને એક કરવાં તે છે.
તે વિના કોટિકલ્પે પણ મંત્રસિદ્ધિ થતી નથી.
એ ત્રણની એકતા થવાથી મંત્રચૈતન્ય પ્રગટ થાય તથા
મંત્ર અને મંત્રસાધક વચ્ચેના ભેદનો વિલય થાય છે.

| | | |
|---|---|---|
| ૯ | ૨ | ૬ |
| ૫ | ૧ | ૩ |
| ૮ | ૪ | ૭ |

કરાવર્ત જાપ

હસ્તાવર્ત જાપ

| | | | |
|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૬ |
| ૨ | ૧૧ | ૧૨ | ૭ |
| ૧ | ૧૦ | ૯ | ૮ |

'મંત્રોપચાર'માં કહ્યું છે કે:

મંત્રોમાં ઉત્કૃષ્ટ વિચારોનું જે જ્ઞાન હોય છે,
તે પોતાનો જપ કરનારની રક્ષા કરે છે,
એકાગ્રતાથી મંત્રના અર્થ ઉપર વિચાર કરતાં
જપ કરનારના સમસ્ત મનોરથો પૂર્ણ થાય છે અને
ઇષ્ટદેવ દર્શન આપે છે. તુલસીદાસજી પણ કહે છે કે:
પરમાત્માનું નામ લેતાં દસે દિશામાં મંગળ પ્રવર્તે છે.
અંતરાત્મ સંવિત્તિ એટલે અંતરાત્મભાવનું સંવેદન.
અંતરાત્મભાવનું સંવેદન અર્થાત્ મંત્રચૈતન્યની જાગૃતિ.
મંત્રચૈતન્યની જાગૃતિ ગુરુદત્ત મંત્રના વાચ્યદેવતાનું
મન-વચન-કર્મ વડે સતત સ્મરણ કરવાથી થાય છે.
મહર્ષિઓની વાણીનો પ્રત્યેક શબ્દ
મંત્રજ્ઞાનરૂપ હોય છે, તેમાં પાપનાશ અને
મંગળકારકતાની અગાધ શક્તિ રહેલી હોય છે.
મંત્રજપની બે અનિવાર્ય શરતો: શ્રદ્ધા - મનઃશુદ્ધિ.
શ્રદ્ધા અને શુદ્ધિપૂર્વક મંત્રનું સ્મરણ મહામંગળકારી
અને સર્વતોમુખી ઉન્નતિ કરનારું છે. અંત સમયે
મંત્રસ્મરણથી મતિ સુધરે છે, લેશ્યા, વિશુદ્ધ થાય છે
અને પરિણામે સદ્ગતિ સાંપડે છે.

# મંત્રચૈતન્યનું પ્રાગટ્ય

અર્થ એટલે મંત્રવાચ્ય દેવતા અને
ભાવના એટલે તે સંબંધી અભેદ ચિન્તન.
શ્રદ્ધા - જ્ઞાન - ક્રિયાની ત્રિપુટીથી જ મંત્રસિદ્ધિ થાય.
શબ્દાર્થ, ભાવાર્થ, સંપ્રદાયાર્થ, નિગર્ભાર્થ -
તાત્ત્વિક અર્થાત્ ગૂઢ અર્થ તે નિગર્ભાર્થ છે.
મીમાંસા મત મુજબ જે વેદવાક્ય દ્વારા કોઈપણ
કર્મ કરવાની પ્રેરણા પ્રાપ્ત થાય, તે મંત્ર પદવાક્ય છે.
મંત્રના અક્ષરોમાં દેવતાનો વાસ છે અર્થાત્
મંત્રના અક્ષરો એ જ મંત્રના દેવતાનું શરીર છે.
મંત્રદેવતાના સ્વરૂપચિન્તનને 'મંત્રાર્થ' કહેવાય છે.
તેની પ્રાપ્તિ પછી મંત્રચૈતન્ય માટે પ્રયાસ કરવો જોઈએ.
મંત્રનો વર્ણભાવ - અક્ષરભાવ દૂર થયા પછી જ તે
શક્તિરૂપે - દેવતારૂપે રહે છે અર્થાત્
શક્તિનું શિવ સાથે-પરમતત્ત્વ સાથે અનુસંધાન થાય છે.
આ રીતે શક્તિનું શિવ સાથે સમન્વિત થવું,
તે મંત્રચૈતન્યનું પ્રાગટ્ય છે.
મુદશ્રુ પરિપૂર્ણ લોચન અને રોમાંચાંચિત વપુ -
એ મંત્રચૈતન્ય પ્રગટ થયાના બાહ્ય ચિહ્નો છે.

## પંચપરમેષ્ઠિની અપ્રતિમ શક્તિ

ધર્મમાં જેઓનું મન છે અર્થાત્ ધર્મપાલનમાં જેઓ પોતાના મન - વચન - કાયાના યોગોને વાપરે છે, સર્વ શક્તિઓમાં અહિંસા - સંયમ - તપની શક્તિ શ્રેષ્ઠ ચઢે છે. એકેક પરમેષ્ઠિની શક્તિ પણ અચિન્ત્ય છે, ત્યારે પાંચેનો સમવાય થતાં શક્તિનું પ્રમાણ કેટલું વધી જાય?

आकृष्टिं सुरसम्पदां विदधति मुक्तिश्रियो वश्यता-
मुच्चाटं विपदां चतुर्गतिभुवां(भुवां) विद्वेषमात्मैनसाम् ।
स्तम्भं दुर्गमनं प्रति प्रयततां मोहस्य संमोहनं
पायात् पञ्चनमस्क्रियाऽक्षरमयी साऽऽराधना देवता ॥१॥

નવકારમાં 'નમો' પદ પાંચ વાર છે, તે સૂચવે છે કે:
'નમો' પદ વિનયનું પ્રતીક છે, શોધનનું કારણ છે અને શાંતિ - તુષ્ટિ - પુષ્ટિને કરનારું છે.

સકલીકરણ = અંગુલિ મુદ્રા અથવા મંત્રકળા સહિત કરવું.
સકલીકરણને 'આત્મરક્ષા વિધાન' પણ કહે છે.
જપ એક પ્રકારનું auto suggestion - આત્મસૂચન છે.
માનવમન ઉપર સૂચનની જબ્બર અસર થાય છે.

માળા તો કર મેં ફિરે, જીભ ફિરે મુખમાંહિ;
મનવા તો ચિહું દિશિ ફિરે, યે તો સુમરિન નાંહી...(૧)

## નમસ્કાર મહામંત્ર એ મહોપકારી કઈ રીતે ?

તે મહાશત્રુરૂપ મિથ્યાત્વમોહનો નાશ કરે છે તથા પરમ
બાંધવરૂપ સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ કરાવી આપે છે,
જે બીજા વસ્તુથી શક્ય નથી, તેથી તે મહોપકારી છે.
તે દુર્ગતિરૂપી જેલ કાપી આપે છે અને સદ્ગતિરૂપ
મહેલ મેળવી આપે છે, તેથી પણ પરમોપકારક છે.
'ચમત્કારથી નમસ્કાર' એ લૌકિક કહેવત છે પણ
'નમસ્કારથી ચમત્કાર' એ લોકોત્તર સત્ય છે.

નમસ્કાર એ સાધના છે.

સાધના વિના સિદ્ધિ મળતી હોય તો ૪ ગતિ હોત નહિ,
કેમકે બધી સાધના કરતાં દેખાતાં નથી.
સિદ્ધિગતિ એ સાધનાનું ફળ છે.
ઔષધના જ્ઞાનમાત્રથી રોગી નિરોગી થતો નથી.
ક્રિયા એ હાથ-પગ છે, જ્ઞાન એ માથું છે,
માથું મોટું હોય અને હાથ પગ દુબળા હોય,
તો કંઈ કાર્ય થઈ શકે નહિ.
બન્નેનું અમલમાં મૂકાય તો જ કાર્યસિદ્ધિ થાય.

અશોકવૃક્ષની નીચે
નમસ્કાર મંત્રનો જાપ તત્કાલ ફળે છે.

નવપદનું ધ્યાન:    ॐ    Nakoda, 28-4-68

નવપદોના ધ્યાનથી પાંચ વિષયો અને ચાર કષાયોના પ્રતિપક્ષ ભાવના થાય છે, કેમકે નવપદો ૫ વિષયો અને ૪ કષાયોરહિત છે, તેથી તેમનું ધ્યાન વિષયોના વૈરાગ્ય અને કષાયોના ત્યાગનું પ્રબળ સાધન બને છે.
૪ કષાયો - ૫ વિષયો સંસાર હોવાથી અસાર છે.

Imp  પાંચ પરમેષ્ઠિ અને ચાર પદો એ વિષય અને કષાયના પ્રતિપક્ષ હોવાથી તથા તેને બતાવનાર હોવાથી આ અસાર સંસારમાં પરમ સાર છે.

નવપદોના ધ્યાનની વૃદ્ધિ થવાથી નવમે ભવે જીવને મુક્તિ અને તેના સુખનો લાભ થાય છે.
પાંચ વિષયોનું ધ્યાન પાંચ અવ્રતોને ઉત્તેજે છે, ચાર કષાયોનું ધ્યાન દર્શનજ્ઞાનાદિ ચાર ગુણોનો નાશ કરે છે.
પાંચ અવ્રતો એ બાહ્ય જીવોમાં રહેલા જીવત્વનો અનાદર અને ચાર કષાયો પોતામાં રહેલા જ્ઞાનાદિ ગુણોનો અપરાધ છે. વિષયોની આસક્તિ એ જડ પ્રત્યેનું આત્મબુદ્ધિ હોવાથી આત્મામાં રહેલી આત્માની ઉપેક્ષા છે.

કષાયોની પ્રવૃત્તિ એ જીવમાં રહેલ જ્ઞાનાદિ ગુણોનો વિપરીત ઉપયોગ છે.

ક્રોધકષાયથી દર્શનગુણ રોકાય છે,
માનકષાયથી જ્ઞાનગુણ - માયાકષાયથી ચારિત્રગુણ તથા
લોભકષાયથી તપગુણ રોકાય છે, ઉપરાંત
ઉપયોગ અને વીર્ય અશુદ્ધ થાય છે.
ચાર કષાયને જીતવાથી ચાર ગુણ પ્રગટે છે તથા
વીર્ય અને ઉપયોગગુણ શુદ્ધ બને છે.
પાંચ વિષયો જીતવાથી પાંચ પરમેષ્ઠિનું ધ્યાન અને
તેમાં એકાગ્રતા બને છે, જડતત્ત્વ પ્રત્યે ઉપેક્ષા-
ચેતનતત્ત્વની અપેક્ષા જાગે છે તથા ચેતનમાં રહેલ
ચેતનાની મનોહરતા અને સુંદરતા અનુભવાય છે તથા
જડમાં રહેલી બીભત્સતા અને અનાત્મીયતા સમજાય છે.
ચાર કષાયનો વિજય ચાર ગુણોને પ્રગટાવે છે તથા
પાંચ વિષયનો વિજય એ પાંચ ઇંદ્રિય, પાંચ મહાવ્રત,
પાંચ સમિતિ, પાંચ આચારાદિ આત્મગુણોને વિકસાવે છે.

વિષય - Sensuality - Sexuality.

કષાય - Selfishness.

પ્રમાદ - Sluggishness of Soul.

દ્રવ્યાનુયોગ - ગણિતાનુયોગ = Science.

ચરણકરણાનુયોગ - કથાનુયોગ = Religion.

## નવપદ અને સમાપત્તિ

નવપદના ધ્યાનથી પાંચ વિષયો અને
ચાર કષાયો કાબુમાં આવે છે.

સમાપત્તિ is a process of turning of the human intelligence to a higher degree of sublime consciousness.
It is a dynamic spiritual activity of total self.
Do and get.
The only master key is practice.

સમાપત્તિની સાધના વ્યક્તિને સમષ્ટિમાં
અને વિશિષ્ટને સામાન્યમાં પલટાવવાની ક્રિયા છે.

From personal to universal, from particular to immense. It brings the renunciation of individuality, destroy self consciousness & spiritual egotism. અમૃતક્રિયા is no matter of criticism & doubt but a matter of wonder, bliss and love.

## નવકાર અને નવપદ

આ દુનિયા એ માત્ર જડ પદાર્થોનું સંગ્રહસ્થાન નથી,
પરન્તુ અહીં સંત પુરુષોની કરુણાનો અસ્ખલિત પ્રવાહ
પણ વહી રહ્યો છે, તેમાં જેઓ ભાવથી ઓતપ્રોત
થાય, ત્યારે તે ભાવ અલ્પકાળમાં જ સાકાર બને છે.
પરહિત કાજે મન-વચન-કાયાનો જે સદુપયોગ થાય,
તે સંતોની મહાકરુણાના પ્રત્યુપકારનો એક લેશ છે,
કૃતજ્ઞતાગુણના પાલનનું એક પ્રતીક છે.

આત્મૌપમ્ય, પરમાત્મૌપમ્ય અને સર્વાત્મૌપમ્ય -
જ્યારે સમ્મીલિત થાય છે, ત્યારે
તેમાંથી એક મહાસમાધિ ઉત્પન્ન થાય છે,
તેનું જ નામ નવપદ અને નવકાર છે.

નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિનો અનુભવ જેને કરવો હોય,
તેને નવકાર અને નવપદો
પરમ આલંબન પૂરું પાડે છે.

o धम्मो ताणं धम्मो सरणं धम्मो गई पईट्ठा य ।
धम्मेण सुचरिएण य गम्मइ अजरामरं ठाणं ॥१॥
सिरि धवला अरिहंता रत्ता सिद्धा य सूरिणो कणया ।
मरगया उवज्झाया सामा साहू सुहं दिन्तु ॥१॥

(परिशिष्ट-३)

## નવપદના નવે પદો વિષે

'સિરિ સિરિવાલ કહા'માં કહ્યું છે કે:

जे केई संकप्प-विकप्प-विवज्जिया हुंति निम्मलप्पाणो।
ते चेव नवपयाइं नवसु पएसुं ते चेव ॥१॥ અર્થાત્:

જે કોઈ સંકલ્પ-વિકલ્પરહિત નિર્મળ આત્માઓ છે,
તેઓ જ નવપદના નવે પદોમાં છે.

નવપદોનું આરાધન નિરવદ્ય અને
આ લોક-પરલોકના સુખનું નિદાન છે, તેમાં કારણતા
જિનોપદિષ્ટતાની છે. જિનોપદિષ્ટ હોવાથી તે નિરવદ્ય છે
- ઉભયલોક હિતકારી છે. રાગાદિરહિત જિનવચન
અવિસંવાદિ, સફલારંભી અને સ્વપરહિતકારી હોય છે.

અક્ષરના અનંતમા ભાગની પણ કદર છે.
પ્રભુમાં વિનયગુણનો ઉત્કર્ષ, કૃતજ્ઞતાગુણનો પ્રકર્ષ છે.
પ્રભુનું નામમાત્ર લેવાથી તે પાપનાશ કરે છે,
પ્રભુની પૂજા કરવાથી સદ્ગતિ આપે છે તથા પ્રભુનું
ધ્યાન કરવાથી મોક્ષ-આત્માનું શુદ્ધ સ્વરૂપ આપે છે.
જગશક્તિ અહંકારની છે, ઈશશક્તિ નિરહંકારની છે.
અહંકારી જગશક્તિને જુએ છે, જ્યારે
નિરહંકારી જ ઈશશક્તિને જોઈ શકે છે.

નવપદ એટલે તત્ત્વ તથા તીર્થ. 'નમો તિત્થસ્સ |'
સિદ્ધ એ તત્ત્વ - દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ એ તીર્થ છે.
અરિહંતથી દર્શન મળે છે, આચાર્યથી ચારિત્ર મળે છે,
ઉપાધ્યાયથી જ્ઞાન અને સાધુ મહાત્માથી તપ મળે છે,
તેથી નવે પદો મળીને તત્ત્વ અને તીર્થ બને છે.

જીવનું ઉપયોગ લક્ષણ છે, તે તત્ત્વ છે અને
જીવોનો પરસ્પરોપગ્રહ સ્વભાવ છે, તે તીર્થ છે.

નિર્ગુણો નિષ્ક્રિયો નિત્યો નિર્વિકલ્પો નિરંજન |
નિર્વિકારો નિરાકારો નિત્યમુક્તોઽસ્મિ નિર્મલઃ ||૧||

અર્થાત્ : હું (૧) નિર્ગુણ (૨) નિષ્ક્રિય (૩) નિત્ય
(૪) નિર્વિકલ્પ (૫) નિરંજન (૬) નિર્વિકાર
(૭) નિરાકાર (૮) નિત્યમુક્ત (૯) નિર્મળ છું.

o ચૈત્ર મહિનાની નવપદજીની ઓળી,
વસંત - ગ્રીષ્મનો સંક્રાંતિકાળ, શુક્લપક્ષના શ્રેષ્ઠ દિવસો,
ભગવાન મહાવીરનું જન્મકલ્યાણક,
આયંબિલના તપપૂર્વક નવપદોનું સ્મરણ-મનન-ધ્યાન,
તીર્થભૂમિ, આરાધક આત્માઓ,
અષ્ટમી-ચતુર્દશી ચારિત્રતિથિ, પૂર્ણિમા-પાંચ ક્રોડની મુક્તિ
વગેરે અનેક પ્રકારનું માહાત્મ્ય ધરાવે છે.

નવકારના જાપથી કષાયવૃત્તિ જાય છે, કેમકે
તેમાં સર્વ આત્માઓમાં રહેલી સમાનતાનું
તિર્યક્‌સામાન્યથી ધ્યાન થાય છે.
નવકારજાપથી વિષયવૃત્તિ શમે છે, કેમકે તેમાં સર્વશ્રેષ્ઠ
વિષયશુદ્ધ આત્માઓનું ઉર્ધ્વતાસામાન્યથી ધ્યાન થાય છે.
'આત્મા સર્વ સમાન છે' એ ભાવના કષાયની વિરોધી છે.
ભેદબુદ્ધિથી કષાય થાય, તે અભેદબુદ્ધિથી જાય છે.
પરદ્રવ્યદૃષ્ટિથી વિષયવૃત્તિ જાગે, તે દ્રવ્યદૃષ્ટિથી જાય છે.
એ રીતે ઉભયથા આત્મતત્ત્વનું ધ્યાન
વિષયવૃત્તિ અને કષાયવૃત્તિને નિવારે છે.
મનુષ્યોના મન - પ્રાણ - શરીર ઉપર
રંગોના ધ્યાનની ખૂબ ઊંડી અસર થાય છે.
જ્ઞાનાતિશયના ધ્યાનથી જ્ઞાન વધે છે,
વચનાતિશયના ધ્યાનથી વાણીમાં વિશદતા વધે છે,
પૂજાતિશયના ધ્યાનથી પૂજા વધે છે અને
અપાયાપગમાતિશયના ધ્યાનથી અપાય ટળે છે.
મંત્રની સાથે સાધકનો અભેદ તે મંત્રાર્થની પ્રાપ્તિ છે.
મંત્ર જ્યારે ચૈતન્યના પ્રવાહમાં ભળે, ત્યારે
મંત્રચૈતન્ય પ્રગટ્યું ગણાય છે.

## નવ લાખ અથવા ક્રોડ નવકાર જાપની સમયાવધિ

નવકારમંત્રનો રોજ ૧૦૮નો જાપ કરનારને
૨૫ વર્ષમાં નવ લાખ મંત્રનો જાપ પૂરો થાય છે,
રોજ ૫૦૦નો જાપ કરનારને ૫ વર્ષમાં નવ લાખ મંત્ર,
રોજ ૧૦૦૦ ગણનારને ૨॥ વર્ષમાં નવ લાખ મંત્ર અને
રોજ ૫૦૦૦ ગણનારને ૬ માસમાં ૯ લાખ પૂરા થાય છે
અને પાંચ વર્ષમાં તો ૧ ક્રોડ નવકાર પૂરા થાય છે.
આ રીતિએ મંત્રચૈતન્ય પ્રગટે, ત્યારે સાધક પોતે
મંત્રમય - અક્ષર - પદ - શબ્દસ્વરૂપ બની જાય છે.
મંત્ર = અધ્યાત્મના શિખર ઉપર પહોંચવાની લાકડી.
ટોચ ઉપર પહોંચ્યા પછી લાકડીની જરૂર નહિ.
મંત્ર શબ્દ - મન - પ્રાણ સાથે ગાઢ સંબંધ ધરાવે છે.
મન અને પ્રાણ વચ્ચે અવિનાભાવ સંબંધ છે.
આત્મસાક્ષાત્કાર = કૈવલ્ય = નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ.
વશિષ્ઠ ઋષિએ રામને ઉપદેશ આપતાં કહેલું કે:

० चित्तं कारणमर्थानां तस्मिन् सति जगत्त्रयम् ।
तस्मिन् क्षीणे जगत् क्षीणं तत् चिकित्स्यं प्रयत्नतः ॥१॥

० एक एव मनो देवः ज्ञेयः सर्वार्थसिद्धिदः ।
अन्यत्र विफलः क्लेशः सर्वेषां तज्जयं विना ॥

(પરિશિષ્ટ-૪)

નમસ્કાર મંત્ર એક અમૂલ્ય - બહુમૂલ્ય સાધન છે,
આત્મસાક્ષાત્કાર કરવા માટે મનને તૈયાર કરવા માટે.
સંસારનાટકમાં આત્મા પોતાને અભિનેતા માને છે,
તે જ દુઃખનું મૂળ છે. આત્મા અભિનેતા નહિ પણ
કેવળ સાક્ષી કે પ્રેક્ષક જ છે. એના સ્વાભાવિક શુદ્ધ
સ્વરૂપમાં તે દિવ્ય જ્યોતિર્મય છે. અભિનેતા નહિ પણ
પ્રેક્ષક માનવાની આ ભાવનાનું નામ જ 'વૈરાગ્ય' છે.

માનવીનું સાચું જ્ઞાન આંતરિક છે, પરન્તુ
અજ્ઞાનને કારણે તે બાહ્ય જ્ઞાનને સાચું માને છે.

જ્ઞાન મનોમય છે, તેથી
વિવેકીએ બહિર્મુખ મટી અંતર્મુખ બનવું જોઈએ.
અંતર્મુખ બનવા માટે અર્થાત્
વિવેક - વૈરાગ્ય - એકાગ્રતા કેળવવા માટે મંત્ર અમોઘ
સાધન છે. મંત્રનું પ્રધાન કાર્ય મનનું રક્ષણ કરવાનું છે.
અભિક્રમનાશ + પ્રત્યવાય માનવજીવનનાં જરૂરી અંગ છે.

'ૐ' મંત્રથી આત્મલાભ પામી શકાય છે તથા
'ઐં' મંત્રથી સરસ્વતીનો પ્રસાદ પામી શકાય છે.
મનુષ્યનું શરીર પાર્થિવ છે પણ મન દૈવી છે,
આત્મદેવ તરફ તે વળવું જોઈએ.

## મૂર્તિપૂજા તથા મંત્રપૂજા (ઉપાસના)

બાળકને જ્ઞાન કરાવવા માટે પ્રથમ કાષ્ઠ કે માટીના ગાય, ઘોડા, હાથી, મોર, ચકલા આદિ બતાવવામાં આવે, પછી મોટી વય થતાં તે બાળક પશુ-પક્ષીને ઓળખી કાઢે છે, તેમ મૂર્તિપૂજા પગથિયાં રૂપ છે.

મૂર્તિની પૂજા - ઉપાસના કરતાં કરતાં ઉચ્ચ પ્રકારનું જ્ઞાન થાય છે અને અંતે સાધક તે તે મંત્રના ઈષ્ટ - દેવનો સાક્ષાત્કાર કરી શકે છે.

ગૃહે શતગુણં વિદ્યાદ્ ગોષ્ઠે લક્ષગુણં ભવેત્ ।
કોટિર્દેવાલયે પુણ્યમનન્તં શિવસન્નિધૌ ॥ (परिशिष्ट-५)

### જપનો ત્યાગ ક્યારે કરવો ?

ચિત્તની વિપરીત ગતિ થવા લાગે, ત્યારે જપનો ત્યાગ કરવો. વ્યાકુળ ચિત્ત વખતે જપનો ત્યાગ કરવાથી ચિત્તને વિશ્રાંતિ મળે અને પુનઃ જપમાં સારી પ્રવૃત્તિ થાય છે.

જપ યથાર્થ ક્યારે ગણાય, જ્યારે તે અક્ષરશુદ્ધિ, ઉચ્ચારશુદ્ધિ, ક્રિયાશુદ્ધિ, ભાવશુદ્ધિપૂર્વક થયેલો હોય.

ભાવ = ઉલ્લાસ - મનઃશુદ્ધિ, વૈરાગ્ય - સત્સંગાદિથી ઉપજે.

મૂર્છા = સકલ, શકલ = ટુકડો.

સકૃત = એકવાર, શકૃત = છાણ - વિષ્ટા.

## 'નમઃ' પદ સૂચવે છે...

નિરભિમાનિતા, કર્તવ્યપરાયણતા તથા સુસાધુજનાનુરાગિતા.

નમનીયને અ-નમન સૂચવે છે...

અભિમાનિતા, કર્તવ્યભ્રષ્ટતા અને સાધુજનદ્વેષિતા.

નમસ્કારભાવ તે ભાવનારૂપ છે અને
ભાવના તે અનુરાગવિશિષ્ટરૂપ છે.

નમસ્કારભાવ કેવળ સંસ્કાર અથવા વ્યાપારરૂપ નથી, કિન્તુ તે અનુરાગ અને ભક્તિરૂપ છે. નમસ્કારથી માનકષાયનો નાશ, અંત, અવસાન યા સમાપ્તિ થાય છે. માનકષાય જવાથી આત્મભાવનામાં પ્રતિબંધક તત્ત્વ એવો અવિનય ટકતો નથી અને વિનયગુણ આવિર્ભાવ પામે છે.

વિનય વડે વિદ્યા, વિવેક, વિરતિ અને
પરંપરાએ યોગનિરોધ અને મુક્તિનો લાભ થાય છે.

વિનય તે પૂજ્યાદિને વિષે વંદનરૂપ છે ઉપરાંત
બહુમાન તથા નમસ્કાર આદિ રૂપ છે.

વિવેક તે ભેદપરિજ્ઞાનરૂપ છે, તેથી
સદ્-અસદ્નું વિવેચન થાય છે તથા
વિરતિ એટલે વૈરાગ્યપૂર્વક
સદ્નો સ્વીકાર અને અસદ્નો પરિહાર થાય છે.

## <u>નવકારના પ્રથમ પદનું ધ્યાન</u>      18-5-68

(૧) સ્વરૂપ : અહીં પદ, એક આલાપક, સાત અક્ષર, સ્વતઃ શબ્દના, પ્રથમ અધ્યયન.

(૨) અર્થ : અભિધેય, નૈપાતિક પદ, દ્રવ્ય - ભાવસંકોચ, અરિહંત, અરહંત, અરૂહંતોને દ્રવ્યનમસ્કાર.

દ્રવ્યનમસ્કાર એટલે...

(a) મસ્તક નમાવવું, હાથ જોડવા વગેરે.

(b) વંદન, પૂજન, સત્કાર, સન્માન વગેરે.

(c) સગુણસ્વરૂપની ઉપાસના.

(d) ચાર નિક્ષેપ વડે સર્વ ક્ષેત્ર તથા કાળના અરિહંતોનું બુદ્ધિમાં જે વિચારાત્મક રૂપ પકડાય, તેની ઉપાસના.

(1) પણિવયાણિ = કાયિક નમસ્કાર.
(2) થોસાણિ = વાચિક નમસ્કાર.
(3) નમો = માનસિક નમસ્કાર.
(4) કિત્તણં = સ્મરણ નમસ્કાર.
(5) નમંસણાઇં = દ્રવ્યસમર્પણ નમસ્કાર.
(6) સરણં = આત્મસમર્પણ નમસ્કાર.
(7) ઠવણાઓ = વિનય નમસ્કાર.
(8) પણામાણિ = આધ્યાત્મિક નમસ્કાર.

## ભાવનમસ્કાર એટલે...

(૧) મનની વિશુદ્ધિ (૨) ચારિત્રનું અનુષ્ઠાન
(૩) ઘોર નહિ, ઉગ્ર તપનું આચરણ (૪) જિનાજ્ઞાપાલન
(૫) નિર્ગુણપણાની ઉપાસના
(૬) અરિહંતોનું પ્રતિષ્ઠાન, મોક્ષલક્ષ્મીનું અધિષ્ઠાન,
ત્રણે લોકમાં અદ્વિતીય સામર્થ્યવાન એવા
અરિહંતનું પ્રણિધાન, ગુરુના સંસર્ગ આરોપથી સંભેદ
અને ગુરુના અભેદારોપથી અભેદપ્રણિધાન.
(૭) <u>તાત્પર્ય</u> : (a) અનંતાગમ પર્યાય અર્થનું પ્રસાધક
(b) સર્વ મહામંત્ર અને પ્રવર વિદ્યાઓનું પરમ બીજ
(c) યથાર્થ ક્રિયાનુગત સદ્ભૂત ગુણોના ઉત્કીર્તનરૂપ
(d) યથેચ્છ ફલપ્રસાધક પરમ સ્તુતિવાદ રૂપ.
(૮) <u>નમસ્કારના પ્રથમપદનું તત્ત્વ</u>: 'દેવો ભૂત્વા દેવં યજેત્ ।'
એ નિયમ મુજબ અભેદ પ્રણિધાન.
પરમાર્થથી સોઽહં સ્વરૂપ ધ્યાન, ધ્યેયાવેશ, વૃત્તિ-મનના
મનથી મુક્તાવસ્થામાં થતું ઈશત્વનું અભેદાત્મક ધ્યાન.
શબ્દાર્થ એ સ્વરૂપ છે, વાક્યાર્થ એ અર્થ છે,
મહાવાક્યાર્થ એ ભાવાર્થ - સંપ્રદાયાર્થ છે તથા
ઐદંપર્યાર્થ એ તાત્પર્યાર્થ - તાત્ત્વિક અર્થ છે.

વ્યવહારનયનો મંત્ર 'દાસોઽહં ।' છે.

નિશ્ચયનયનો મંત્ર 'સોઽહં ।' છે.

સ્યાદ્વાદનો મંત્ર 'ૐ અસિઆઉસા નમઃ ।' છે.

ઉપયોગ લક્ષણ તત્ત્વ છે, ઉપગ્રહ લક્ષણ એ તીર્થ છે.

ઊર્ધ્વતાસામાન્ય એ ઉપયોગ છે - તત્ત્વ છે.

તિર્યક્સામાન્ય એ ઉપગ્રહ છે - તીર્થ છે.

શરીર - મનનો રોગ મંત્રજાપથી મટે.

મનની નિર્વિચાર અવસ્થામાં
અદ્ભુત શાંતિ તથા આનંદ હોય છે, માટે મંત્ર દ્વારા
મનને નિર્વિચાર કરવાનો અભ્યાસ નિરંતર કરવો.

શરીરનો રોગ ઔષધોપચારથી મટે,
મનનો રોગ સત્સંગ, ભક્તિ અને ધર્મવિચારણાથી મટે છે.

મનનો સ્વભાવ પોતાની સમજ, પોતાના વિચાર અને
તેના માટેની પોતાની કાળજીથી સુધરે છે.

જગતમાં જૂદી જૂદી વસ્તુઓ તથા તેના જૂદા જૂદા ગુણો છે.
તેમાંથી તેની જરૂર આપણને હોય તે લઈએ છીએ,
તે રીતે જગતમાં જીવતાં પ્રાણીના અમુક સ્વભાવ છે,
ગમતો સ્વભાવ લઈ અણગમતો સ્વભાવ જતો કરવો.
'સૌ પોતાને ગમતો સ્વભાવ રાખે છે' તેમ વિચારવું.

Energy is indestructible.
energy = ચૈતન્ય, તેને પરમ શક્તિમાં મેળવી દેવા.
I am immortal.
I am એ કાયમ રહેનારી મહાસત્તા છે.
હું સત્તારૂપે છું, આત્મારૂપે છું.
અપ્રકૃતિ આવરણ છે, અંદર તો પ્રકૃતિ જ છે.
અપ્રકૃતિને પ્રકૃતિ કરવા માટે પ્રકૃતિ પાસે જવાનું છે.
ૐરૂપી પ્રકૃતિને શોધી પ્રકૃતિના સાંનિધ્યમાં રહેવાનું છે.

## ૐકારના જાપનું માહાત્મ્ય

નિત્ય ૧૨૦૦૦ સંખ્યા પ્રમાણ
ૐકારનો જાપ કરવાથી પાપનો છેદ અને
પરબ્રહ્મનો પ્રકાશ પ્રાપ્ત થાય છે.

पद्मासनं समारुह्य समकाय-शिरोधरः ।
नासाग्रदृष्टिरेकान्ते जपेदोंकारमव्ययम् ॥१॥
दसनुद्वादशसाहस्रं प्रणवं जपतेऽन्वहम् ।
तस्य द्वादशभिर्मासैः परं ब्रह्म प्रकाशते ॥२॥
सर्वेषामेव पापानां संघाते समुपस्थिते ।
तारं द्वादशसाहस्रमभ्यसेच्छेदनं हिं तत् ॥३॥

(પરિશિષ્ટ-૬)

ઓંકાર એ પુરુષ - સચ્ચિદાનંદ બ્રહ્મ છે અને
હ્રીંકાર એ પ્રકૃતિ - માયા બ્રહ્મ છે.

मंत्राणामान्तरार्थस्तु गुप्तो यस्य बाह्यार्थः
कंचुकवद्वतिष्ठते । तत्र आन्तरार्थ आन्तरंगिक
आध्यात्मिको वा परमार्थसत्योऽन्योऽर्थो बाह्यः
स्थूलश्च सामान्योपयोगायावस्थित इति ।

- सिद्धांजनभाष्यभूमिका

અર્થઘટન: મંત્રોનો આંતર અર્થ ગુપ્ત હોય છે, તેને જાણવા માટે બાહ્ય અર્થ ચાવા રૂપ હોય છે. આંતર અર્થ આંતરંગ અથવા તો આધ્યાત્મિક પરમાર્થ સત્ય હોય છે અને બાહ્ય અર્થ સ્થૂલ તેમ જ સામાન્ય ઉપયોગ માટે હોય છે. 'ગુરુ વિના જ્ઞાન નહિ અને જ્ઞાન વિના મોક્ષ નહિ' તે આંતર - આધ્યાત્મિક અર્થને ઉદ્દેશીને કહેવાયું છે.

સાચો સાધક સદ્ગુરુની શોધમાં હોય છે અને
સાચા ગુરુ યોગ્ય શિષ્યને શોધતાં હોય છે.

## મંત્રના ચાર અર્થનાં નામ

મંત્રના અર્થ ચાર અથવા સાત પ્રકારનાં હોય છે.

(૧) પ્રકટ અર્થ (૨) ગુપ્ત અર્થ - ગુપ્તતર અર્થ
(3) સંપ્રદાયાર્થ - કુલાર્થ (૪) રહસ્યાર્થ - નિગર્ભાર્થ.

'ॐ ह्रीं नमः ।' મંત્ર અને પાર્શ્વનાથ પ્રભુ

हकारः स्थूलदेहः स्यात् रकारः सूक्ष्मदेहकः ।
ईकारः कारणात्माऽसौ ह्रीँकारोऽहं तुरीयकम् ॥ અર્થાત્ :

હકાર સ્થૂળ દેહ છે, રકાર સૂક્ષ્મ દેહ છે, ઈકાર કારણ સ્વરૂપ છે - આ ત્રણેથી બનેલો હ્રીં તુરીય સ્વરૂપ છે.

હ = પાર્શ્વનાથ, ર = ધરણેન્દ્ર, ઈ = પદ્માવતી.

ચંદ્રકળા = નાગની ફેણ, બિંદુ અને નાદ = ફેણનો મણિ અર્થાત્ હ્રીંકાર તે ધરણેન્દ્ર-પદ્માવતી સહિત પાર્શ્વમંત્ર છે.

विद्वान् यः प्राक् प्रणवं नमोऽन्ते
मध्यैकबीजं ननु जञ्जपीति ।
तस्यैकवर्णा वितनोत्यवन्ध्या
कामाजुनी कामितमेव विद्या ॥१॥

આ શ્લોકમાં એકાક્ષરી વિદ્યાનું ફળ વર્ણવ્યું છે.

वर्णान्तः पार्श्वजिने कला फणा बिन्दुरत्र नागमहः ।
नागो र ई तु पद्मा तन्माऽर्हन् सुरिमेरुमयः ॥१॥

અર્થાત્ : વર્ણની અંતે રહેલો હ એ પાર્શ્વજિન છે, કળા એ નાગની ફેણ છે, બિંદુ નાગના મસ્તકનો મણિ છે, ર એ નાગ અને ઈ એ પદ્માવતીની વચ્ચે ઓંકારમાં અરિહંતની આકૃતિ છે, તેને 'સુરિમેરુ' જાણવો.

## પાર્શ્વનાથ ભગવાનના નામનો મહિમા

पासत्ति ताणं पासत्ति सरणं पासत्ति गई पईट्ठा य ।
पासेण सुचरिएणं य गम्मइ अजरामरं ठाणं ॥ (परिशिष्ट-७)

પાસ = પ્રાસ = છંદનો એક પ્રકાર.

જેમાં એક પ્રકારનો તાલબદ્ધ છંદ છે અર્થાત્
જેમાં કવિતારૂપ છે, તે 'પાસ' શબ્દ સૂચવે છે.

છંદ, પ્રાસ = *Harmony*.

'પાસ' શબ્દ એટલે પાસે - નિકટ.

નામની એમ દંત્ય - ઓષ્ઠ્ય - સમાન કંપનવાળા
'પા'નું ઉચ્ચારણ બા - બાપા - મામા એમ સરળ છે.
બાળક પણ તે સરળતાથી બોલી શકે.

'પા' ધાતુ પાન - પાલન - રક્ષણનું દ્યોતન કરે છે તથા
'સ' અક્ષર સહતે, સૂતે અર્થમાં સર્જન કરનારા અને
તીર્થને ઉત્પન્ન કરનારા, અર્થ દ્યોતન કરે છે.

પાસનું સંસ્કૃત પ્રાશ - અંકુશ, જાળ વગેરે થઈ શકે.
પ્રાશ, પ્રાસ, પ્લાશ વગેરેનું પ્રાકૃત પણ પાસ થઈ શકે.
'પાસ' શબ્દ પારસમણિના અર્થમાં ય વપરાય. અંગ્રેજીમાં
*Pass* પરવાનો, *to Pass* પાર થવાનો માર્ગ થઈ શકે.
પ્રાસનું પણ પ્રાકૃતરૂપ 'પાસ' છે, તેથી પ્રાસ-છંદ અનુભવાય.

Dt: 1-6-68

'વ્યાખ્યાન ટીકા'માં જણાવ્યા પ્રમાણે શ્રી શંખેશ્વર પાર્શ્વના
મંત્રનો સંક્ષિપ્ત સાર નીચે મુજબ છે:

'ૐ હ્રીં નમ: ।'

તેનો જાપ હંમેશા સ્વયં તીર્થંકર બને છે.
જે નામ લેવાથી પાપ જાય, પ્રણામ સ્વયં દુ:ખ જાય,
તે પાર્શ્વ પરમાત્મા છે, તેનો વાચક અક્ષર 'હ્રીં' છે.
'હ્રીં' એટલે... હરતિ પાપાનિ દુ:ખાનિ ચેતિ હ્રીં ।
કેટલાક કહે છે ધનહીન મનુષ્ય નકામો છે, તો
કેટલાક કહે છે ગુણહીન પુરૂષ નકામો છે.
સમસ્ત વેદ અને પુરાણોના વ્યાસ એમ કહે છે કે:
પ્રભુસ્મરણવિહીન મનુષ્ય જઘન્ય ને નિરૂપયોગી છે.
પાપીમાં પાપી પણ પ્રભુનું સ્મરણ કરનારો ધન્ય છે.
તે થોડા જ કાળમાં ધર્માત્મા બનીને શાશ્વત શાંતિનો
અધિકારી થાય છે. બધાનો નાશ થાય છે, પરંતુ
ભગવદ્ ભક્તનો કદી નાશ થતો નથી.

પાર્શ્વ = બે સ્તંભ વચ્ચે દરવાજાની કમાન -
રેફ એ અગ્નિબીજ છે, સૂર્યનો ઉદય છે.
આડધા રેફ એ ઇંદ્રનું વજ્ર છે, ધન્વંતરિનું ઔષધ છે.

वज्रं पापमहीभृतां भवगदोद्रेकस्य सिद्धौषधम्।
मिथ्याज्ञान-निशा-विशाल-तमसस्तिग्मांशु-बिंबोदयः।
स्फुर्जत् क्लेशमहीरुहामुरुतरज्वाला-जटालशिखी
द्वारं निर्वृतिसद्मनो विजयते पार्श्वेतिवर्णद्वयम् ॥१॥

- वस्तुपालकाव्ये

પાર્શ્વ એટલે... વજ્ર - પાપપર્વતોને તોડનારું,
સિદ્ધૌષધ - ભવરોગને નિવારનારું,
સૂર્યોદય - અજ્ઞાનાંધકારને ભેદનારું,
અગ્નિજ્વાળા - ક્લેશવૃક્ષોને બાળનારું,
કમાનાકારે દ્વાર - મોક્ષમહેલમાં પ્રવેશ કરાવનારું તત્ત્વ.

## હ્રીંકારના ધ્યાનથી મળે સિદ્ધિઓ

सालम्बाच्च निरालंबं निरालंबात् परात्परम्।
ध्यानं ध्यायन् विलीनाच्च साधकः सिद्धिमान् भवेत् ॥

પ્રથમ આકૃતિના આલંબનથી ધ્યાન કરવું. પછી આલંબન વિના માત્ર મનોવૃત્તિથી ધ્યાન ધરવું. પછી પરાવાણીને અનુલક્ષી નાભિકમળમાં ધ્યાન ધરવું. પછી ઉલટા ક્રમે ધ્યાન ધરવું. પરાત્પરથી નિરાલંબનમાં અને નિરાલંબનથી આલંબનમાં આવવું. આ રીતે હ્રીંકારનું ધ્યાન કરવાથી સાધકને સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

रेफः सान्तः शिरश्चन्द्रकलाग्रं नाद ई स्वरः ।

(૧) રેફ - રકાર (૨) સાન્ત - સની પાસે રહેલો હકાર

(૩) શિર - મથાળાની આડી લીટી

(૪) ચંદ્રકલા (૫) બિંદુ (૬) નાદ (૭) ઈ સ્વર.

શબ્દનું જે પ્રકારનું સંયોજન હોય, તે પ્રકારની આકૃતિ ઉત્પન્ન થાય અને તેમાં ભાવનું અનુસંધાન થાય છે, ત્યારે ધાર્યું કાર્ય સિદ્ધ થઈ શકે છે.

મંત્રસિદ્ધિની પાછળ આ રહસ્ય છે.

अवति रक्षति संसारसागरात् स ओं ।

અર્થાત્: સંસારસાગરથી જે રક્ષણ કરે, તે 'ૐ' છે.

अ = અધ્યાત્મ - અવિરત.

उ = ઉન્નતિ - ઉપાસના.

म = મુક્તિ - મનને જોડવું.

આધ્યાત્મિક ઉન્નતિ વડે જ મુક્તિની પ્રાપ્તિ અને અવિરત મનને ઉપાસનામાં જોડવાથી જ મોક્ષનો લાભ - એ ૐના ૩ વર્ણોમાંથી નીકળતો સંદેશ યા સંકેત છે.

ચંદ્રકલા એ નાદ, બિંદુ આદિનું પ્રતિનિધિત્વ ધરાવે છે.

ऊर्ध्वकुण्डमधः कुण्डं द्विधा व्यावृत्त कुण्डकम् ।

सर्ग-विसर्ग-सन्धीशं नौम्योंकार विनायकम् ॥१॥

(પરિશિષ્ટ-૮)

ગજાનન આકૃતિ ઓંકાર એટલે ૐ
તથા ૐકારની વિશ્વતોમુખ પ્રતિમા એટલે 

 સ્વસ્તિક એટલે Good ever reigns,
where evil has no power.

 Horizontal - તિર્યગ્ગામિત્વ outword.
Vertical - ઊર્ધ્વગામિત્વ upward.

સમષ્ટિ તત્ત્વ સદા શુભ છે.
પરદ્રવ્યની દ્રવ્યને છોડીને કોઈ સ્વતંત્ર શક્તિ નથી.

## નમસ્કાર અને ત્રણે યોગ

નમસ્કારનો વ્યાવહારિક અર્થ આસારૂચિ અને
પારમાર્થિક અર્થ આત્માનુભૂતિ છે.
'નમો' શબ્દ દાસત્વસૂચક છે અર્થાત્ કર્મયોગ.
'અરિહં' શબ્દ ભક્તત્વસૂચક છે અર્થાત્ ભક્તિયોગ.
'તાણં' શબ્દ આત્મત્વસૂચક છે અર્થાત્ જ્ઞાનયોગ.
ત્રણે મળીને પૂર્ણ મંત્ર બને છે.
પ્રથમ પદના ત્રણે આલાપકો
વ્યવહારનયથી દાસત્વ, નિશ્ચયનયથી ભક્તત્વ અને
યુગપદ્ ઉભયનયથી આત્મત્વને બતાવનાર છે.

દાસત્વભાવથી અરિહંત ભજ, ભગવત્ભાવથી અરિહંત પ્રગટે
અને આત્મભાવથી સ્વરૂપમાં સમતા આવે છે.
એકથી દુષ્કૃતગર્હા, બીજાથી સુકૃતાનુમોદન અને
ત્રીજાથી શરણાગમન સધાય છે.

આત્મસાક્ષાત્કાર = God consciousness.

પરમાત્માની કૃપાથી જ અંતે આત્મસાક્ષાત્કાર થાય પણ
તમારા પ્રયત્ન પરથી તમારી લાયકાતનું પરીક્ષણ થાય.

રોજ શીખ શિખવ

બાળ સાધકે અસ્વચ્છપણું ન કરવું જોઈએ.
Cleanliness is next to godliness.
આંતર-બાહ્ય સ્વચ્છતા એ પ્રભુતાની નજીક રહેલ છે.

અંતિમ શ્રમણભગવંત શ્રી દુપ્પસહસૂરિ સુધી શું શું રહેશે?

(૧) શ્રી ચતુર્વિધ જૈન સંઘ
(૨) તેના સંચાલક - આરાધક શ્રમણપ્રધાન સંઘ
(૩) પંચાચાર રૂપી ધર્મ (૪) સાત ક્ષેત્ર
(૫) દ્વાદશાંગી અને તેને અનુસરતા સુવિહિત વિરચિત શાસ્ત્રો, તેની રક્ષા, વૃદ્ધિ, પઠન, પાઠન, ઉપદેશ.
(૬) સ્થાવર તીર્થ - શ્રી શંખેશ્વર અને જંગમ તીર્થ- કદંબ ગણધર, પદ્મનાભ અને આગમ સ્વામી તીર્થ.

## ભેદવિજ્ઞાનની એક નવી વ્યાખ્યા

સમ્યગ્દર્શનમાં જે દેખાય છે, તે વિરતિમાં અનુભવાય છે.
સમ્યગ્દર્શનમાં પરમ પ્રેમનું દર્શન છે.
આ પરમ પ્રેમ સર્વવિરતિમાં મૈત્રીની,
અપ્રમત્તતામાં પ્રમોદની, અકષાયમાં કરુણાની અને
અયોગમાં માધ્યસ્થ્યની ટોચ પ્રગટાવે છે.

પ્રેમ અને રાગ વચ્ચેનો ભેદ આબેહૂબ સમજવો,
એ જ ભેદવિજ્ઞાન છે.

જડ-અજડની ભિન્નતાનું એ તાત્ત્વિકસ્વરૂપ છે, એ
જ વિવેક-જ્યોતિ, *discrimination power* છે.
રાગ માંગે છે, જ્યારે પ્રેમ આપે છે.
સ્નેહરાગ અને સ્નેહભાવ વચ્ચે રહેલું અંતર
જાણ્યા પછી સ્નેહભાવને સદ્દહવો, તે સમ્યગ્દર્શન.
સ્નેહભાવ પ્રગટાવવાનો પ્રયત્ન, તે વિરતિ.
સ્નેહભાવનું સાતત્ય, તે અપ્રમત્તતા.
પ્રેમમય જીવન તે અકષાય, ઘનીભૂત પ્રેમ તે અયોગ.

### આત્મકલ્યાણ માટે બે પંક્તિ

મધુર વચન બોલો સદા, કરો ન મન અભિમાન;
કૃપાદાન ભૂલો નહિ, એ સાચો કલ્યાણ.

નમસ્કાર વડે ભેદબુદ્ધિનો નાશ થવાથી
પાપનું મૂળ - મિથ્યાત્વ નાશ થાય અને અભેદબુદ્ધિ
ઉત્પન્ન થવાથી મંગળનું મૂળ - સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.
પીળું તેટલું સોનું અને ઊજળું તેટલું દૂધ ન મનાય.
જીવતત્ત્વનો અનાદર - સર્વથા ભેદભાવ એ પાપનું મૂળ
અને જીવતત્ત્વનો આદર - કથંચિત્ અભેદનો ભાવ એ
મંગળનું મૂળ છે. આથી પાપની ઉત્પત્તિમાં જીવતત્ત્વનું
અબહુમાન - અપમાન અને નવે પ્રકારના પુણ્યની
ઉત્પત્તિમાં જીવતત્ત્વનું બહુમાન - સન્માન છે.

પોતાના અપરાધની ક્ષમાપના અને બીજાના
ઉપકારની સ્વીકૃતિ એ મુક્તિનો - ઋણમુક્તિનો માર્ગ છે.

પ્રાણાન્ સર્વાન્ પરમાત્મનિ પ્રણામયતીત્યેતસ્માત્ પ્રણવઃ।
અર્થાત્: પ્રાણોને પરમાત્મામાં વિલીન કરે છે, માટે પ્રણવ.

યોગી જ્યારે ભક્તિ અને યોગ વડે સામ્યાવસ્થામાં
આવે, ત્યારે તેના અંતરમાં પ્રણવનો ધ્વનિ સંભળાય છે,
જે સૂક્ષ્મત્વે ચિત્તવૃત્તિઓ વડે જ સાંભળવા યોગ્ય છે
અને તે સકળ વિશ્વમાં વ્યાપી રહેલ
પરમેશ્વર કે પરમાત્માનું ભાન કરાવનારો છે,
તેથી જ તેને પરમાત્મવાચક સમજવાનો છે.

## પાંચે પદની આરાધના વડે ચારે ગુણની શુદ્ધિ

વિશ્વમાં તત્ત્વભૂત વસ્તુ દશવિધ યતિધર્મ છે.
તેને દેખાડનાર અરિહંત, તેનું ફળ સિદ્ધત્વ,
તેનો આચાર આચાર્યત્વ,
તેનું જ્ઞાન ઉપાધ્યાયત્વ અને તેનું સાધન સાધુત્વ છે.
દર્શનવિશુદ્ધિ માટે દેવતત્ત્વ અરિહંત અને સિદ્ધિપદ,
જ્ઞાનની વિશુદ્ધિ માટે આચાર્યપદ તથા ઉપાધ્યાયપદ,
ચારિત્ર અને તપની વિશુદ્ધિ માટે સાધુપદ, એ રીતે
પાંચે પદની આરાધના વડે ચારે ગુણની શુદ્ધિ થાય છે.
'ખમામિ' વડે ક્ષમાપના અને
'નમામિ' વડે ઉપકારીઓના ઉપકારની સ્વીકૃતિ થાય છે.
એ સ્વીકૃતિ અંતરની ટોચ જોઈએ.
તેનું બાહ્ય ચિહ્ન સર્વસમર્પણ છે.
દેવ તે દેવ, દેખાડે તે ગુરુ અને ચખાડે તે ધર્મ.
દેવથી દર્શન, ગુરુથી જ્ઞાન અને
ધર્મથી આચરણની - ચારિત્રની પ્રાપ્તિ - શુદ્ધિ થાય છે.
દેવનું પ્રયોજન દર્શન - પૂજન છે,
ગુરુનું પ્રયોજન દાન - જ્ઞાન છે.
ધર્મનું પ્રયોજન આચરણ - આસ્વાદન છે.

મંત્ર સાથે શબ્દાનુસંધાન એટલે...

મંત્રનું આત્મા - આત્માની ચિત્તશક્તિ સાથે અનુસંધાન.

મંત્રનો દરેક અક્ષર પવિત્ર છે, કેમકે
તે વડે મંત્રદેવતાના દેહનું નિર્માણ થાય છે.
નમવું એટલે નમ્રતા કેળવવા, કૃતજ્ઞતા જતાવવા,
આદર, ભક્તિ, સન્માનની લાગણી પ્રકટ કરવી.
ભક્તિ ભરપૂર હૃદયનું સૂચન નમો પદથી થાય. એનું
ધ્યાન વિનયની વૃદ્ધિ, મન - વચન - કાયાની શુદ્ધિ તથા
વિષય - કષાયને શાંત કરે છે, ધર્મધ્યાનને પુષ્ટ કરે છે.
નમો પદના ધ્યાનથી
કામ - ક્રોધાદિ આંતરશત્રુઓ પલાયન કરી જાય છે.

ધ્યાનનો ક્રમ છે...

પ્રથમ અક્ષરમય, પછી પદમય, પછી રૂપસ્થ - રૂપાતીત.
અક્ષરધ્યાન આકૃતિ તથા વર્ણ ઉભય પ્રકારે કરાય છે.
અક્ષરમય ધ્યાન વડે શબ્દાનુસંધાન થાય છે,
પદમય ધ્યાન વડે અર્થાનુસંધાન થાય છે અને
રૂપસ્થ ધ્યાન વડે તત્ત્વાનુસંધાન થાય છે.
પાંચ પરમેષ્ઠિના ધ્યાનથી આત્માનુસંધાન થાય છે.
ચાલવા માંડો અને માર્ગ મળી જશે.

## પંચપરમેષ્ઠિ અને પંચમહાભૂત તત્ત્વો

તત્ત્વ એટલે રહસ્યભૂત વસ્તુ – તે આત્મા છે.
અરિહંતોના ધ્યાનથી પૃથ્વીતત્ત્વની શુદ્ધિ થાય છે,
સિદ્ધોના ધ્યાનથી આકાશતત્ત્વની શુદ્ધિ થાય છે,
આચાર્યોના ધ્યાનથી અગ્નિતત્ત્વની શુદ્ધિ થાય છે,
ઉપાધ્યાયોના ધ્યાનથી જલતત્ત્વની શુદ્ધિ થાય છે તથા
સાધુના ધ્યાનથી વાયુતત્ત્વની શુદ્ધિ થાય છે.

## લૌકિક મંત્રો

જે મંત્રો આકર્ષણ, વશીકરણ, ઉચ્ચાટન, વિદ્વેષણ, સ્તંભન, મોહન, ધનલાભ, રોગ નિવારણાદિ માટે હોય તે.

## લોકોત્તર મંત્રો

જે મંત્રો આત્મવિશુદ્ધિ, કર્મમુક્તિ આદિ માટે હોય તે.
લોકોત્તરમંત્રથી આકર્ષણાદિ થાય પણ તે ગૌણ છે.
જે મંત્રના રચનાકાર લોકોત્તર હોય, તે મંત્ર પણ લોકોત્તર છે. મંત્રયોજકોની શક્તિ પણ મંત્રમાં ઉતરે છે.

અરિહંત અરિહંત સૌ કોઈ કરે, દિલ સે કરે ન કોઈ;
એકવાર જો દિલ સે કરે, જનમ મરણ ફિરિ ન હોઈ.
જેહ ધ્યાન અરિહંત કો, સોહિ જ આતમ ધ્યાન;
ફેર કછુ ઈણમેં નહીં, સોહિ જ પરમ નિધાન.

## શ્રી પંચ પરમેષ્ઠિ અને
## ચંદ્ર - સૂર્ય - ગ્રહ - નક્ષત્ર - તારાની સુંદર સરખામણી

(૧) અરિહંતો ચંદ્રતુલ્ય છે, તે ઉપદેશ અને આચરણ વડે સૂર્ય સમ સિદ્ધત્વનું ભાન કરાવે છે.

(૨) સિદ્ધો સૂર્યતુલ્ય છે, તે સૂર્યની જેમ સદા પૂર્ણ પ્રકાશનો આદર્શ અને દાન કરી રહ્યા છે.

(૩) સર્વ આચાર્યો નવ ગ્રહોની જેમ સર્વને આસેવન - શિક્ષાનો પ્રકાશ આપી રહ્યા છે.

(૪) સર્વ ઉપાધ્યાયો ૨૭ નક્ષત્રોની જેમ ગ્રહણ - શિક્ષાનો પ્રકાશ આપી રહ્યા છે.

(૫) સર્વ સાધુઓ અસંખ્ય તારાઓની જેમ અમાવસરાત્રિમાં આત્મસાધનાપ્રકાશનું દાન કરી રહ્યા છે. બાહ્ય અવકાશમાં જ્યોતિષી દેવતાઓ અસંખ્ય છે, પરંતુ તેમનો સંગ્રહ ઉપરના પાંચ પ્રકારોમાં થઈ જાય છે, તેની જેમ અંતર અવકાશમાં ઉપર્યુક્ત પાંચે મળીને ગતિ-પ્રગતિ કરી રહ્યા છે અને વિશ્વવ્યવસ્થાની જેમ મોક્ષ-માર્ગની વ્યવસ્થા, તે પાંચેય થઈ રહી છે, એ ન્યાયે નવકાર અને નવપદીના પાંચ પરમેષ્ઠિઓમાં સર્વ પ્રકાશક પદોનો સંગ્રહ થઈ શકે છે.

## પંચ પરમેષ્ઠિ અને સામાયિક ધર્મ

'जाहे खणिओ ताहे सामाइयं कुणह ।'

'જ્યારે પણ સમય મળે, ત્યારે સામાયિક કરો' એ વિધાન
શ્રુત - સમ્યક્ત્વ - દેશવિરતિ - સર્વવિરતિ, એમ ચારે
સામાયિકોને લાગુ પડે છે. મોક્ષનું પરમ અંગ સામાયિક છે.
સર્વવિરતિ સામાયિકનું આરાધન કરનાર સાધુભગવંતો છે,
તેનું દાન આપનાર ઉપાધ્યાયભગવંતો છે,
તેનો ઉપદેશ - આચાર શીખવનાર આચાર્યભગવંતો છે,
તેનું સાક્ષાત્ - સાકાર દૈવત્વરૂપ ફળ તે અરિહંતો તથા
પરંપર નિરાકારસ્વરૂપ દૈવત્વરૂપી ફળ સિદ્ધભગવંતો છે.
પાંચે ય મળીને સામાયિકધર્મની પરિપૂર્ણતા થાય છે.

સામાયિકનો હેતુ - સ્વરૂપ અને ફળ તે
અનુક્રમે સાધુ - સિદ્ધ અને અરિહંત.

શ્રુત - સમ્યક્ત્વ સામાયિક વડે ઉપયોગની વિશુદ્ધિ તથા
દેશ - સર્વચારિત્ર સામાયિક વડે યોગની વિશુદ્ધિ અને
સ્થિરતા સધાય છે. ઉપયોગની વિશુદ્ધિ મૈત્ર્યાદિભાવરૂપ
અને યોગની વિશુદ્ધિ અહિંસા આદિ ધર્મરૂપ છે.
સર્વ જીવો મૈત્ર્યાદિ ૪ ભાવનાના વિષયરૂપ બને છે
અને સર્વ પરમેષ્ઠિઓ તે ૪ ભાવનાના સ્વામીરૂપ છે.

પાંચે પરમેષ્ઠિઓમાં શું શું સમાવિષ્ટ છે ?

અરિહંતોમાં મૈત્ર્યાદિ ૪ ભાવના, ક્ષમાદિ ૪ ધર્મોનો પ્રકર્ષ છે,
સિદ્ધોમાં માધ્યસ્થ્ય અને સંતોષની પૂર્ણતા છે,
આચાર્યોમાં કરુણા અને સરળતાની અવધિ છે,
ઉપાધ્યાયોમાં પ્રમોદ અને નમ્રતાની ટોચ છે તથા
સાધુઓમાં મૈત્રી અને ક્ષમાની અવધિ હોય છે.

શ્રુતધર્મની સિદ્ધિ અરિહંતોથી થાય છે અને
ચારિત્રધર્મની સિદ્ધિ સિદ્ધોથી થાય છે.
એ જ રીતે શ્રુતધર્મની સિદ્ધિ આચાર્યો - ઉપાધ્યાયોથી
અને ચારિત્રધર્મની સિદ્ધિ સાધુ ભગવંતોથી થાય છે.

શ્રુતધર્મ શ્રુતસામાયિક રૂપ છે અને
ચારિત્રધર્મ સર્વવિરતિ - દેશવિરતિ સામાયિક રૂપ છે.

પૃથ્વી - પાણી - અગ્નિ - વાયુ અને આકાશ :
એ પાંચ તત્ત્વથી મનુષ્ય ભેજું ભરેલું છે.
પૃથ્વીથી ક્ષમા અને સાધુપદનું ગ્રહણ થાય છે,
જળથી નમ્રતા અને ઉપાધ્યાયપદનું ગ્રહણ થાય છે,
અગ્નિથી સરળતા અને આચાર્યપદનું ગ્રહણ થાય છે,
વાયુથી સંતોષ અને સિદ્ધપદનું ગ્રહણ થાય છે,
આકાશથી ચારે અને અરિહંતપદનું ગ્રહણ થાય છે.

એ રીતે પાંચ તત્ત્વમાં જેમ સમસ્ત પૃથ્વી,
સમસ્ત આકાશ, સમસ્ત જળ, સમસ્ત વાયુ આદિનું
ગ્રહણ થાય છે, તેમ ચાર ભાવના રૂપ ધર્મમાં
પાંચે પદોનું ગ્રહણ થઈ જાય છે.

## ટૂંકમાં એમ ઘટાવી શકાય કે:

આરાધક આત્માઓમાં જે અંશમાં
મૈત્રી અને ક્ષમાગુણ છે, તે અંશમાં સાધુત્વ.
પ્રમોદ અને નમ્રતાગુણ છે, તે અંશમાં ઉપાધ્યાયત્વ.
કરુણા અને સરળતાગુણ છે, તે અંશમાં આચાર્યત્વ.
માધ્યસ્થ્ય અને સંતોષગુણ છે, તે અંશમાં સિદ્ધત્વ
અને એ ચારે છે, તે અંશમાં અરિહંતત્વ છે.

## ત્રિમૂર્તિ - Trinity

(૧) દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય.
(૨) જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન.
(૩) સત્, ચિત્ અને આનંદ.
(૪) પ્રેમી, પ્રેમપાત્ર અને પ્રેમ.
(૫) અસ્તિત્વ, તેનું જ્ઞાન, અસ્તિત્વ + જ્ઞાન ઉપર પ્રેમ.
(૬) રથશરીર, રથીઆત્મા અને સારથિ બુદ્ધિ.
(૭) મન એ લગામ અને ઈંદ્રિયો રૂપી બે ઘોડા.

## ધારણા અને ધ્યાનની સરળ વ્યવહારિક અને અસરકારક પદ્ધતિઓથી થતાં દસ લાભ:

(૧) નિત્ય જીવનમાં માનસિક શાંતિ અનુભવાય છે.

(૨) સમાધિના આધ્યાત્મિક અનુભવો, આત્મસાક્ષાત્કાર કે આત્માનંદ - આત્માના આનંદપૂર્ણ સ્વભાવનો અનુભવ.

(૩) જીવનનો નાશ કરનાર ક્રોધ અને તેના સમાન બીજી દરેક વાસનાઓ ઉપર વિજય પ્રાપ્ત થાય છે.

(૪) આત્મવિશ્વાસમાં વૃદ્ધિ (૫) સંકલ્પશક્તિનો વિકાસ

(૬) માનસિક જાગૃતિનો વિકાસ થાય છે.

(૭) જીવનમાં સર્વાંગીણ સંતોષ થાય છે.

(૮) સર્વનું કલ્યાણ કરનાર આત્મબળનો વિકાસ થાય છે.

(૯) આત્માના વાસ્તવિકસ્વભાવ સાથે મનની ઓળખ.

(૧૦) આત્માના સર્વ શક્તિમાન આનંદપૂર્ણ પ્રદેશની અંદર મનનો પ્રવેશ થાય છે.

'પ્રભવતીતિ પ્રભુઃ ।' અર્થાત્
જેનો પ્રભાવ ત્રણ ભુવનમાં વિસ્તરી રહેલો છે, તે પ્રભુ.

તેને પરમેશ્વર, પરમાત્મા, પરબ્રહ્મ પણ કહે છે.
તેને આ અખિલ વિશ્વનું - અખિલ બ્રહ્માંડનું
અંતિમ સનાતન સત્ય પણ કહેવાય છે.

નવકારથી સધાય આચાર - વિચારમાં ઐક્ય

આચાર - વિચાર વચ્ચેનું અંતર રહેવાનું જ, કેમકે વિચાર એ ચિત્તની અને આચાર એ દેહની વસ્તુ છે. ચિત્તની જેટલી ગતિ - તેટલી ગતિ દેહની ન હોઈ શકે. સંભાળવાનું એટલું જ છે કે બંને વચ્ચે વિરોધ ન રહે. વિચારની દિશામાં આચારનું હોવું, તેટલું જ શક્ય છે.

બંનેની એકતા સધાવી તે હંમેશા દુષ્કર કાર્ય છે, કિન્તુ નવકાર મહામંત્રના જાપથી શક્ય બની શકે છે. વિચાર ઉત્તરમાં તથા આચાર દક્ષિણમાં ન હોવા જોઈએ. વિરોધથી કામ થતું નથી, પરન્તુ અનુરોધથી થાય છે. વિરોધ પ્રહારથી નહિ, પરન્તુ ઉપકારથી કરવો જોઈએ. આક્રમણથી બુદ્ધિમાં પ્રવેશ થતો નથી, ઉલટું દિલ તૂટે છે. પહેલાં દિલમાં પ્રવેશ થાય પછી પ્રેમપૂર્વક સમજાવાય, તો દરેક સારી વાત માન્ય થઈ શકે. હૃદયરૂપી ઘરે ગુણદ્વાર વડે જ પ્રવેશ થઈ શકે, દોષદિવાલ દ્વારા નહિ. અત્યંત બદમાશ માનવમાં પણ એકાદ ગુણ હોય છે, અત્યંત ગુણવાનમાં પણ એકાદ દોષ રહેલ હોય છે.

देहबुद्ध्या तु दासोऽहं जीवबुद्ध्या त्वदंशकः ।
आत्मबुद्ध्या त्वमेवाऽहं इति मे निश्चिता मतिः ॥१॥

નાડીઆ, ચૈત્ર - ૫ - ૯૨

નવકારથી પમાય વિષયનો વૈરાગ્ય અને કષાયનો ત્યાગ.

પંચપરમેષ્ઠિઓમાં રહેલ ઉત્તમ વિષયોમાં મન સ્થિર કરવાથી વિષયનો વૈરાગ્ય અને કષાયનો ત્યાગ સહજે વિષયો પ્રત્યે વૈરાગ્ય (વૈરાગ્યનો વિષય) સ્થિર થાય, કેમકે પાંચે પરમેષ્ઠિઓ વિષયોના રાગાદિ રહિત છે.

જીવો પ્રત્યે મૈત્ર્યાદિ ચિંતવન કરવાથી ચાર કષાયો આપોઆપ જાય છે. વિષયોની વિરસતા અને કષાયોની કટુતાનો વિચાર વાનરની ચપળતા અને વાનરના મુખની મલીનતાનો વિચાર કરવા બરાબર છે.

'વાનર ખરાબ છે' એમ માનીને તેનું સ્મરણ ન કરવાની પ્રતિજ્ઞા લેવા પળાતી નથી, તેમ 'વિષય વિરસ છે, તેથી તેનું સ્મરણ ન કરવું જોઈએ' એટલો વિચાર કરવા માત્રથી તેનું વિસ્મરણ થતું નથી, કિન્તુ તેનું સ્મરણ વધુ દૃઢ થાય છે.

તેનું વિસ્મરણ કરવાનો ઉપાય એક જ છે કે વાનર વિસ્મરણ માટે ગૌતમનું સ્મરણ કરવાની પ્રતિજ્ઞા લેવી. ગૌતમના સ્મરણમાં એકતાન વાનરનું વિસ્મરણ તથા બળવાન વૈરાગ્યયુક્ત ગુણવંત પુરુષનું સ્મરણ થાય.

એ જ ન્યાયે વિષયોના ત્યાગની અભિલાષાવાળા માટે
પાંચ પરમેષ્ઠિનું સ્મરણ કર્તવ્ય છે અને
કષાયોના ત્યાગની ઇચ્છાવાળા માટે
જીવમાત્ર પ્રત્યે મૈત્રીનો ભાવ કેળવવાની જરૂર છે.
તે બંને કાર્ય કરવાથી મનમાં વિષય અને કષાય
- અહિત ઉભયનો ત્યાગ આપોઆપ થઈ જાય છે.

Dt. 10-7-68

अयमात्मैव संसारः कषायेन्द्रियनिर्जितः ।
तमेव तद्विजेतारं मोक्षमाहुर्मनीषिणः ॥१॥

અર્થ: કષાય અને ઇંદ્રિયોથી જીતાયેલો આત્મા એ જ
સંસાર અને તેને જીતનારો આત્મા એ જ મોક્ષ છે.
કષાયો ચાર છે અને ઇંદ્રિયો પાંચ છે.
કષાયોને જીતવા માટેના ઉપાયભૂત ભાવ પણ ચાર છે:
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય.
ઇંદ્રિયો પાંચ છે, તેને જીતવાના ઉપાય મૈત્ર્યાદિ ચાર
ભાવથી યુક્ત એવા પાંચ પરમેષ્ઠિઓનું ધ્યાન છે.
તે ધ્યાન પાંચમાંથી કોઈ એક પણ પરમેષ્ઠિનું થાય,
તો તેથી પાંચે પાંચ પરમેષ્ઠિઓનું ધ્યાન થાય છે.
એકમાં પાંચ અને પાંચમાં એક.

## નમસ્કાર મંત્ર શેની પરંપરા સર્જે ?

असतो मा सत् गमय।
तमसो मा ज्योतिर्गमय। मृत्योर्मा अमृतं गमय।

સત્માંથી સદ્બુદ્ધિ, સદ્બુદ્ધિમાંથી સદ્વિચાર,
સદ્વિચારમાંથી સત્કર્મ, સત્કર્મથી સદ્ગતિ અને
પરિણામે મુક્તિની પ્રાપ્તિ થાય છે.

મંત્રમાત્ર બુદ્ધિને સત્ તરફ લઈ જવાનું કાર્ય કરે છે,
એ જ રીતે સર્વશ્રેષ્ઠ એવો આ નમસ્કાર મહામંત્ર પણ
સદ્બુદ્ધિ, સદ્વિચાર અને સત્કર્મની પરંપરા સર્જે છે.

સદ્બુદ્ધિ એટલે સર્વના હિતની બુદ્ધિ,
સદ્વિચાર એટલે સર્વનું હિત થાય તેવી માનસિક વૃત્તિ
અને સત્કર્મ એટલે સર્વનું હિત થાય તેવી શુભ ક્રિયા.

નમસ્કાર મંત્રમાં જેને નમવામાં આવે છે,
તે સત્કર્મ, સદ્વિચાર અને સદ્બુદ્ધિથી ભરેલા છે, તેથી
તેમનું સ્મરણમાત્ર બુદ્ધિને સત્તત્ત્વ તરફ દોરી જાય છે,
અજ્ઞાન - અવિદ્યાનો નાશ કરે છે અને
સદ્વર્તન - સદાચારની વૃદ્ધિ કરે છે.

નમસ્કાર મંત્ર એ સન્મતિદાયક સર્વશ્રેષ્ઠ મંત્ર છે,
તેથી બુદ્ધિ સ્થિર, સૂક્ષ્મ અને શુદ્ધ થાય છે.

વિકૃતિ કરીને ખોટી તરફ લઈ જાય, તે 'વિનય' છે.
માનવમાત્રને હિતાહિતનો વિવેક કરી શકે તેવી
બુદ્ધિ સાંપડી છે પણ વાસના - તૃષ્ણાજન્ય સંસ્કારોથી
તે બુદ્ધિ અસત તરફ દોરી જાય છે.
તેના પરિણામે અસદ્ વિચાર અને અસત કર્મોની
પરંપરા સર્જાય છે અને દુઃખ, અશાંતિ, ચિંતા, ભય
તથા વિષાદનું વાતાવરણ ઊભું થાય છે. તેનો અંત તો
જ આવી શકે, જો બુદ્ધિ સત્તત્વ તરફ દોરાય અને
તેમાંથી સદ્વિચાર ઉપરાંત સત્કર્મોની પરંપરા સર્જાય.

તારી ગમે તેટલી ભૂલો હશે, તો પણ હું તને ચાહું છું.
With all thy faults - I love thee.
Concentration means meditation
on a form of God to which
one is specially attached.
The mental faculties are capable of
continuous hard activities.
They do not live like an arm or
a leg. All they want is change
- not rest, except in sleep.

## નમસ્કારધ્યાનથી પરિણમે એકતા

(૧) સર્વ આત્માઓ દ્રવ્યરૂપે એક જ હોવાથી પરસ્પર ઉપગ્રહકારક બને છે. આમાં આત્મત્વકૃત એકતા અને એ એકતાની અનુભૂતિ - બંને હેતુ છે. એકતાના ભાનની અર્થક્રિયા સ્વાશ્રયમાં અને એકતાના ભાનથી જન્ય

સત્કૃત એકતા પરાશ્રયમાં ઉપયોગી નીવડે છે.

એકતા વાસ્તવિક હોવાથી એકમેક પર અસર થઈ શકે છે. પ્રતિબંધક ભાવો દૂર થાય અને ઉત્તેજક ભાવો મળે, ત્યારે એકતાનું કાર્ય શીઘ્ર અને સુંદર રીતે અનુભવી શકાય છે.

પ્રભુનો આપણા સાથે એકતાનો સંબંધ છે પણ
આપણે જ પ્રતિબંધક ભાવોથી એકતાજન્ય
ગુણાનુભૂતિરૂપી ફળપ્રાપ્તિમાં આડે આવીએ છીએ.

પ્રભુ સાથે એકતાનું ભાન થશે;
ત્યારે એકતા કૃત સર્વસામર્થ્ય સિદ્ધ થશે.

આત્મત્વ જાતિ(સત્)કૃત એકતા આ રીતે પરસ્પરોપગ્રાહક છે.

(૨) આત્મત્વ જાતિકૃત એકતાને ગુણકૃત એકતા પણ કહી શકાય. આત્મત્વ એ ચૈતન્યાદિ ગુણસમુદાયરૂપ છે. કોઈ અલગ જાતિતત્ત્વ (નૈયાયિકોની જેમ) જૈનોને માન્ય નથી. ચૈતન્ય એક છે, માટે 'સોઽહં' ઉપચાર નથી, સત્ય છે.

ઈશ્વરની ઉપાસના એ બુદ્ધિ અને સમર્થ 'સ્વ'ની જ ઉપાસના છે. અદ્વૈતવાદ નિરૂપિત એકતા જાતિકૃત છે.

જાતિ વિશિષ્ટ ગુણ સત્યાદિ જ છે.

જાતિગત એકતાને લઈને જ અનેકજનનાં સુખ-દુઃખમાં સહાનુભૂતિ થઈ આવે છે અને અન્યજનનાં સારા-ખોટા ભાવોની પણ અન્યજનને અસર થાય છે.

(3) ગુણાનુરાગ એ સત્યનો રાગ છે અને
ગુણદ્વેષ એ સત્યનો જ દ્વેષ છે.

ગુણમાત્સર્ય એ પણ દ્વેષનો જ એક પ્રકાર છે.
એ દ્વેષ રાગ સહકૃત ઉત્તમ પણ હોય છે અને
અરાગ સહકૃત અનુત્તમ પણ હોય છે.

(૪) વેદાંતસંમત એકતા કોઈક નક્કર વસ્તુ છે.
માત્ર જાતિકૃત સાદૃશ્ય છે એમ નહિ, કિન્તુ
ગુણકૃત ઐક્ય પણ છે, તેથી દુનિયાના કોઈપણ
ભાગમાં જાનહાનિ થાય, તો આંચકો લાગે છે.
ચંદ્ર અને મુખના સાદૃશ્ય જેવું સાદૃશ્ય નહિ, કિન્તુ
સર્વ આત્માઓમાં ચૈતન્ય કૃત પરમાર્થ એકતા છે.

(૫) ભક્તિમાર્ગ એ જૈનોનો વ્યવહારનય છે તથા
જ્ઞાનમાર્ગ એ જૈનોનો નિશ્ચયનય છે.

જ્ઞાનમાર્ગીઓ 'અહં બ્રહ્માસ્મિ ।' વગેરે કહે છે,
ભક્તિમાર્ગીઓ 'શ્રી કૃષ્ણં શરણં મમ ।' વગેરે કહે છે.
નયચક્રમાં ઈશ્વરવાદનો વ્યવહારનયમાં સમાવેશ કર્યો છે.

(૬) અનંત સામર્થ્ય યુક્ત ચિતિશક્તિ સૌની અંદર છે.
એનું બીજું નામ અનંતવીર્ય પણ છે. અનંત એટલે
જેનો અંત-પાર ન પમાય તેવું, અકળ-અગમ-અગોચર.
એને શબ્દો નડે, એનું બધું એ કરે જ. કેવી રીતે એ
એની લીલા પણ અકળ. ઈશ્વરાદિ નામો ઉપલક્ષણ છે,
ઉપાસના અનંતવીર્યની છે.

એને શબ્દો નડે, એનાં સર્વ કાર્યો એ કરે = વ્યવહારનય
અને એ માટે જીવની યોગ્યતા જોઈએ = નિશ્ચયનય.

(૭) કૃપાવાદ આપણે ત્યાં છે જ, ભલે
માતાની કૃપા જુદી જાતની, પિતાની કૃપા જુદી જાતની,
ગુરુની કૃપા જુદી જાતની તથા પ્રભુની કૃપા જુદી જાતની.
વિનય એ કૃપાને જ આવિર્ભૂત કરવા માટે છે.
વિનય જેમ ગુરુદેવનો છે, તેમ તીર્થંકરોનો પણ છે જ.
તેમની કૃપા પણ ઉત્કૃષ્ટ માનવી જોઈએ.

(૮) સમ્યક્ એ જાતિ નહિ પણ અવસ્થા છે.
સમ્યક્ વસ્તુ સત્ છે જ.

જૈન મત સર્વજ્ઞાશ્રિત છે, તેથી
એકેકા પણ પદ જિનમતમાં પરમાર્થતઃ સત્યાર્થ છે.

સામાન્ય એટલે સામાન્ય - પછી તે
તિર્યક્ સામાન્ય હોય અથવા ઊર્ધ્વતા સામાન્ય હોય.

સામાન્ય વસ્તુને સમાન બનાવે છે,
સામાન્ય વસ્તુને એકબીજા સાથે જોડી પણ આપે છે.
ઉભય પ્રકારના સામાન્ય જુદી જુદી રીતે વસ્તુગત છે.

(૯) Historical fact કરતાં philosophical
fact એ મોટી વાત - પરમ સત્ય - લોકોત્તર સત્ય છે,
ઐતિહાસિક સત્ય એ લૌકિક સત્ય છે.

ઇતિહાસ કેવળ objective છે,
ઉપાસના Subjective - objective ઉભય છે.
ભગવાનને વસ્ત્રો હતાં કે નહિ, અલંકારો હતાં કે નહિ, એ
બધો ઇતિહાસનો વિષય છે. ઉપાસક પોતાના રસ પ્રમાણે
પ્રભુનું રુચિકર સ્વરૂપ નિર્ધારિત કરીને પ્રભુને ઉપાસે છે.
ભોજનમાં અનાજ તો એનું એજ છે, તેમાં સંસ્કારો
રુચિ અનુસાર આપીને પછી જ ઉપયોગમાં લઈએ છીએ,
તેમ ઉપાસક પણ એવું જ કરે છે. એક હોજરીનું
ભોજન છે, તો બીજું આત્મા-હૃદય-મનનું ભોજન છે.

એક પરમ સુવિશુદ્ધ ચૈતન્ય જગતમાં છે જ.
એની ગમે તે નામ દ્વારા અથવા રૂપ દ્વારા ઉપાસના
ભલે કરાય પણ એનામાં અનન્ય સામર્થ્ય છે જ.
સાધકો અને યોગીઓ તર્કને શરણે નહિ પણ આવા
સમર્થ પરમ ચૈતન્યને શરણે જાય છે અને
તેમનું શરણ સાચું યોગક્ષેમકારક બને છે.
તેમની ભાષાને કેવળ પંડિતો કેમ સમજી શકે?
એ તો સાધકની - ઉપાસકની ભાષા છે,
એને તો ભક્ત સમજે, ભગવાન સમજે અથવા તો
સાધક હોય, તે જ યત્કિંચિત સમજી શકે.

- Muni Sree Jambuvijayji,
March - 1968, Kutch

ધર્મ તરફ લઈ જનારી મુખ્ય વસ્તુ નમસ્કાર.
નમસ્કારની મોટી કીંમત છે શિષ્ટાચાર -
નૈતિકતાના પ્રથમ સોપાન તરીકે તથા
સર્વ ધર્મક્રિયાની સફલતાના બીજ તરીકે.
નમસ્કાર મહામંત્ર એ સૂત્ર છે અને જે સૂત્ર
વારંવાર મનનીય હોય, તે 'મંત્ર' પણ કહેવાય છે.
ધર્મ તરફ લઈ જનારી મુખ્ય વસ્તુ નમસ્કાર છે.

નવકારમાં સંયુક્ત અક્ષરો ૭ અને
અસંયુક્ત અક્ષરો ૬૧ છે.
નવકારમાં 'વિભક્ત્યંત પદં' ૨૦ છે અને
શબ્દોના સમૂહાત્મક પદ ૯ છે.
નવકારમાં સંપદા-અર્થાધિકાર-અર્થના વિશ્રામસ્થાન ૮ છે.
એ ૮ સંપદાને 'આલાપક' એટલે કે
સંબંધ ધરાવતાં શબ્દોવાળો પાઠ પણ કહે છે.
નવકારમાં અધ્યયન ૫ અથવા ૮ છે.
એના પણ એક વ્યુત્પત્તિ છે કે:
ચિત્તને અધ્યાત્મ તરફ લઈ જાય, તે અધ્યયન.
અર્થ એટલે અભિધેય - વાચ્યાર્થ, અર્થ એટલે ભાવાર્થ
અથવા રહસ્યાર્થ અથવા જ્ઞાનનો પ્રકાશ.
અર્થ એટલે ભાવમંદિરમાં પ્રવેશ કરવાનું મંગળ દ્વાર,
આનંદરૂપી અનુપમ સરિતામાં વિહરવાની નાવ.
અર્થનું ચિન્તન-મનન કરતાં જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થાય છે,
ભાવની વિશિષ્ટ વૃદ્ધિ થાય છે, ઉપરાંત
આત્મિક આનંદની અનુભૂતિ થાય છે.
ત્યાગ, તપ, સંયમનું સેવન કરીને જે
પરમપદે પહોંચેલા હોય, તેને 'પરમેષ્ઠિ' કહેવાય છે.

## બાહ્ય નમસ્કાર એટલે...

હાથ જોડી - મસ્તક નમાવી પાંચે અંગો ભેગા કરવા તે.
તે શિષ્ટ પુરુષોએ પ્રવર્તાવેલા વ્યવહારનું પાલન થાય છે.

## અભ્યંતર નમસ્કાર એટલે...

અંદર નમ્રતા ધારણ કરવી, નમસ્કાર્ય પ્રત્યે વિનય, બહુમાન અને ભક્તિની લાગણી ધારણ કરવી તે.
તે વડે મનની, અંતઃકરણની, આત્મભાવની શુદ્ધિ થાય છે.

મનુષ્યને સમર્થ મન મળ્યું છે.
સમર્થ = સદ્ - અસદ્‌નો વિવેક કરાવનારી બુદ્ધિવાળું.
આવું સમર્થ મન મળ્યું છે, તેની સાર્થકતા
પરમ પદે પહોંચેલાને નમસ્કાર કરવાથી થઈ શકે છે.

## નમસ્કાર કરવાથી શું થાય છે?

નમસ્કારથી હિતાહિતની સમજણ પ્રાપ્ત થાય છે અને હિતમાં પ્રવૃત્તિ તથા અહિતથી નિવૃત્તિ થાય છે, કારણ કે જેઓને નમસ્કાર કરવામાં આવે છે, તેઓ અહિતથી નિવર્તેલા છે અને હિતમાં પ્રવર્તેલા છે.
અશ્રદ્ધા, વિપરીત શ્રદ્ધા, અસંયમ, પ્રમાદ, કષાયાદિને 'અહિત' કહેવાય છે તથા સમ્યક્ શ્રદ્ધા, સંયમ, અપ્રમાદ, અકષાય અને શુભયોગ - એ સર્વ 'હિત' કહેવાય છે.

## નમસ્કારમાં ચિન્તનીય વસ્તુ કઈ કઈ છે?

નમસ્કારમાં ચિન્તનીય વસ્તુ પાંચ પરમેષ્ઠિ અને
પાંચે પરમેષ્ઠિમાં રહેલાં ચાર ગુણો છે.
મંત્રારાધનમાં ભાવના મુખ્ય છે.
પોતાને જે સંપ્રદાય પ્રાપ્ત હોય,
તદનુસાર આરાધન કરવાથી નિષ્ઠા બંધાય છે અને
નિષ્ઠાપૂર્વકનું આરાધન જ ફળદાયી નિવડે છે.

સર્વં સર્વેષુ ભૂતેષુ, તિષ્ઠંતં પરમેશ્વરમ્।
વિનશ્યત્સ્વવિનશ્યંતં યઃ પશ્યતિ સ પશ્યતિ ॥૧॥

## નવકાર અને નવસ્મરણ

નવકાર અને નવસ્મરણ ગણવાના ભિન્ન હેતુ છે.
નવકારથી આત્મા પ્રત્યે બહુમાન ઉત્પન્ન થાય છે અને
નવસ્મરણથી પ્રભુ પ્રત્યે પ્રીતિ - ભક્તિ જાગૃત થાય છે.
પ્રીતિ અનુષ્ઠાન - ભક્તિ અનુષ્ઠાન - વચન અનુષ્ઠાન
અને અસંગ અનુષ્ઠાન : એ ચાર પ્રકારનાં અનુષ્ઠાનો
પરસ્પર કાર્ય - કારણ ભાવે ગુંથાયેલાં છે.

૦ ષોડશં તીર્થનાથં ચ પંચમં ચક્રવર્તિનમ્।
અગણ્યપુણ્યશાન્તીશં વન્દે તં મમ શાન્તયે ॥(પરિશિષ્ટ-૯)

હ્રીઁ ૐ ૐ અર્હઁ ૐ ૐ અર્હઁ ૐ ૐ હ્રીઁ

પંચપરમેષ્ઠિ સ્થિત શ્રમણોમાં કેવા ગુણો શોભિત છે?

દશધર્મના પાલક, ૩ ગુપ્તિના ધારક, ૪ કષાય જીતનાર,
૫ મહાવ્રતપાલક, ૫ સમિતિની શુદ્ધિવાળા, ૬ દ્રવ્યો જાણનાર,
૭ ભયને જીતનાર, ૮ મદને ટાળનાર,
૯ વાડથી વિશુદ્ધ બ્રહ્મચર્યને પાળનાર,
૧૧ શ્રાવક પ્રતિમાને પિછાણનાર, ૧૨ ઉપાંગોને જાણનાર,
૧૩ કાઠિયાને દૂર કરનાર, ૧૪ વિચારસ્વરૂપને જાણનાર,
૧૫ ભેદે સિદ્ધસ્વરૂપ જાણનાર, ૧૬ કષાયને નિવારનાર,
૧૭ ભેદે સંયમના પાલક, ૧૮ પ્રકારે બ્રહ્મચર્ય આરાધક,
૨૨ પરીષહને જીતનાર, ૨૭ ગુણોને ધારણ કરનાર તથા
સ્યાદ્વાદશૈલીથી જૈનધર્મને ઉપદેશનાર શ્રમણો હોય છે.
વળી ચારિત્રપાત્ર, જિનાજ્ઞાપ્રતિબદ્ધ રત્નત્રયીના સંપાદક,
શાસનદીપક, પરોપકારક, શાંત, દાંત, મહંત, સંત,
શિરોમણિ, મુનિગણહંસ, કલિકાલ કલ્પવૃક્ષ,
અજ્ઞાનતિમિરતરણિ, શાસ્ત્રજ્ઞ, સમયજ્ઞ,
વાત્સલ્યનિધિ, ગાંભીર્યાદિ ગુણગણોપેત શ્રમણો હોય છે.

સર્વ નયોમાં પરિણત સાધુના પર્યાયો વિશે...

शुद्धाः प्रत्येकमात्म्येन पर्यायाः परिभाविताः ।
अशुद्धाश्चापकृष्टत्वान्नोत्कर्षाय महामुनेः ॥ (परिशिष्ट-१०)

## નાદ + બિંદુ = ઇચ્છાશક્તિ + ક્રિયાશક્તિ

અહંતાપ્રધાન 'નાદ' અને ઇદંતાપ્રધાન 'બિંદુ' છે. નાદ એ ઇચ્છાશક્તિ અને બિંદુ એ ક્રિયાશક્તિ છે. તે બંનેની પાછળ પરમશિવની સ્પંદશક્તિ કામ કરે છે. એક જ પરમશિવની શક્તિના બેવડાં વિભાજન રૂપે જ

અહંતા - ઇદંતા, નાદ - બિંદુ, ઇચ્છા - ક્રિયા,
ગતિ - સ્થિતિ, સ્થાન - કાળ વગેરે છે.

જેમ ચંદ્ર-ચંદ્રિકામાં ભેદ નથી, તેમ આમાં પણ સમજવું.

'નાદકારિકા'માં કહ્યું છે કે:

प्रमाण - प्रमातृ-प्रमेयरूपे विश्वप्रपंचविलासे
प्रवृत्तस्य सृष्ट्युन्मुखस्य परशिवेच्छाशक्त्या
क्षोभितो बिन्दुरेव प्रणव उच्यते ।

ભાવાર્થ કે નાદ અને બિંદુ પ્રકટ થતાં જ એક પ્રકારનો ક્ષોભ - કંપન થાય છે, તેમાંથી જે વિશિષ્ટ ધ્વનિ ઉત્પન્ન થાય છે, તે ધ્વનિને જ ઓંકાર નાદ કહે છે.

પ્રણવ = પ્ર + નવ = પ્રકૃતિની નૂતન ઘટના,
પ્ર + નવ = પ્રકૃષ્ટપણે નૂતન ક્રિયાઓનો જન્મદાતા.

નાદમાંથી રજસ્, સત્ત્વ અને તમસ્‌ની ઉત્પત્તિ અને તેમાંથી સર્જન, સ્થિતિ અને સંહાર ક્રિયાઓ થઈ.

સર્જન - સ્થિતિ - સંહાર ઉપર અનુક્રમે આધિપત્ય
ધરાવનારા દૈવી તત્ત્વો તે બ્રહ્મા - વિષ્ણુ - મહેશ (૩૬).
તે ઈશ્વર સૃષ્ટિની અદ્ભુત લીલા પ્રસરી.
જગતની કોઈ પણ ઘટના
આ ત્રિગુણાત્મક શક્તિ કે સત્તાની મર્યાદા બહાર નથી.

## શબ્દની શક્તિ એ શબ્દબ્રહ્મ

નાદ, ધ્વનિ કે શબ્દની શક્તિ અગાધ છે,
તેથી તેને 'શબ્દબ્રહ્મ' કહેવાય છે.
કબીર કહે છે કે : शब्द बिना साधु नांही अक्षर
શબ્દનું સાધન ન કરે, તે સાધુ નથી.
शब्द ही कुंजी, शब्द ही ताला।
शब्दे शब्द हुआ उजियाला॥
શબ્દ એટલે તાળું અને શબ્દ એ જ કુંચી છે,
શબ્દ વડે જ (પરમ) શબ્દનો પ્રકાશ થાય છે.
एतद्ध्येव अक्षरं ब्रह्म, एतद्ध्येवाक्षरं परम्।
एतद्ध्येवाक्षरं ज्ञात्वा, यो यदिच्छति तस्य तत्॥१॥
અક્ષર: આ જ પ્રભુ અક્ષરબ્રહ્મ - સગુણ - સાકારબ્રહ્મ
તથા તેઓ જ પરબ્રહ્મ - નિર્ગુણ - નિરાકારબ્રહ્મ છે.
આમ જાણીને જે તેને ઇચ્છે, તેને તે અનુભવાય છે.

## <u>પ્રણવ એ ધ્વન્યાત્મક તત્ત્વ</u>

प्रो हि प्रकृतिजालस्य संसारस्य महोदधेः ।
नवं नावान्तरमिति प्रणवं तु विदुर्बुधाः ॥१॥
प्र प्रपंचो न नाऽस्ति वो युष्माकं प्रणवं विदुः ॥
प्रकर्षेण नयेद् यस्मात् मोक्षं वः प्रणवं विदुः ॥२॥

: અર્થાત્ :

'પ્ર' = પ્રકૃતિની જાળ જેવા સંસાર રૂપી મહાસમુદ્રને
(તરવા માટે)

'નવ' = નાવ સમાન '<u>પ્રણવ</u>' છે, એમ જ્ઞાની પુરુષો કહે છે.
'પ્ર' = પ્રપંચ, 'ન' = નહિ, 'વ' = તમને. જેનાથી તમારો
પ્રપંચ (કર્મનો વિસ્તાર) નાશ થાય, તે જ '<u>પ્રણવ</u>'.
'પ્ર' પ્રકર્ષથી, 'ન' = લઈ જાય, 'વ' = તમને.
જે તમને નિશ્ચે મોક્ષમાં લઈ જાય, તે '<u>પ્રણવ</u>'.

## <u>નરમાંથી નારાયણ</u>

नराणां समूहः नारः, तत्र अयनं नारायणः ।
સર્વના અંતર્યામી તે નારાયણ.

વિશ્વની રક્ષા કરનારી મહાશક્તિ કે જે
સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વશક્તિમાન, સર્વવ્યાપક, અજર,
અમર, નિત્ય, શુદ્ધ, સત્ - ચિત્ - આનંદસ્વરૂપ છે.

સર્વની રક્ષા કરનાર અને સર્વનું અધિષ્ઠાન તે નારાયણ.

જગત સંચાલક જે મહત્ તત્ત્વ છે, તે નારાયણ.

અખિલ વિશ્વનું જીવન,

અખિલ વિશ્વનું આરોગ્ય, અખિલ વિશ્વની શાંતિ

અને અખિલ વિશ્વની પ્રસન્નતા, તે નારાયણ છે.

મનુષ્યને આનંદ અને આરોગ્ય પદાર્થોથી નહિ,

પરન્તુ પરમાત્માથી પ્રાપ્ત થાય છે.

તે પરમાત્મા અંદર - બહાર સર્વત્ર વિદ્યમાન છે.

તેને સર્વ ભાવે સમર્પિત થવું, તે જ

નિર્ભયતા, નિશ્ચિંતતા અનુભવવાનો એકમાત્ર માર્ગ છે.

આ શરણાગતિનો ભાવ જ સર્વ બુદ્ધિમાન પુરુષોએ

શાસ્ત્રોના સારરૂપ કહેલો છે.

જે પ્રેમસુધાના સાગર છે, તેમાં લીન થઈ જવું.

શ્વાસ લેતી વખતે એમ ચિન્તવવું કે:

'પ્રેમસાગરની લહરીઓ પોતામાં આવી રહી છે.'

પછી તે પ્રેમસાગરની લહરીઓને પોતામાં સ્થિર કરો

પછી શ્વાસ બહાર કાઢતી વખતે

ૐ ૐ ૐનો ઉચ્ચાર કરવો.

દૈવ તો દૈવ છે જ, પરન્તુ પુરુષાર્થ તે પરમ દૈવ છે.

## સિદ્ધિનું એક ચિહ્ન જ્યોતિનું દર્શન છે.

चित्तप्रसादो मनसश्च तुष्टि-
रल्पाशिता स्वप्नपराङ्मुखत्वम् ।
स्वप्नेषु देवाद्युपलम्भनं च
सिद्धस्य चिह्नानि भवन्ति सद्यः ॥१॥ (પરિશિષ્ટ-૧૧)

ચિત્તપ્રસાદ આદિ તૌષ્ટિક કર્મ છે,
વ્યાધિનું નિવારણ તે શાંતિક કર્મ છે તથા
ઐશ્વર્ય-કીર્તિ-સંપત્તિ આદિનો લાભ તે પૌષ્ટિક કર્મ છે.

## કોણ શું ઇચ્છે ?

ચોર ઇચ્છે છે કે પોલીસ ન હોય,
ખુની ઇચ્છે છે કે જેલર ન હોય,
વ્યભિચારી ઇચ્છે છે કે પરસ્ત્રીનો ધણી ન હોય અને
કુકર્મી ઇચ્છે છે કે ઈશ્વર ન હોય.
દિલમાં દુરાચારનું જોર વધતાં ઈશ્વરનું સ્મરણ ભૂલાય છે,
એ જ પાપનું મૂળ છે.
પાપની સજા એ પાપ કરનારે
હાથે કરીને વહોરેલો ભગવાનનો વિયોગ છે.
પાપ = ભગવાનનું અપમાન, પ્રભુના નિયમનો અનાદર.
નરક એટલે ભગવાનનો વિયોગ.

આલંબનની ભાવનાનો આલંબ નહિ થાય,
ત્યાં સુધી દુઃખ રૂપી વૃક્ષનું મૂળ નિર્મૂળ નહિ થાય.
આલંબનની પૂર્તિ થયા પછી આનંદ મળે છે ખરો
પણ બાળ આલંબનો અનુભવ નહિ થતો, ત્યાં સુધી જ.
માયાપતિનો આશ્રય ગ્રહણ કરનાર જ દુસ્તર માયાને
તરી જાય છે. વાસ્તવિક રીતે મનુષ્ય દુર્બળ નથી પણ તેની
અંદર રહેલા દુર્બળ વિચારોએ તેને દુર્બળ બનાવ્યો છે.
આત્માની નહિ, નામ અને રૂપની જ નિંદા થઈ શકે,
પરન્તુ આવા નિંદાથી નફો યા નુકસાન થતાં નથી.

ભેદમાંથી અભેદમાં અને વિષમતામાંથી
સમતામાં જવું, તે 'યોગ' કહેવાય છે.

તંત્રશાસ્ત્ર પ્રમાણે ત્રણ પ્રકારના ભાવ છે:
પશુભાવ, વીરભાવ અને દિવ્યભાવ.

પશુભાવમાં ચાર નિયમો પાળવાના છે:
(૧) નિરામિષ ભોજન (૨) પરસ્ત્રી મા-બેન સમાન
(૩) મદ્યપાનનો ત્યાગ (૪) નિત્ય-નૈમિત્તિક કર્મોનું પાલન.
વીરભાવમાં ચાર નિયમ છે: (૧) સર્વદા હિંસાનો ત્યાગ
(૨) સર્વદા બ્રહ્મચર્યપાલન (૩) સર્વનું કલ્યાણ ઈચ્છવું
(૪) દુઃખમાં દીન કે સુખમાં લીન ન થવું.

## જ્ઞાનોદય વડે દિવ્યલાભનાં અધિકારી કેવી રીતે થવાય?

સર્વનું સુખ ઇચ્છનારને બદલામાં સુખ જ મળે છે, પરંતુ
જ્ઞાનોદય વિના આ લાભને પૂરેપૂરો સ્પર્શી શકાતો નથી.

'હું કોણ છું? આ વિશ્વ શું છે?
મારો અને તેનો સંબંધ કયા પ્રકારનો છે?
સુખ - દુઃખનાં કારણો કયા છે?
સુખની પ્રાપ્તિ - દુઃખની નિવૃત્તિ કયા ઉપાયોથી શક્ય છે?
પરમતત્ત્વ શું છે? અને તેનો સાક્ષાત્કાર કેવી રીતે થાય?'
એ રીતે જીવ, જગત અને ઈશ્વર તથા તેના
પરસ્પર સંબંધનું સંશયરહિત નિશ્ચયાત્મક જ્ઞાન થાય,
ત્યારે જ્ઞાનોદય થયો ગણાય.

સર્વના કલ્યાણનો લાભ બરાબર સ્પર્શે અને
તેમાં કેટલોક કાળ સ્થિર થવાય,
ત્યાર બાદ જ દિવ્યલાભનો અધિકારી ગણાય.

### દિવ્યલાભ માટેના ચાર નિયમ

(૧) રાગ-દ્વેષરહિત થવું જોઈએ.
(૨) સમત્વભાવ સદા ટકી રહેવો જોઈએ.
(3) સર્વભૂત - પ્રાણી પ્રત્યે સમદર્શી બનવું જોઈએ.
(૪) મનની ચંચળતાનો સર્વાંશે ત્યાગ કરવો જોઈએ.

આ જગતમાં હિમાલય ઓળંઘા કરનાર પુરુષાર્થ
કશું જ અશક્ય અને અસંભવિત નથી. તે સામાન્ય
માનવ મટીને એક સિદ્ધ મહાપુરુષની કોટિમાં મૂકાય છે.

છ પ્રકારની અતિ

अत्याहारः प्रयासश्च प्रजल्पो नियमग्रहः ।
जनसंगश्च लौल्यं च षड्भिर्योगो विनश्यति ॥१॥

(૧) અતિ આહાર (૨) અતિ પરિશ્રમ (૩) અતિ જલ્પ
(૪) અતિ નિયમ (૫) અતિ સંપર્ક (૬) અતિ લૌલુપ્ય.
મંત્રસિદ્ધિ માટે આ છ પ્રકારની અતિનો ત્યાગ કરવો.
બાહ્યપ્રવૃત્તિઓનો અતિરેક ધ્યાનસાધનામાં પ્રતિબંધક છે.

નવ પ્રકારના પુણ્યને જણાવનાર શ્લોક

बुद्धेः फलं तत्त्वविचारणं च
देहस्य सारं व्रतधारणं च ।
अर्थस्य सारं किल पात्रदानं
वाचः फलं प्रीतिकरं नराणां ॥

આ શ્લોકમાં મનપુણ્ય, વચનપુણ્ય તથા
કાયપુણ્યની સાથે ધનપુણ્ય પણ કહેલું છે.
ધનપુણ્યમાં અન્નપુણ્ય, જલપુણ્ય, વસ્ત્રપુણ્ય,
લયનપુણ્ય અને શયનપુણ્ય સમાઈ જાય છે.

બુદ્ધિના આઠ ગુણનો સાર તત્ત્વવિચાર છે,
શરીરના આઠ અંગોનો સાર અહિંસાદિ વ્રતોનું ધારણ છે,
વચનના સર્વ પ્રકારોનો સાર પ્રીતિકર વચન છે અને
ધનના સર્વ પ્રકારોનો સાર સુપાત્રમાં તેનું દાન છે.

<u>દાન દેવા માટેના પાત્રના ત્રણ પ્રકાર:</u>

<u>જઘન્ય - મધ્યમ - ઉત્કૃષ્ટ.</u>

જઘન્ય પાત્ર અવિરતિધર પાત્રો છે,
મધ્યમ પાત્ર દેશવિરતિધર પાત્રો છે અને
ઉત્કૃષ્ટ પાત્ર સર્વવિરતિધર પાત્રો છે.
ઉત્કૃષ્ટતર પાત્ર ગણધર અને ઉત્કૃષ્ટતમ પાત્ર તીર્થંકર છે.
તેને જ અનુક્રમે મૃત્તિકાપાત્ર, કાષ્ઠપાત્ર, રજતપાત્ર, સુવર્ણપાત્ર અને રત્નપાત્રની સંજ્ઞા પ્રાપ્ત થયેલ છે.

<u>કારણ અને કાર્યની જુગલબંધી</u>

જે પરિણમન કરે તે કારણ અને પરિણતિ તે કાર્ય છે.

<u>પુણ્યતત્ત્વ</u> = બુદ્ધિપૂર્વક ધર્માનુરાગ.

<u>પાપતત્ત્વ</u> = બુદ્ધિપૂર્વક વિષયાનુરાગ.

<u>મોક્ષતત્ત્વ</u> = જીવ સાથે અજીવ તત્ત્વનો સંબંધ સર્વથા છૂટી જવો તે.

<u>જીવતત્ત્વ</u> = જીવ દ્રવ્યનો ત્રૈકાલિક સ્વભાવભાવ.

## નવતત્ત્વ એ જીવદ્રવ્યની પર્યાય છે.

શરીર, ઇંદ્રિય, પ્રાણ, કર્મ આદિ જે અજીવ તત્ત્વો છે,
તે જીવદ્રવ્યની અવસ્થારૂપ છે.
ધર્માસ્તિકાય વગેરે અજીવ દ્રવ્યો છે,
તે જીવની અવસ્થારૂપ નથી, તેથી અજીવ તત્ત્વો નથી.
જીવદ્રવ્યમાં 'યોગ' નામનો ગુણ છે,
તેના કંપન અવસ્થા, તે આસ્રવ તત્ત્વ છે.
શરીર છે ત્યાં સુધી યોગ છે. શરીરનો સંબંધ છૂટી જાય,
ત્યારે નિષ્કંપ અર્થાત્ અયોગ અવસ્થા પ્રાપ્ત થાય છે.
મિથ્યાત્વ આદિ વૈભાવિક અવસ્થા, એ બંધ તત્ત્વ છે.
(શ્રદ્ધા-ચારિત્રાદિ ગુણની વૈભાવિક અવસ્થા તે બંધ તત્ત્વ.)
સમ્યક્ત્વાદિ સ્વાભાવિક અવસ્થા, એ સંવર તત્ત્વ છે.
નિર્જરા તત્ત્વ એ આત્મગુણની આંશિક શુદ્ધતા છે.
નિશ્ચયનય ધ્રુવ સ્વભાવને વર્ણવે છે,
વ્યવહારનય પર્યાયને વર્ણવે છે.
આત્મામાં કેવળજ્ઞાન, વીતરાગતા, મતિ - શ્રુતજ્ઞાન,
ક્રોધાદિ કષાય - એ સર્વ વ્યવહારનયના વિષયો છે.
નિશ્ચયનયથી એક નિશ્ચય થાય છે કે આત્મા
ગુણ - પર્યાય ભેદરહિત ત્રિકાળ ધ્રુવ સ્વભાવી છે.

જીવનો ત્રૈકાલિક સ્વભાવ તે જીવતત્ત્વ છે.
તેને ચૈતન્ય, જ્ઞાનઘન, જ્ઞાયક, પરબ્રહ્મ આદિ શબ્દોથી
સંબોધાય છે. અનંતાનંતગુણ પર્યાયોનો તે પિંડ યા પુંજ છે.

જીવતત્ત્વ તે અખંડ વસ્તુ છે, તેમાં
અજીવ તત્ત્વ, પુણ્ય તત્ત્વ, પાપ તત્ત્વ, આસ્રવ તત્ત્વ,
સંવર તત્ત્વ, બંધ - નિર્જરા - મોક્ષાદિ તત્ત્વનો અભાવ છે.
માત્ર જ્ઞાનનો પીંડ તે જીવ તત્ત્વ છે.

સત્તામાં પડેલા મોહનીય કર્મની સ્થિતિ અને રસનો ઘાત
શુભ ભાવથી થાય છે પણ શુદ્ધ ભાવથી નહિ, તેથી
પુણ્યભાવ હેય નહિ પણ ઉપાદેય છે.

પુણ્યભાવરૂપી કુહાડીથી મોહનીય કર્મના રસ-સ્થિતિ કપાય.
જેમ જેમ રસ - સ્થિતિ ઘટે છે, તેમ તેમ તે ગુણ-
સ્થાનકને યોગ્ય પુણ્યભાવને જીવ છોડતો જાય છે અને
ઉપરના ગુણસ્થાનકને યોગ્ય પુણ્યભાવ કરતો જાય છે.

સાવલંબન ધર્મધ્યાન વ્યવહાર સ્વરૂપ છે, તેમાં જે
અંશે વિકલ્પ છૂટે છે, તે અંશમાં નિશ્ચય ધર્મધ્યાન છે.

કેવળ શુદ્ધતા કે કેવળ અશુદ્ધતા ન હોવા, તેનું નામ
ક્ષયોપશમ છે. મિથ્યાત્વ, અવિરતિ આદિનો ત્યાગ, તે ભાવ
નિર્ગ્રન્થતા અને કુટુંબાદિનો ત્યાગ, તે દ્રવ્યનિર્ગ્રન્થતા છે.

કાર્ય - કારણ સંબંધમાં હંમેશા કારણની મુખ્યતા છે,
પછી તે કારણ જડ હો કે આ પુદ્ગલ... પણ
જે કારણ છે, તે પ્રધાન અને કાર્ય છે, તે ગૌણ છે.
કાર્ય તો કારણને આધીન બની પોતાની અવસ્થા
ધારણ કરે છે. કારણને નિમિત્ત અને કાર્યને નૈમિત્તિક
કહેવામાં આવે છે. એ રીતે કાર્ય - કારણને નિમિત્ત -
નૈમિત્તિક સંબંધ તરીકે ઓળખાવવામાં આવે છે.

કુંદકુંદ ભગવાન પોતાના શબ્દની

સ્વાકારરૂપ પદ્ધતિ ભજે છે, તે નિશ્ચય અને
પરપદાર્થને ભજે છે, તે વ્યવહાર - સહજ ઉપચાર.
અબુદ્ધિપૂર્વક કાર્ય ક્રમબદ્ધ છે, બુદ્ધિપૂર્વક કાર્ય અક્રમબદ્ધ છે.
સમ્યગ્દર્શન ગુણનું પ્રધાન કારણ તત્ત્વનો વિચાર છે.
બધાં કારણ મળે પણ તત્ત્વનો વિચાર ન કરે,
તો સમ્યગ્દર્શન ઉત્પન્ન થતું નથી.

પુણ્યં તેજોમયં પ્રોક્તમ્ (પ્રાહુઃ) = પુણ્ય તેજમય કહ્યું છે.
પ્રાહુઃ (પ્રોક્તમ્) પાપં તમોમયમ્ = પાપ અંધારમય કહ્યું છે.
તત્પાપં પુંસિ કિં તિષ્ઠેદ્ દયાદ્રૌ દ્યુતિમાલિનિ ॥૧॥

:અર્થ:

તેથી દયા વગેરે તેજવાળા પુરુષમાં પાપ કેવી રીતે રહે?

સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં અંતરંગ કારણ
મિથ્યાત્વ મોહનીયાદિ ૭ પ્રકૃતિનો ક્ષય - ક્ષયોપશમ છે
અને બાહ્ય કારણ તત્ત્વવિચારજન્ય
આત્માનો ઉત્સાહ - પુરુષાર્થાદિ છે.

જીવના પર્યાયને 'ભાવ' શબ્દનો પ્રયોગ છે અને
પુદ્ગલના પર્યાયને 'દ્રવ્ય' શબ્દનો પ્રયોગ છે.

લેશ્યાને યોગ પરિસ્પંદ માનેલ છે,
તેથી સયોગી કેવલી ગુણસ્થાનક પર્યંત લેશ્યા છે.

જ્ઞાનચેતના જ્ઞાનગુણના ક્ષયોપશમ રૂપ નથી,
પરંતુ ચારિત્રગુણની આંશિક શુદ્ધિ છે.

કર્મચેતના અને કર્મફલચેતના
ચારિત્રગુણની આંશિક અશુદ્ધિ છે, જ્ઞાનગુણની નહિ.

સમ્યગ્દર્શનગુણની ઘાતિમાં સમકીત મોહનીય
શંકા - કાંક્ષાદિ અતિચારો ઉપજાવે છે.

જીવ ચાર પ્રાણથી જીવે છે:
(૧) ઇંદ્રિય (૨) આયુ (૩) બલ (૪) શ્વાસોચ્છ્વાસ.

મિથ્યાદૃષ્ટિ જીવોને તપથી નિર્જરા નથી, કિન્તુ
પુણ્યનો બંધ થાય છે. અહીં ગુણ - ગુણી ભેદની નહિ,
પરન્તુ અભેદની થાય છે, ભેદનું તો જ્ઞાન થાય છે.

## સ્વાનુભૂતિ એ ચારિત્રગુણનું કાર્ય

સ્વાનુભૂતિ = અનંતાનુબંધી કષાયનો અભાવ.
શાંતિ, સ્વાનુભૂતિ, ચારિત્ર - એ શબ્દો એકાર્થક છે.
સ્વાનુભૂતિ તે જ્ઞાનગુણનું નહીં - ચારિત્રગુણનું કાર્ય છે.
મોક્ષતત્વ = કર્મોનો આત્યંતિક અભાવ અને
આત્મગુણોની સંપૂર્ણ શુદ્ધતા.
નિશ્ચયથી વાત્સલ્યગુણ = પોતાના આત્મા ઉપર પ્રેમ.
વ્યવહારથી વાત્સલ્યગુણ = ગૌવત્સ સમ સાધર્મી પ્રેમ.
શ્રદ્ધા અને ચારિત્રગુણની વૃદ્ધિ પુરુષાર્થને આધીન છે.
જ્ઞાનગુણની વૃદ્ધિ એ
જ્ઞાનાવરણીય કર્મના ક્ષય - ક્ષયોપશમને આધીન છે.
જેટલા અંશમાં કષાયની નિવૃત્તિ, તેટલા અંશમાં
શાંતિ, સ્વાનુભૂતિ અથવા ચારિત્રગુણની વૃદ્ધિ છે.
વ્યવહાર સમકીત જ્ઞાનગુણની પર્યાય છે,
નિશ્ચય સમકીત સમ્યગ્દર્શન - શ્રદ્ધાગુણની પર્યાય છે.
જ્ઞાન જાણવા રૂપ છે, શ્રદ્ધા અનુભવ રૂપ છે.
નિશ્ચય સમ્યગ્દર્શન જ્ઞાનનો કે ચર્ચાનો વિષય નથી,
શ્રદ્ધા છદ્મસ્થ જ્ઞાનને ગોચર નથી,
તેમાં અનુભવ જ આગમ એ પ્રમાણ છે.

વ્યવહાર સમ્યગ્દર્શનમાં જીવાદિ તત્ત્વોની શ્રદ્ધા છે,
નિશ્ચય સમ્યગ્દર્શનમાં પોતાના આત્માનું શ્રદ્ધાન છે.
જ્ઞાન કારણ છે અને શ્રદ્ધા તેનું કાર્ય છે.
કર્મનો ઉદય તે આત્માની પુરુષાર્થહીનતાનું ચિહ્ન છે.
શ્રદ્ધાની પૂર્ણતા ચોથે ગુણસ્થાનકે,
ચારિત્રની પૂર્ણતા બારમે ગુણસ્થાનકે,
જ્ઞાનની પૂર્ણતા તેરમે ગુણસ્થાનકે થાય છે અને
સુખની પૂર્ણતા ચૌદમે યોગનિરોધાવસ્થામાં થાય છે,
તે પહેલાં અવ્યાબાધ સુખ નહિ.
૭ તત્ત્વોમાં અજીવતત્ત્વમાં પ્રદેશભેદ છે,
બાકીના ૬ તત્ત્વોમાં પ્રદેશભેદ નહિ.
પ્રથમ ગુણસ્થાનકે સાતમાંથી ચાર તત્ત્વ છે,
ચોથે ગુણસ્થાનકે છ તત્ત્વ છે,
દસમે ગુણસ્થાનકે નિર્જરા સિવાય પાંચ તત્ત્વ છે.
કેવળીને તેરમે ગુણસ્થાનકે પાંચ તત્ત્વ છે,
ચૌદમે ગુણસ્થાનકે જીવ - અજીવ બે તત્ત્વ છે.
સિદ્ધમાં એક જીવ તત્ત્વ છે.
અજીવ તત્ત્વનો અભાવ તે વ્યવહારમોક્ષ છે અને
જીવનાં ગુણોની સંપૂર્ણ શુદ્ધતા તે નિશ્ચયમોક્ષ છે.

## ધર્મ ચરિત શું?

ધર્મની સમગ્ર રીતે વ્યાખ્યા આપવી હોય, તો કહી શકાય કે:
'આપણા અંદર રહેલી પૂર્ણતા પ્રતિ ગતિ કરવાનું વિજ્ઞાન'.
ધર્મને ઉન્નત જીવન જીવવાનું વિજ્ઞાન પણ કહી શકાય.
'પોતે કોણ છે' તે જાણવું અને પૂર્ણતા સુધી પહોંચવું,
તેને 'આધ્યાત્મિક વિજ્ઞાન' કહી શકાય.
ધર્મ ચરિત સમાનપણે સારું જીવન જીવવાનું વિજ્ઞાન.
આ પ્રયોગ પોતાની ઉપર જ શક્ય છે.
સ્વયં પ્રયોગ કરીને અંતરમાંથી બાહ્યમાં જવાનું છે.
આપણું વર્તમાન વ્યક્તિત્વ,
કે જેને આપણે આપણું માનીને ફરીએ છીએ અને
જેને અનુભવીને બધો વ્યવહાર કરીએ છીએ,
તે તો અપૂર્ણ અને બહારથી ઘડાયેલું છે પણ સ્વયં
આપણું વ્યક્તિત્વ છે, તે પૂર્ણ છે, તે તદ્દન જુદું છે.
અંતર - બાહ્યવ્યાપક છે. તેને સિદ્ધ કરવાનો પ્રયોગ
તે જ સાચું શિક્ષણ અથવા તો ધાર્મિક શિક્ષણ છે.
આધ્યાત્મિક વિજ્ઞાન એ પૂર્ણનું વિજ્ઞાન છે,
તેમાં ક્યાંય ભિન્નતા, ટુકડો કે અલગતા હોતી નથી.
ચરિત પૂર્ણતા સિદ્ધ કરવા માટે બે પૂર્ણથી જ

સમજવા અને પચાવવાની પ્રક્રિયા કઠણ નથી.
મૂળ આધારને લઈને જ જોવામાં આવે, તો તે
ઝટ પચાવવામાં આવી શકે છે અને પ્રક્રિયા ટૂંકી બની શકે છે.
મનુષ્યને પોતાના જન્મની સાથે જ
બે મોટી શક્તિઓની બક્ષિસ મળી છે:
એક વિચારસ્વાતંત્ર્ય અને બીજું કાર્યસ્વાતંત્ર્ય.
શરીરના જુદા જુદાં અવયવો અને તેની ક્રિયાઓ
જુદી છે, છતાં તે સર્વ એકબીજા સાથે સંબંધિત છે.
બધા પરમ સંવાદિત છે - પરસ્પર integrated છે.
આ જ integration ઉપર સંશોધન કરવામાં આવે,
તો જે જે સિદ્ધાંતો શરીરને લાગુ પડે છે,
તે તે આખા વિશ્વને પણ લાગુ પડે છે.
આ Cosmic principles eternal અને
અનંતા કાળ સુધી નિત્ય - unified રહેવાના છે.
Integrated personality = સર્વાંગીણ વિકાસ.
'વિરાટ વિશ્વના એક બિન્દુ સમાન - પૃથ્વી ઉપરનો
હું એક ક્ષુદ્ર જંતુ છું' એવી લઘુતાને સ્થાને
'આ સમસ્ત વિશ્વની વિરાટ યોજનાશક્તિનો
હું એક અંશ છું' એવું દર્શન થવું જોઈએ.

ધર્મથી ધન મળે ? જી હા, ધર્મથી ધન મળે, કેમકે...

ધર્મનો એક અંશ પુણ્ય છે અને તે ઐશ્વર્યનો હેતુ છે.

પુણ્ય પરોપકારથી ઉપાર્જન થાય છે અને પરોપકારમાં
આજ્ઞાનું પાલન છે. આજ્ઞાપાલન એ ધર્મ છે.
સ્વપરનું સુખ આજ્ઞાપાલનનું પ્રયોજન છે.
જીવોને સુખનું સાધન બતાવવું તે આજ્ઞાનું તાત્પર્ય છે.
સુખનું સાધન પુણ્ય તથા પુણ્યનું સાધન પરોપકાર છે.
પરોપકાર પવિત્ર કૃતિથી થાય છે.
પવિત્ર કૃતિ દાન - દયા - શીલ અને તપ છે.
ધર્મના ફળનું વર્ણન તેના મૂળ ઉપર રુચિ પેદા કરવા છે.
રુચિમાંથી ઇચ્છા અને પ્રયત્ન પ્રગટે છે.
સ્વાર્થસિદ્ધિ પરાર્થમાંથી છે, તેથી પરાર્થ આજ્ઞાપદાર્થ છે.
પરમાત્માની આજ્ઞા પરાર્થસિદ્ધિ માટે છે.
ષડ્જીવનિકાયનું હિત એ જ ધર્મનો પ્રારંભ છે અને
ષડ્જીવનિકાયનું હિત એ જ ધર્મનો અંત પણ છે.
ધર્મનો અંત મોક્ષમાં છે, તેથી એમ પરસ્પર વ્યાપ્તિ છે કે:
'મોક્ષ એ ષડ્જીવનિકાયનું હિત છે અને
ષડ્જીવનિકાયનું હિત એજ મોક્ષ છે.'
ધર્મનું મૂળ = દયા = પરહિતનો ભાવ. દયા ભાવધર્મ છે.

## ધર્મનું માહાત્મ્ય

ધર્મનો ઇજ્જર કરનાર જેવો ગણાય છે? તે ભલી કે મસ્તકથી પર્વત તોડવા તૈયાર થયો હોય, એવો ગણાય છે.

કીડી જો સાગરને પાર ઉતરે,
તો મનુષ્ય ધર્મનું માહાત્મ્ય સમજી શકે.

સર્વશક્તિમાન પ્રભુની સમજ

પોતાના પૌરુષનું અભિમાન ભારેમાં ભારે અવરોધ છે.
મનોરથોની સિદ્ધિમાં તે અત્યંત પ્રતિબંધક છે.
અભિમાન વગરના થવા તથા પ્રભુમિલન કરવા માટે
ધર્મ સમજાવવા ગુરુનું માહાત્મ્ય છે.

सुमिरन मारग सहज का, सतगुरु दिया बताय।
श्वासश्वास सुमिरन करूं इक दिन मिलसी आय ॥१॥
सुमिरन से सुख होत है, सुमिरन से दुःख जाय।
कहै कबीर सुमिरन किये साईं मांहि समाय ॥२॥

### અધ્યાત્મ એટલે...

અહંભાવનું વિસર્જન અને નવા જન્મની કૃતાર્થતા.
અધ્યાત્મ જીવન માટે અભીપ્સા થવી,
જિજ્ઞાસા જાગવી, ગુરુકૃપા - પ્રભુનો અનુગ્રહ પ્રાપ્ત થવો,
એ સતત ક્રમ છે, અકસ્માત નહિ.

અભેદ = અખંડ - અનાદિ - અનંત ત્રૈકાલિક આત્મદ્રવ્ય,
તેમાં પદ્ધતિનો વિચાર નથી.

અહીં ભેદની નહિ પણ અભેદની વાત છે, ભેદનું
તો માત્ર જ્ઞાન થાય છે. અહીં એ જ્ઞાનરૂપ નહિ
પણ અખંડ આત્મદ્રવ્યની અનુભૂતિરૂપ છે.

સાતે તત્ત્વોમાં જીવતત્ત્વ દ્રવ્યાર્થિકનયનો વિષય છે,
બાકીનાં છ તત્ત્વો પર્યાયાર્થિકનયનો વિષય છે.

ભક્તિ માટે મનઃશુદ્ધિ જોઈએ અને મનઃશુદ્ધિ માટે
આચારશુદ્ધિ અને વિચારની શુદ્ધિની આવશ્યકતા છે.

## અધ્યાત્મનો આનંદ

Occult powers = Psychic powers.
Magical powers = Black powers.

એ બધી શક્તિઓની હસ્તી, હાજરી અથવા પ્રકટીકરણ
- એ અધ્યાત્મ નથી, પરન્તુ
સ્વરૂપને પામવાની કૃતાર્થતા એ અધ્યાત્મનો આનંદ છે.

મુંબાઈ જતાં રસ્તામાં વડોદરા, સુરત કે વલસાડ આવે,
તેમ સ્વરૂપની આંતરયાત્રામાં ઘટનાપ્રવાહ તો હોવાનો
જ પણ એ જીવનના જાદુ કે ચમત્કાર નથી,
એ તો જીવનની પોતાની સહજ નીપજ છે.

## ગુહ્યદ્વાર દ્વારા પરમાત્મપદ માટે...

(૧) પ્રથમ પ્રક્રિયા છે ચિત્તવૃત્તિ, પછી આત્મચિન્તન અને અંતે વિચારવૃત્તિ - Vacant mind.

(૨) બીજી પ્રક્રિયા પ્રમાણે આત્મચિન્તન નહિ પણ અનાત્મનિરસનનો અનુભવ અર્થાત્ શરીર, ઇંદ્રિયો, મન અને બુદ્ધિથી આત્માનું પૃથક્ત્વ.

(3) ત્રીજી પ્રક્રિયા પ્રમાણે ગુહ્યદ્વાર તથા દોષદ્વાર.

રામનું ચિન્તન તે સત્યનું ચિન્તન.

કૃષ્ણનું ચિન્તન તે પ્રેમનું ચિન્તન.

આમ ગુહ્યવિકાર દ્વારા પરમાત્મપદ પર્યન્ત પહોંચાય છે.

ભાગવત સ્કંધ (૧૨ - અ - ૧૩)માં કહ્યું છે કે:

નામસંકીર્તનં યસ્ય સર્વ પાપ પ્રણાશનમ્ ।
પ્રણામો દુઃખશમનસ્તં નમામિ હરિં પરં ॥ અર્થાત્:

જેમના નામનું કીર્તન સર્વ પાપોનો નાશ તથા પ્રણામ દુઃખનું શમન કરે છે, તે હરિને હું નમસ્કાર કરું છું.

### ત્રણ પ્રકારે સંતાન

શરીર સંતાન, દત્તક સંતાન, વિચાર સંતાન.

શરીર સંતાનને માતા - પિતાની બાબતી મળે છે, દત્તકને સંપત્તિ મળે અને ત્રીજાને વિચારધન મળે છે.

## સાચી નમ્રતા શેમાં ?

સાચી નમ્રતા અરિહંતની આજ્ઞાપાલનની વૃત્તિમાં છે.

આજ્ઞાપાલનની વૃત્તિ તથા નમ્રતા પર્યાયવાચી છે.

નમ્રતા એ આધ્યાત્મિક ઉચ્ચતા છે,

નમ્રતા એ પરમ પ્રેમની સૂચક છે.

નમ્રતામાં નિરહંકારતા અને પૂર્ણ સમર્પણતા રહેલા છે.

પ્રેમ અને નમ્રતા એ જીવનનું અમૃત છે,

ધર્મવિદ્યાનું મૂળ છે, સંસારનો સાર છે.

न त्वहं कामये राज्यं न स्वर्गं नाऽपुनर्भवम्।

कामये दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम्॥१॥

યોગ એટલે સંયોગ - addition.

Faith is an openness of mind. અનુભવ-મૂલક જીવનનિષ્ઠા એ જ સાચી શ્રદ્ધાનું સ્વરૂપ છે.

जिज्ञासा नास्ति नास्तिक्यम्।

આસ્તિક્યનું પ્રથમ સોપાન જિજ્ઞાસા છે.

આપ્તવચન ઉપર શ્રદ્ધા એ એક પ્રકારનો આત્મોપયોગ છે.

આગમની પ્રમાણતા પ્રત્યક્ષ અનુભવ અને સાક્ષાત્કાર છે.

આગમિક ભાષામાં શુક્લધ્યાન એટલે

સ્વસંવેદન રૂપ આત્મલાભ.

## <u>ઋગ્વેદમાં જૈનોનો સંદર્ભ</u> ૐ August, 1968

ઋગ્વેદ દુનિયાનો પહેલો ગ્રન્થ મનાય છે.

તેમાં આવે છે કે: 'अर्हन्निदं दयसे विश्वमभ्वं ।'

અર્હત્: આ તુચ્છ વિશ્વ ઉપર દયા રાખ,

તો વિશ્વનું ભલું થશે.

ઋગ્વેદના બીજા મંડળમાં ગૃત્સમદ ઋષિનો આ મંત્ર છે.
અર્હન્ અને દયા એ બે શબ્દો સાથે બોલવામાં આવે,
તો એકદમ ખ્યાલમાં આવશે કે આ જૈનોનો સંદર્ભ છે.

<u>કેનોપનિષદ્‌ના પ્રારંભમાં કહ્યું છે કે:</u>

ભગવાન બહાર નહિ, આકાશમાં નહિ,
દૂર નહિ, તારી અંદર જ છે, તેથી
તારી પાસે જે ઇંદ્રિયો છે, તેને દિવ્ય - લોકોત્તર બનાવ,
એ જ અધ્યાત્મ છે. પરમાત્મા આપણા - જીવાત્માના
અંતરમાં બિરાજને દીવાની જેમ પ્રકાશ આપી રહ્યા છે.

<u>'યોગબિંદુ'માં કહ્યું છે કે:</u>

કાયાથી સંસારમાં - મનથી મોક્ષમાં રહે, તે સમ્યગ્દૃષ્ટિ છે.
સમ્યગ્દૃષ્ટિ દેહપાતી હોય પણ ચિત્તપાતી ન હોય.
ડોંગરેજી કહે છે: ભક્તિ એ સાધન - ભગવાન એ સાધ્ય.
પરમાત્માની પાછળ પડે, તેની પાછળ માયા પડે છે.

માયાની પાછળ પડનારથી માયા દૂર ભાગે છે. સંસાર એ મનની કલ્પનામાત્ર છે, તે કારણથી જીવમાત્રે મનને કાબુમાં રાખવાનું છે, તેથી સમગ્ર સંસાર કાબુમાં આવે છે. ભોગવૃત્તિનું ભક્તિસ્વરૂપ કરવું, તે તેનું ઉદાત્તસ્વરૂપ છે.

21/9/68

**What is Theosophy? - H. Kalidas Mehta**

જડમાં ચેતન, ક્ષણમાં અનંતકાળ, અંતમાં અનંતત્વ,
પરમાણુમાં અપરમાણુ, દૃશ્યમાં અદૃશ્ય, માયામાં મહેશ્વર,
જીવમાં શિવ, દુઃખ - સુખમાં આનંદ, મુશ્કેલીમાં તક,
રોગમાં આરોગ્ય, યુદ્ધમાં શાંતિ, પાપીમાં સાધુતા,
વિભક્તમાં અવિભક્ત, અણુમાં બ્રહ્માંડ, બંધમાં મુક્તિ,
દોષમાં ગુણ, આકારમાં નિરાકાર, અજ્ઞાનમાં જ્ઞાન,
નિષ્ફળતામાં સફળતા, દ્વેષમાં પ્રેમ, નિરાશામાં આશા,
પુનર્જન્મમાં સત્, કર્મમાં ચિત્, વિકાસમાં આનંદ,
પ્રશ્નમાં ઉત્તર, ભેદમાં અભેદ,
દ્વંદ્વમાં પ્રકૃતિ જોવા, જાણવા, એ પ્રમાણે જીવનમાં જીવવું,
તેનું જ્ઞાન આપનાર વિદ્યા તે આત્મવિદ્યા - Theosophy છે.

o

પ્રભુ ! હું તારું સ્તવન કરીશ અને
મારી બુદ્ધિ શુદ્ધ કરીશ. - ગાયત્રી

ઉવસગ્ગહરં સ્તોત્રના કુલ ૧૨,૮૦૦ અર્થ કઈ રીતે?

ઉવસગ્ગહરં સ્તોત્રની પહેલી ગાથાના ૮૦ અર્થો:

(A) 'ઉવસગ્ગહરં પાસં'ના પાંચ અર્થ

(1) પાર્શ્વ યક્ષ (2) પાસે રહેલ ધરણેન્દ્ર - પદ્માવતીયુક્ત

(3) પશ્ય - દગ - સર્વજ્ઞ - સર્વદર્શી

(4) પ્રગતા આશા = આશારહિત - વીતરાગ

(5) પાર્શ્વનાથ પ્રભુ, પાર્શ્વ = પાસે - પડખે - નિકટાત્મા.

(B) 'કમ્મઘણ મુક્કં'ના બે અર્થ

(1) ઘનકર્મથી મુક્ત (2) કર્મઘનથી મુક્ત.

(C) 'વિસહર વિસ નિન્નાસં'ના ચાર અર્થ

(1) વિસંજલં (2) હરં (3) ગ્રહં = ગંગા કાંઠે ઘરવાળો કમઠ

(4) વિષહર વિસ = મિથ્યાત્વરૂપી ઝેર દૂર કરનાર,

દશ પ્રકારના સર્પનું ઝેર - મિથ્યાત્વધારીનું મિથ્યાત્વવિષ.

(D) 'મંગલ - કલ્લાણ - આવાસં'ના બે અર્થ

(1) 'મંગલં વિપદુપશમાદિરૂપં ।'

સ્વસંપદ - પરસંપદ, અનર્થહર - અર્થકર.

(2) 'કલ્યાણં સંપદુત્કર્ષાદિરૂપં ।'

મંગળકારી સુખદાયી આત્માના સ્થાનરૂપ.

૫ x ૨ x ૪ x ૨ = ૮૦ અર્થ.

મંગલં વિપદુપશમં । કલ્યાણં સંપદુત્કર્ષરૂપં ।

ઉવસગ્ગહરં સ્તોત્રની બીજી ગાથાના ૪૦ અર્થ:

'વિસહર ફુલિંગ મંતં' અર્થાત્

મંત્રમાં રહેલ (ધરણેન્દ્ર - પદ્માવતીયુક્ત) પાર્શ્વનાથને.

મનનઃ ત્રાણં = Thing itself. મનનેન ત્રાણં = objective,

મનનાત્ ત્રાણં = Subjective.

મંતં = મનનઃ ત્રાણં, મનનેન મનનાત્ વા ત્રાયતે ઇતિ ।

મણુઓ - મનુષ્ય અથવા માંત્રિક.

જરા - જ્વર - જરા - જંતિ 'ઉ'વસામં.

સ્વાર્થ - પરાર્થ સંપદ્ - ૫ x ૪ x ૨ = ૪૦ અર્થ.

ઉવસગ્ગહરં સ્તોત્રની ત્રીજી ગાથાનો ૯ અર્થ:

(1) નરતિરિએસુ વિ જીવા - નર અને તિર્યંચને વિષે

અથવા પશુતુલ્ય નરને વિષે.

ઉવસગ્ગહરં સ્તોત્રની ચોથી ગાથાના ૨ અર્થ:

(1) તુહ સમ્મત્તે લદ્ધે - તારું સમ્યક્ત્વ મળે

(2) તારું સમ્મત્તે - સંમતિ.

ઉવસગ્ગહરં સ્તોત્રની પાંચમી ગાથાના ૨ અર્થ:

'ઇઅ સંથુઓ મહાયસ' = મહાયસ - મહાયશસ્વી.

મહ = તેજ + આય = લાભ, સ = સહિત - મહાપ્રતાપી

૮૦ x ૪૦ x ૯ x ૨ x ૨ = ૧૨,૮૦૦ કુલ અર્થ.

पासस्स (वर) नामक्खरिद्धिमतं जापेन ।

ઉવસગ્ગહરં સ્તોત્રના ક્રમશઃ ૫ ગાથાના કુલ અક્ષર

૩૭ - ૩૮ - ૩૭ - ૩૫ - ૩૮ = કુલ્લે અક્ષર ૧૮૫.

(૧) પ્રથમ ગાથાના ભાવપૂર્વક પાઠથી

ઉપસર્ગ, ઉપદ્રવ, વિષધરના વિષનો નાશ થાય.

(૨) પ્રથમ અને બીજી ગાથાના સંયુક્ત પાઠથી

ગ્રહ - રોગ - મારી - વિષમજ્વર - દુષ્ટ - દુર્જન તથા

સ્થાવર - જંગમ વિષનો નાશ થાય.

(૩) પ્રથમ ત્રણ ગાથાના સંયુક્ત પાઠથી

વિષમરોગ, દુઃખ તથા દારિદ્રયનો નાશ થાય છે.

(૪) પ્રથમ ચાર ગાથાથી સર્વ મનોવાંછિતં પ્રાપ્ત થાય છે.

આ ૪ ગાથામાં 'પાર્શ્વચિંતામણિ મંત્ર' સ્થાપન કરેલ છે.

(૫) ઉવસગ્ગહરંના સ્તોત્રના સંપૂર્ણ પાઠથી

આ લોક - પરલોકનાં સર્વ કાર્યો સિદ્ધ થાય છે.

પાંચે ગાથાના આદિ પદોથી પંચપરમેષ્ઠિનું સ્મરણ થાય છે.

ॐ अमरतरु - कामधेणु - चिंतामणी - कामकुंभमाइया ।

सिरि पासनाह सेवाग्गणा सव्वे वि दासत्तं ॥ અર્થાત્ઃ

શ્રી પાર્શ્વનાથ ભગવાનની સેવા કરનારને કલ્પવૃક્ષ,

કામધેનુ, ચિંતામણી, કામકુંભ વગેરે સર્વ દાસરૂપે છે.

આ પારસ જિન પારસરસ સમો પણ ઈહાં પારસ નાહીં;
પૂરણ રસિયો હો નિજગુણ પરસનો આનંદઘન મુજમાંહી
- ધ્રુવપદ : રામી હો સ્વામી

મારા નિખિલ આત્મપ્રદેશો શુદ્ધ ચૈતન્ય
સંપૂર્ણ રસમય સ્વકીય ગુણોમાં જ રમણ કરનારા
શુદ્ધ જ્ઞાનચેતના સ્વરૂપ આનંદના જ પીંડભૂત
મારી અંદર પણ વસે છે, તેની જ સ્તુતિ કરું છું.
નિઃશેષ મન્ત્રાક્ષરન્યાસમંત્રં શ્રી પાર્શ્વ તીર્થેશ્વર નામધેયમ્।

| પાર્શ્વપ્રભુના ૧૦ ભવો | કમઠના ૧૦ ભવો |
|---|---|
| (૧) મરુભૂતિ બ્રાહ્મણ | મોટો ભાઈ |
| (૨) હાથી | કુર્કટ સર્પ |
| (૩) ૮મું સ્વર્ગ | પાંચમી નારકી |
| (૪) કિરણવેગ વિદ્યાધર | યોજનકાયા સર્પ |
| (૫) ૧૨મું સ્વર્ગ | છઠ્ઠી નારકી |
| (૬) વજ્રનાભ રાજા | કુરંગક ભીલ |
| (૭) નવ ગ્રૈવેયક | સાતમી નારકી |
| (૮) કનકબાહુ ચક્રવર્તી | સિંહ |
| (૯) ૧૦મું સ્વર્ગ | પાંચમી નારકી |
| (૧૦) પાર્શ્વપ્રભુ | મેઘમાલી દેવ, કમઠ તાપસ, બોધિજ્ઞાન. |

## વ્યક્તિગત અને સામૂહિક પ્રયોગોનો પરસ્પર સંબંધ

વિજ્ઞાનના પ્રયોગો પ્રયોગશાળામાં સફળ થયે જગતમાં ફેલાય છે, અધ્યાત્મના પ્રયોગો માટે પણ તેમ જ છે. પંચપરમેષ્ઠિની સર્વ વિશ્વવ્યાપક વિશિષ્ટ શક્તિઓનો પ્રયોગ સૌ પ્રથમ વ્યક્તિગત ક્રિયામાં થાય છે અને

ત્યાં કસોટીમાંથી પાર ઉતર્યા બાદ જ

તેનો સામૂહિક વિનિયોગ કરવામાં આવે છે.

## નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિ

જગતમાં બધું છે, જો તેનો સદુપયોગ કરતાં આવડે તો લાભ થાય છે અને ન આવડે તો હાનિ થાય છે. કુશળ વૈદ્ય ઝેરને પણ મારીને ઔષધ બનાવે છે,

કુશળ મદારી સર્પથી આજીવિકા ચલાવે છે.

આત્માને જોવાની પણ બે દૃષ્ટિ છે: નિશ્ચય - વ્યવહાર. તેનો સદુપયોગ થાય તો વિકાસ, અન્યથા વિનાશ છે.

## કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી

પૂર્વે ચંગદેવ, ૯ વર્ષની વયે મુનિ સોમચંદ્ર, ૨૧ વર્ષની વયે આચાર્ય હેમચંદ્ર બન્યાં. સં - ૧૧૪૫ના કારતક સુદ ૧૫ એ તેમનો જન્મ, ૧૧૬૬ વૈ. સુદ ૩ આચાર્યપદ, ૧। લાખ શ્લોક સિદ્ધહેમ વ્યાકરણની રચના સં. ૧૯૯૩માં એક વર્ષમાં કરી.

## ૨૪ ભગવાનનાં નામનું સ્વરૂપ

૧૭ નાથ, ૪ સ્વામી, ૨ પ્રભુ તથા ૧ દેવ છે.
૨૪ ભગવાનમાં ૩ અક્ષરવાળા ૧૦ નામ,
૨ અક્ષરવાળા ૮ નામ, ૪ અક્ષરવાળા ૪ નામ તથા
૫ અક્ષરવાળા ૨ નામ છે.
પ્રભુ પાર્શ્વનાથની ૭ ફણા ૭ ભય નિવારે છે અને
૭ તત્ત્વનો ઉપદેશ સૂચવે છે.

## એક થી બાર અંક

સત્તા - અસ્તિત્વ એક, દ્રવ્ય - પર્યાયનય - બે,
કાળ ત્રણ, ગતિ ચાર, અસ્તિકાય પાંચ,
દ્રવ્ય છ, નય સાત, કર્મ આઠ,
તત્ત્વ નવ, ક્ષમાદિ ધર્મ દસ,
પ્રતિમા - દર્શન - વ્રતાદિ અગિયાર,
શ્રાવકનાં વ્રત સ્થૂલપ્રાણાતિપાતવિરમણાદિ બાર છે.

Look beyond appearances.
Let the will of God be done.
Where there is a will, there is
a way. Where there is divine will,
there is a glorious way!

ઉહાવા, સં. ૨૦૨૯, ચૈત્ર વદી ૫

'જ્ઞાનં નિર્ગ્રંથં ।' મનુષ્ય જ્યારે ગ્રન્થિ
અભાવ વધે છે, ત્યારે જ્ઞાનમાં પ્રવેશ કરે છે.

મૈત્ર્યાદિ વાસના એ શુદ્ધ વાસના છે,
દેહવાસના, લોકવાસના, શાસ્ત્રવાસના એ મલિન વાસના છે.
પહેલી બે મલિન વાસનાઓ છોડવાનું કામ દુષ્કર છે,
તો પણ ભક્ત મનુષ્ય તેને છોડી શકે છે, કિન્તુ
શાસ્ત્રવાસના છોડવાનું કાર્ય ભક્તને પણ કઠણ છે.
ભક્તનું પોષણ શાસ્ત્રરૂપી દૂધ ઉપર થાય છે.
શાસ્ત્ર એ માનું દૂધ છે, તે એકદમ છૂટતું નથી.
તે છૂટે ત્યારે સમજવું કે હવે તે પગભર થયો છે.
જ્ઞાન જ્યારે અનુભવાત્મક બને છે, ત્યારે ગ્રન્થિ પણ
છૂટી જાય છે અને સાચા અર્થમાં નિર્ગ્રન્થતા આવે છે.

આણાએ ધમ્મો । આજ્ઞા એ ધર્મ.

આજ્ઞામાં ધર્મ છે, ધર્મ આજ્ઞાથી પ્રતિબદ્ધ છે.
ગુરુઆજ્ઞાથી મોક્ષ છે. આજ્ઞા ષડ્જીવનિકાયહિતસ્વરૂપ છે.
એનું મૂળ પણ ષડ્જીવનિકાયહિતપરમાત્મતત્ત્વ છે. ધર્મનો
હેતુ અહિંસા, ધર્મનું સ્વરૂપ આજ્ઞાપાલનનો અધ્યવસાય
અને મૂળ સર્વ જીવરાશિને અભયદાન છે.

અરિહંતાદિ પદોનું મૂળ, ફૂલ અને સ્વરૂપ -
અહીં આજ્ઞાપાલનમાંહિ ફલિત થાય છે.

આજ્ઞા એ જ મોક્ષ છે, આજ્ઞા એ જ ધર્મ છે.

આજ્ઞા એ જ કર્તવ્ય, ધ્યાતવ્ય, ઉપાસિતવ્ય છે.

આજ્ઞા એ જ આત્મા છે, આજ્ઞા એ જ સામાયિક છે
અને સામાયિક એ જ આજ્ઞા છે.

સામાયિકનું તથા આજ્ઞાનું પ્રયોજન પણ આત્મા છે.

આજ્ઞા વિશ્વવ્યાપી છે.

નવકારમાં આજ્ઞા છે, નવપદમાં આજ્ઞા છે.

ષટ્સ્થાનકોમાં આજ્ઞા છે, સર્વત્ર આજ્ઞાનું જ મહત્ત્વ છે.

સંસાર અને તેના હેતુઓમાં ઇચ્છાનું મહત્ત્વ છે,
મોક્ષ અને મોક્ષમાર્ગમાં આજ્ઞાનું મહત્ત્વ છે.

આજ્ઞા વડે મોહ જીતાય છે, ઇચ્છા વડે મોહ પોષાય છે.

સંસારરોગનું ઔષધ આજ્ઞા છે. દ્રવ્યઔષધ વડે દ્રવ્ય-આરોગ્યની જેમ આજ્ઞા વડે ભાવઆરોગ્યની પ્રાપ્તિ થાય છે.

મોહ અને તેના સંતાન રાગદ્વેષાદિ એક આજ્ઞાપાલનના અધ્યવસાય વડે દશે દિશાએ પલાયન કરી ધ્રુજવા માંડે છે.

આજ્ઞારાધન = સર્વસમતિ પ્રમાણ.

મોહારાધન = અલ્પસમતિ પ્રમાણ.

અતીન્દ્રિય પદાર્થોના વિષયમાં સર્વજ્ઞપ્રતીતિને જ
પ્રમાણ તરીકે માનવી, એ જ વિવેક છે.
એથી મિથ્યાત્વનું કારણ મિથ્યાત્વમોહ નાશ પામે છે.
સર્વજ્ઞપ્રતીતિને પ્રમાણ માનનારને બે દૃષ્ટિ પ્રાપ્ત થાય:
એક વૈજ્ઞાનિક દૃષ્ટિ - બીજી આધ્યાત્મિક દૃષ્ટિ.
વૈજ્ઞાનિક દૃષ્ટિથી જગત ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યાત્મક છે,
આધ્યાત્મિક દૃષ્ટિથી સર્વ આત્માઓ સત્તાથી શુદ્ધ છે,
તેથી પાલન કરવા લાયક ધર્મનું મૂળ આત્મૌપમ્ય ભાવ -
દયાભાવ છે, એનું પણ મૂળ યથાર્થ પદાર્થ વિજ્ઞાન છે.

વસ્તુમાત્ર ઉત્પત્તિ ધર્મવાળી છે,
વિનાશ ધર્મવાળી છે અને નિત્યતા ધર્મવાળી છે.
નિત્યતા ધર્મને ભાવન કરવાથી મોહદોષ ટળે, ઉત્પત્તિ
તથા વિનાશ ધર્મને ભાવન કરવાથી રાગ-દ્વેષ ટળે છે.
આંતરિકશુદ્ધિ, વિચારશુદ્ધિ કે માનસિક સમત્વ ટકાવી
રાખવા માટે પદાર્થ વિજ્ઞાનની યથાર્થતા આવશ્યક છે.
બાહ્યશુદ્ધિ, વ્યવહારશુદ્ધિ, આચારશુદ્ધિ - એ ત્રણેને
ટકાવી રાખવા માટે આત્મવિજ્ઞાનની ખાસ જરૂર છે.
આત્મવિજ્ઞાન વર્તનમાં યથાર્થતા લાવે છે,
પદાર્થવિજ્ઞાન જ્ઞાનમાં યથાર્થતા ટકાવે છે.

## મોક્ષમાર્ગે અંતરાય કરનાર મોહ

મોક્ષ = મોહનો ક્ષય = પ્રભુઆજ્ઞાથી મોહનો ક્ષય.
મોક્ષમાં અંતરાય કરનાર મોટામાં મોટું શસ્ત્ર મોહ છે.
તેનો સંહાર કરવાનું સામર્થ્ય એક 'આજ્ઞા' શબ્દમાં છે.
મોહનો પ્રતિપક્ષી મંત્ર 'આજ્ઞા' છે.
મોહમાં 'બધું મારું છે' એ વાસના છે,
આજ્ઞામાં 'બધું પ્રભુનું છે' એ ભાવના છે.
આજ્ઞા એ અજ્ઞાનનાશિની વિદ્યા છે.
એની વારંવાર ભાવના કરવી, એ ભવનાશિની છે.

आणाराहणं दंसणं खु जिणाणं ।
आणाए धम्मो । आणापारतंतं खु नाणं ।
धम्मो आणाए पडिबद्धो ।
गुरुआणाए मोक्खो । आइओ गुरुबहुमाणो ।
पढमं नाणं तओ दया ।

ઉપયોગે ધર્મ, પરિણામે બંધ, ક્રિયાએ કર્મ.
ઉપયોગે ધર્મ = આજ્ઞારાધનનો પરિણામ તે ઉપયોગ.
'आणाए धम्मो ।' એ મહામંત્ર છે.
'ધર્મ આજ્ઞાની સાથે બંધાયેલો છે'
એ શ્રી જિનાગમનું રહસ્યભૂત સૂત્ર છે.

'આત્માનું આરાધન એજ મોક્ષમાર્ગ છે'
જિનેશ્વર ભગવંતનું એવું કથન - શાસન છે.
એ શાસનનું ઉલ્લંઘન કરવાનું સામર્થ્ય
નથી કાળ, નથી કર્મમાં કોઈનું પણ છે નહિ.
આત્માથી પ્રશ્ન વિકસે છે, સૂક્ષ્મ અને તીક્ષ્ણ બને છે.
સૂક્ષ્મ બનેલા પ્રશ્નમાં ઉપયોગલક્ષણથી
સર્વ જીવોની એકતા તથા ચેતના લક્ષણવાન જીવોની
પરસ્પરોપગ્રાહકતા સમજાય છે.
તેમાંથી અહિંસા અને સમતા ફલિત થાય છે.
અહિંસાનું બીજ ઉપયોગ અને ઉપગ્રહ લક્ષણ છે,
સમતાનું બીજ ત્રિપદી છે.
પર્યાયાર્થિકનય એ રાગદ્વેષનો પ્રતિભાવ છે,
દ્રવ્યાર્થિકનય એ ક્રૂરદ્વેષનો પ્રતિભાવ છે.
દ્રવ્ય - પર્યાયમય વસ્તુનો સ્વીકાર મોહ, ભ્રાંતિ,
મિથ્યાત્વ, અજ્ઞાન અને વિપર્યાસનો નાશ કરે છે.
'વસ્તુમાત્ર દ્રવ્યપર્યાયાત્મક છે, ઉત્પાદધર્મ એક કાળે છે'
એવો બોધ ન થાય, ત્યાં સુધીનું બધું જ્ઞાન
મોહગર્ભિત તથા વૈરાગ્ય પણ મોહગર્ભિત / દુઃખગર્ભિત છે.
વૈરાગ્યને જ્ઞાનગર્ભિત બનાવનાર ત્રિપદીનો બોધ છે.

'વસ્તુમાત્ર ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યધર્મયુક્ત - સ્વરૂપ છે.'
એ જ્ઞાન થયા પછી ઈષ્ટાનિષ્ટ
વસ્તુ ઉપર અનંતાનુબંધી રાગદ્વેષ કે મોહ ટકતો નથી, સમત્વભાવનો પૂર્ણ વિકાસ થાય છે, વાસીચંદન - કલ્પતા કે જે જીવનો મૂળ સ્વભાવ છે, તે પ્રકટે છે.

अविषयेऽभिष्वंगकारणाद्रागः ।
तत्रैव अग्निज्वालाकल्पमात्सर्योपादनात् द्वेषः ।
हेयेतरभावप्रतिबन्धकान्मोहः ।
सत्स्वेतेषु न यथावस्थितं सौख्यं ।
स्वधातुवैषम्यात् । क्षीणेषु न दुःखं निमित्ताभावात् ।
आत्यन्तिकभावरोगविगमात् परमेश्वरता प्राप्तेः
तथास्वभावत्वात् परमसुखभावः । (परिशिष्ट-१२)

ભવરોગ એ રાગ - દ્વેષ અને મોહ છે, તેનો આત્યંતિક ક્ષય જ્ઞાન - દર્શન - ચારિત્રની એકતા વડે છે, જે કરાવનાર ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યસ્વરૂપ ત્રિપદીનું જ્ઞાન છે. એ જ્ઞાન પ્રથમ મોહનિગ્રહ - અજ્ઞાનનાશ કરે છે, પછી રાગ-દ્વેષરૂપી અંતઃકરણની મલિનતાને દૂર કરી આપે છે. 'રાગ - દ્વેષ - મોહનો નાશ કરવો' એ પ્રભુની આજ્ઞા છે.

ત્રિકાલાબાધિત એવી અચિન્ત્ય શક્તિમાન છે.

એ આત્માનું સમ્યગ્દર્શન તેના ઉપર રૂચિ પેદા કરે છે, જે જીવનસ્પર્શી બને, ત્યારે દીર્ઘકાળ સહજ બને છે. પૂર્ણ સમત્વ વિકસાવવા માટે ચૈતન્ય પરમાત્માઓથી સર્વ જીવોની એકતાનું ભાન અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના ચિંતન વડે વસ્તુમાત્ર પ્રત્યેના મોહનો ક્ષય થવો જોઈએ.

જીવોની ચૈતન્યરૂપે એકતા ભાવવાથી

જીવો પ્રત્યે વૈરવિરોધની લાગણી નાશ પામે છે અને જડ-અજડ વસ્તુમાત્રનું ત્રિપદ્યાત્મક સ્વરૂપ સમજવાથી મોહ-માયા-મમતા-રાગ-દ્વેષાદિ લાગણીઓ શાંત થાય છે. એક મધુર પરિણામ છે તથા બીજો સમ પરિણામ છે. એ બંને પરિણામનો વિસ્તાર થવાથી જીવનમાં સમતાની વૃદ્ધિ અને પરમાનંદની પ્રાપ્તિ સહજ બને છે.

આસ્થા એટલે આત્મા.

જેનું આરાધન એટલે જેનાથી આત્મરૂપ થવાય,

તેવું જ્ઞાન, દર્શન અને ચારિત્ર.

જ્ઞાન ત્રિપદીનું, દર્શન ત્રિપદીનું, ચારિત્ર ત્રિપદ્યાત્મક વસ્તુનું. જેવું જ્ઞાન - દર્શન થયું, તેવું જ સમત્વભાવવાળું વર્તન. આત્મા પોતે જ રત્નત્રયાત્મક છે, જે ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યાત્મક જગતના સ્વરૂપનો યથાર્થ બોધ કરાવે છે.

જગતના યથાર્થ સ્વરૂપનો બોધ જ્યારે સુદૃઢ બને, ત્યારે
તે દર્શન તથા જીવનમાં આત્મસાત્ થાય, તે ચારિત્ર છે.
આત્મા, આત્માને, આત્મા વડે, આત્મામાં જાણી - જુએ
અને આચરે, ત્યારે તે નિશ્ચય રત્નત્રયી બને છે.
રત્નત્રય આત્મસ્વરૂપ છે, આત્મા ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યાત્મક
છે અને ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યાત્મક જગતની પુનઃ પુનઃ
વિચારણા, ભાવના, ચિંતવના તે આત્માનું આરાધન છે.

ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યાત્મક જગતના સ્વરૂપનું
યથાર્થ ચિન્તન, ભાવન, સ્મરણ તથા ધ્યાન
રાગ - દ્વેષ - મોહની કલુષિત વૃત્તિઓનો નાશ કરીને
પરમ પ્રશમમય સ્થિતિને ઉત્પન્ન કરે છે.
પ્રશાન્ત અવસ્થા એજ પરમાનંદ છે.

આત્મા એક અખંડ શાશ્વત તત્ત્વ છે.
તે કદી નાશ પામતું નથી, કેમકે તે ઉત્પન્ન થયેલ નથી.
જેનો જન્મ નથી, તેનું મરણ ક્યાંથી થાય?
જેની ઉત્પત્તિ નથી, તેના વિનાશનો પ્રશ્ન જ નથી.

ભોગવાદની ઉત્પત્તિ સ્વાર્થવાદથી છે,
આત્મવાદ દયા, કરુણા, સહાનુભૂતિ જન્માવે છે,
પોતાને સંયમિત બનાવીને પણ અન્યની રક્ષા કરે છે.

## આત્મદર્શનનો ઉદ્‌ઘોષ છે કે...

પોતાના કલ્પિત સુખને માટે બીજાને પીડા કરવી,
તે અધર્મ છે, પાપાચરણ છે.
દૈહિક દૃષ્ટિથી જીવન ક્ષણભંગુર છે,
આત્મદૃષ્ટિથી જીવન અમર, અજર, શાશ્વત છે.
અધ્યાત્મસાધક દયા, કરુણા, સત્ય, સદાચરણ અપનાવી
ભૌતિક શરીર અને તેનાં સુખની કોઈ ગણના કરતો નથી.
અધ્યાત્મદર્શન દરેક પર એવા ચેતનનું દર્શન કરે છે.
સિદ્ધિઃ સ્વાત્મોપલબ્ધિઃ । જ્યાં રાગભાવ, ત્યાં સંસાર.
જ્યાં વીતરાગભાવ, ત્યાં મોક્ષ - પૂર્ણચૈતન્યની અભિવ્યક્તિ.
જેમ હું ચેતન છું, તેમ બીજા પણ ચેતન છે.
ચેતનતાના સંબંધથી અખિલ અખંડ અને વ્યાપક
ચૈતન્ય સંબંધથી સૃષ્ટિના પ્રત્યેક ચેતન આત્મબંધુ છે.
સંવિભાગી દાનમ્ । સમવિભાગ અખિલ
બંધુત્વના સંબંધથી થતું દાન એ સંવિભાગસ્વરૂપ છે.
દાનમાં મમતા તથા લોભના અંશનો ત્યાગ, તે નિવૃત્તિ.
પ્રેમપૂર્વક અર્પણ તે પ્રવૃત્તિરૂપ છે. દાનના સંકલ્પમાં
એક બાજુ લોભની નિવૃત્તિ છે અને બીજી બાજુ
કરુણા અને પ્રેમની ધારા, તે પ્રવૃત્તિ છે.

વ્યક્તિને ધર્મમાં વ્યક્તિરૂપે નહિ, સમષ્ટિરૂપે જોવાની છે.
'અસંવિભાગી ન હુ તસ્સ મોક્ખો।' 'સાહુ હુજ્જામિ તારિઓ।'
વ્યક્તિવાદમાંથી છૂટી સમષ્ટિવાદમાં લઈ જનાર
શુભ પ્રવૃત્તિ છે અને સમષ્ટિવાદમાંથી
પરમેષ્ઠિપદમાં લઈ જનાર શુભ-અશુભ નિવૃત્તિ છે.
પીતપદ્મના ક્રિયામાં બંનેનું સમાન સ્થાન છે.
મુહાદાઈ મુહાજીવી, દોવિ ગચ્છંતિ સુગ્ગઇં।
આત્મદૃષ્ટિએ જીવમાત્ર એક છે, અધ્યાત્મ યોગ વડે
અંતર્મુખ થવાથી જ પાપપ્રવૃત્તિઓથી સુરક્ષિત બને છે.
'એગો આયા।' સારા વિશ્વનું ચૈતન્ય એક છે.
'સવ્વે સુદ્ધા હુ સુદ્ધ નયા।' અનંત જ્યોતિર્મય ચિન્મય ભાવ-
તત્ત્વ એક જ છે. પરમાત્મા બહાર નથી, અંદર જ છે,
દરેક આત્મામાં છૂપાયેલો છે.
અપ્પા સો પરમપ્પા। આત્મા જ પરમાત્મા છે.
યઃ પરાત્મા, સ એવાહં। ઇત્યાદિ.
સવ્વે જીવા સુહસાયા, દુહપડિકૂલા।
સર્વ જીવો સુખના અભિલાષી અને દુઃખના દ્વેષી છે.
કરુણામાં દીનતા-દીનભાવના તથા અહંતા-
અહંભાવનાને સ્થાન છે, મૈત્રી બરાબરીમાં થાય છે.

જૈનમાં કોઈ ઊંચનીચપણું છે જ નહીં. જૈન આત્મૈક્ય દૃષ્ટિ છે. વ્યક્તિ પોતાને સમષ્ટિના એક અંગરૂપ માને.

અનંત સત્ય શબ્દાતીત છે.

શબ્દોનું પોતાનું ખાસ કોઈ મહત્ત્વ નથી.

શબ્દોની પાછળ જે અનુભૂતિ છે, તેનું મહત્ત્વ છે.

સર્વ એવ हि જૈનાનાં प्रमाणं लौकिको विधिः।
યત્ર સમ્યક્ત્વહાનિર્ન યત્ર નો વ્રતદૂષણમ્ ॥१॥

અર્થાત્: જેમાં સમ્યગ્દર્શનને હાનિ ન થાય અને જેમાં વ્રતને કોઈ દોષ ન લાગે, એવો સર્વ લૌકિક વ્યવહાર જૈનોને પ્રમાણભૂત છે.

પન્ના સમિક્ખએ ધમ્મં। અન્વેષણ અથવા ધર્મસમીક્ષા પ્રજ્ઞા દ્વારા, વિવેકબુદ્ધિ દ્વારા કરવી.

जे आया से विण्णाया, जे विण्णाया से आया।-आचारांग

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत् करोति किं।

વેદાન્તની પારમાર્થિક દૃષ્ટિ = જૈનોનો નિશ્ચયનય.

પારમાર્થિક દૃષ્ટિએ બ્રહ્મ સત્ય - જગત મિથ્યા.

નિશ્ચયનયથી ઉપાધિ નિરપેક્ષ આત્મતત્ત્વ સત્ય છે, સોપાધિકતા વિનશ્વર છે. શુદ્ધ નિશ્ચયનયથી સૌ આત્મા શુદ્ધ છે. બંધનને આદિ અને અંત છે, તેથી અશુદ્ધ છે.

## આત્મદૃષ્ટિ = આત્મૌપમ્યભાવ = સમભાવ

જે સાધનો સાધકની સાથે જોડે, તે યોગ છે.
જે ધર્મક્રિયાઓ શુદ્ધાત્માની સાથે જોડે, તે યોગ છે.
સાવદ્યયોગને બંધ કર્યા એટલે સ્વાભાવિક રીતે જ
મન - વચન - કાયા પુણ્યપંથે વળે છે.

પાપ ન કરવું એ ઘણું કઠિન છે.

હિંસા કરવાની ટેવ હિંસા ન કરીને દૂર કરવાની છે.
જીવ ક્રિયા કર્યા વિના રહી શકતો નથી. હિંસા બંધ
કરે, ત્યારે તે તરત જ પોતાના મન - વચન - કાયાના
યોગો વડે અહિંસાની ક્રિયા કરતો થઈ જાય છે.
તે ખોટું બોલવાનું બંધ કરે કે પછી સાચું બોલવાનો જ,
તેમ પાપ કરવાનું બંધ થાય કે તેના મન, વચન, કાયાના
યોગ સ્વાભાવિક રીતે પુણ્યવ્યાપારમાં જોડાઈ જાય છે.
દશ પ્રકારે વિરાધના બંધ થતાં જ આરાધના થવા માંડે છે.
આરાધના એટલે આત્મભાવથી જીવની રક્ષા, સેવા વગેરે.
વિરાધના વડે જે જીવ નરકગતિ સાધતો હતો, તે
જીવ આરાધનાની ભાવનાથી તીર્થંકર પદે પહોંચે છે,
તેનું કારણ આત્મદૃષ્ટિ - આત્મૌપમ્યભાવ - સમભાવ છે.
સર્વ જીવોમાં તથા કર્મકૃત ઔદયિકભાવોમાં સમભાવ,

ક્ષય - ક્ષયોપશમ કૃત આત્મભાવોમાં સમભાવ તથા
સ્વભાવ, વિભાવ, આત્મભાવોમાં સમભાવ રાખવો, એ
ઉચ્ચમાં ઉચ્ચ સ્થિતિએ પહોંચવા માટે પરમ આવશ્યક છે.
દેહને આત્મા ગણનાર બહિરાત્મા ચેતન બેહોશ છે અને
જ્ઞાનને આત્મા ગણનાર અંતરાત્મા અર્ધસ્વપ્ન બેહોશ છે.

જડભાવમાં કર્મભાવ સદંતર ઉડી જાય,
ત્યારે શુદ્ધ આત્મા પૂર્ણપણે પ્રકાશિત રહે છે.

મનુષ્યાદિ પર્યાયો નામકર્મના છે, જીવ સિદ્ધસ્વરૂપ છે.
સિદ્ધસ્વરૂપ એ જીવનું સાચું સ્વરૂપ છે.

'આ જીવ શરીર નથી, કર્મ નથી, કષાય નથી,
મનુષ્ય, તિર્યંચ કે દેવ નથી, પરન્તુ આત્મા છે' એમ
વિચારતાં જ રાગ - દ્વેષ - ભેદ - આસક્તિ ચાલ્યાં જાય
અને પોતાના શુદ્ધ સ્વભાવમાં સર્વ આત્માઓ સાથે
સમભાવે રહી અનંતાનંદને અનુભવે છે.

કર્મના ભેદથી જીવો જુદા - જુદા લાગે છે, પરન્તુ
આત્મદૃષ્ટિએ સર્વ જીવો સમાન છે.

આત્મપ્રદેશો સંકુચિત - વિકસિત થાય છે, પરન્તુ તેમાં
એક પણ પ્રદેશ ઓછો ઘટતો નથી, તેમ વધતો પણ નથી.
દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી કે ભાવથી સર્વ જીવો સમાન છે.

'કરેમિ ભંતે'ની પ્રતિજ્ઞા એટલે...

સમભાવનાં સંસ્કારમાં દૃઢ થવા માટેની પ્રતિજ્ઞા.

સમભાવથી રાગભાવ - દ્વેષભાવ વિલીન થઈ જાય છે. રાગદ્વેષરહિત સર્વ જીવો, સર્વ બનાવો, સર્વ ભાવોમાં સમભાવ રાખવાની કોઈ કળા હોય, તો તે સામાયિક છે.

સામાયિકની સાચી ક્રિયા કઈ રીતે?

બહુશઃ = બહુ વાર યા બહુ પ્રકાર.

અર્થાત્ સમભાવ, દયાભાવ, યથાર્થવચન, અલ્પાક્ષરીમાં તત્વજ્ઞાન, કર્મનાશની વિચારણા, સંપરિજ્ઞા, પ્રત્યાખ્યાન અને નિરવદ્ય આચરણરૂપ સામાયિક કરવું. કર્મપરિણામ રાજા એ નિષ્પક્ષ ન્યાયાધીશ છે. જેણે પોતાનો પૂર્ણ વિકાસ કરવો હોય, તેણે જડ એવા મનનો, લક્ષ્મી કે કર્માદિનો દોષ ન કાઢતાં જે દોષ પોતાનો છે, તેને પ્રતિક્રમ સામાયિક વડે શુદ્ધ કરવો જોઈએ. દોષોને આત્મનિરીક્ષણ વડે જોવાના છે - પડિક્કમવાના છે, ગુણ તો સ્વાભાવિક રીતે પોતાના તેજે પ્રકાશતા રહે છે. શરીરમાં જીવ છે, માટે જ આ શરીર શુભ દેખાય છે.

જાગ્રત, સ્વપ્ન કે સુષુપ્તિ - ત્રણે અવસ્થાને લેઈને રહેલો આત્માનો પ્રકાશ કદી બુઝાતો નથી.

સામાયિકની ક્રિયામાં પહેલું આત્મભાન,
પછી આત્મજ્ઞાન અને છેલ્લે આત્માનંદ અનુભવાય છે.
દેહરૂપી પૃથ્વી ઉપર શુભ કર્મરૂપી દિવસ અને અશુભ
કર્મરૂપી રાત્રિ જણાય છે, પરન્તુ દેહથી પર થઈ
આત્મસ્વરૂપના પ્રકાશમાં આવતાં relative day &
night મટી absolute light કાયમ રહે છે.
'પાપકર્મોનો નાશ કરવા માટે કાયવ્યાપારનો ત્યાગ કરું છું'
અર્થાત્ આત્મવિકાસ આદરવા માટે હું કાયોત્સર્ગ કરું છું.
સંયમધર્મ = સમભાવધર્મ = તપધર્મ = અહિંસક ધર્મ.
આપણી પાશવિક વૃત્તિઓ ઉપર કે પ્રાણીઓ પ્રત્યેના
વિષમ ભાવોરૂપી કષાયોનો વધ કરી દમન કરવો, એનું
જ નામ ખરો ધર્મ. સમભાવ સામાયિકનું એ મૂળ છે.

શુભ કર્મના રસથી સત્ત્વ પ્રકટે.

સર્વ જગમાં સમભાવ રાખનાર જ્યારે
નીડરપણે સત્ય બોલે છે, ત્યારે સત્ય એ
આત્મધર્મ હોવાથી સર્વ ઉપર તે અસર કરી શકે છે.
'ઉપશમ - વિવેક - સંવર : એ લઘુ ત્રિપદીથી દેવ,
મનુષ્ય અને મોક્ષગતિ - સર્વ જીવો મારા આત્માની
સમાન છે, તો તેઓની વિરાધનાના બદલે આરાધના કરું'.

અંધકારના પુદ્ગલો જેમ પ્રકાશમાં રૂપાંતર પામે છે, તેમ
પુરુષના અશુભ કર્મો પણ શુભ કર્મોનું રૂપ ધારણ કરે છે.
શુભ કર્મના રસદ્ધિ સત્ત્વ પ્રકટે છે.
તે વડે પરિષહ - ઉપસર્ગોનું પણ ભાન રહેતું નથી અને
બધાને સમભાવે સહી લેવાનું બળ પ્રગટે છે.

વિવેકયુક્ત ઉપશમભાવે શું થાય ?

વિવેક વડે સ્વપરનું વિવેચન થાય છે.
'પોતે આત્મા છે અને કર્મ તથા શરીર પરવસ્તુ છે'
એવો નિર્ણય સ્થિર થાય છે.
જેમજેમ સ્વમાં - આત્મામાં સ્થિર થતાં જવાય છે,
તેમ ઉપશમરસ વૃદ્ધિ પામતો જાય છે.
વિવેકયુક્ત ઉપશમભાવે દેહભાવ સંપૂર્ણ છૂટી જાય છે,
તેથી સંવરભાવ આવે છે, મોહ નાશ પામે છે, અનંત
ચતુષ્ટય પ્રગટે છે, યોગનિરોધ કરી સિદ્ધિપદને પામે છે.

જીવદયા, નિર્દોષ ભોજન, અવિશ્વાસ અને મૃદુતાની જેમ
દ્વાદશાંગનો સાર પણ ત્રિપદી છે.

દ્રવ્યથી વસ્તુ ધ્રુવ છે, માટે શોક - દ્વેષ કરવો ઉચિત નથી
તથા પર્યાયથી અનિત્ય છે, માટે રાગ કરવો ઘટિત નથી.
આમ અરાગ, અદ્વેષરૂપ સમભાવ - એ જ મોક્ષ છે.

સર્વ પ્રાણી ઉપર સમભાવ રાખનાર મુનિશ્રી પોતાના
નિમિત્તે સાવદ્ય-પાપ ન થાય, એવું અનવદ્ય જીવન જીવે છે.
તે અનવદ્ય સામાયિકનો એક પ્રકાર છે.
ત્રણે લોકમાં સુંદરમાં સુંદર કોઈ વસ્તુ હોય, તો તે આત્મા છે.
બધું સૌંદર્ય તો આત્મામાં ભર્યું છે.
એ આત્મામાં સ્થિર થતાં જ કેવળજ્ઞાન પ્રકટે છે.
શુદ્ધ જ્ઞાન, બળ અને સૌંદર્યનું સ્થાન આત્મા છે.
તેને છોડી અન્ય વસ્તુમાં જીવે શા માટે મુંઝાવું જોઈએ?
અશુભમાંથી શુભમાં અને શુભમાંથી શુદ્ધ આત્મસ્વરૂપમાં
પ્રવેશ કરવો, જેથી સામાયિકનું ફળ કેવળજ્ઞાન મળે છે.
એક જ ઘડીમાં સકળ કર્મોનો નાશ કરી 'દૃઢપ્રહારી'
નામ સાર્થક કર્યું. સર્વ જીવોમાં સમભાવે સ્થિર રહેવું,
તે કર્મને એક જ ઘડીમાં નાશ કરવાનો ઉપાય છે.
સ્ત્રીહૃદય પોતે શુદ્ધ અને ઉન્નત હોય,
તો કોમળતાને કારણે દયાભાવ કેળવી, પુરુષને
વ્યસનનિવૃત્ત કરી સદાચાર તરફ લઈ જઈ શકે છે.
ૐ એ બ્રહ્મ છે. બ્રહ્મ શાંત છે.
સ્વ જ અને સ્વ જ ઈશ્વર જાણે છે, તેને બીજું કશું
જાણવું કે ધ્યાવવું રહે છે જ ક્યાં? તેમાં બધું રહેલું છે.

જ્યાં સુધી માનવ સ્વેચ્છાએ પોતાને
સૌથી છેલ્લો ન મૂકે, ત્યાં સુધી તેની મુક્તિ નથી.

મનુષ્યમાં જન્મથી પશુ અને મનુષ્યભાગ બંને હોય છે. આહાર, નિદ્રા, ભય, મૈથુનની સાથે વાસનાઓ, સ્વાર્થ, આવેગો, અસહિષ્ણુતાદિ તેને શીખવવા પડતાં નથી પણ પ્રેમ, કારુણ્ય, સંયમ, સહિષ્ણુતા, ત્યાગ, સ્વાર્પણ વગેરે ભાવો પ્રયત્નપૂર્વક વિકસાવવા પડતાં હોય છે. સતત આત્મનિરીક્ષણ સિવાય તે શક્ય નથી, સાથે અસાધારણ મનોબળ અને સતત પુરૂષાર્થ પણ જોઈએ.

जो गिलाणं पडियरइ से धन्नो ।
आणाराहणं दंसणं खु जिणाणं ।
जइ मे अणुग्गहं कुज्जा साहू हुज्जामि तारिओ ॥

શરીરની દૃષ્ટિએ માનવ એક ક્ષુદ્ર identity છે,
ભાવનાની દૃષ્ટિએ તે એક વિરાટ રૂપધારક છે.

જેમ આજનો આહાર તે આવતીકાલનું શરીર છે, તેમ આજનો વિચાર અને ભાવના તે આવતીકાલનું જીવન છે.

'યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ ।' અર્થાત્ જે જેના વિષે શ્રદ્ધાવાળો હોય છે, તે તેના જેવો જ બને છે.

શ્રદ્ધા એ વિચાર અને ભાવનાનો ગુણાકાર છે.

સ્વચ્છંદી આહાર આરોગ્યવર્ધક નથી, તેમ સ્વચ્છંદી વિચારો કે ભાવનાઓ પણ જીવન વિધાયક ન બને.

કોઈપણ વસ્તુને માત્ર એક બાજુએથી જ નહિ, પરન્તુ તેની સર્વ બાજુએથી જોઈ અને પછી જ તે અંગે નિર્ણય કરવો, તે અનેકાન્ત સિદ્ધાંતનો મર્મ છે. વળી સામી વ્યક્તિ કેટલે અંશે ખોટી છે, એવી કાગ દૃષ્ટિએ જોવા કરતાં સામી વ્યક્તિ કેટલે અંશે સાચી છે, એવી હંસદૃષ્ટિ કેળવવી એ આ સિદ્ધાંતનું સાચું શિક્ષણ છે.

આજના અણગમતા જીવનને આવતી કાલના આદર્શ જીવનમાં પલટવાનો ઉપાય એક જ: જેવા બનવું હોય, તેવા જ ભાવના-વિચારોથી હૃદયને પરિપ્લાવિત કરી દો.

તમારી આ પળની ઊંડી અને ઉત્કટ ભાવના
એ તમારું આવતી કાલનું જીવન બની રહેશે.

તમે જે થવા માંગતા હો, તેનું સતત-સજાગ ચિંતન, રટણ, સ્મરણ, ધ્યાન એ જ તે થવાનો એકમાત્ર ઉપાય છે. જરૂર છે બે જ વસ્તુઓની: એક તો તમારે શું થવું છે, તેની રૂપરેખા, બીજું તે વિચારોની અને ભાવનાઓની રૂપરેખાનું સતત સ્મરણ-રટણ. જો તે વ્યવસ્થિત હોય, તો મનુષ્યના જીવન ઉપર નિર્ણાયક અસર થાય છે.

વિચાર, ભાવ કે ભાવના શબ્દ મનના કોઈ મનસ્વી તરંગ માટે નહિ, કિન્તુ આપણી ચેતનાના સ્રોતને પ્રતિપળે એક નિશ્ચિત દિશા ભણી દોરતા હોય,

સદા વિચારો અને ભાવનાઓ જીવનરૂપી હોડીનાં સઢ, સુકાન અને હલેસાં જેવા છે.

હૃદયરોગના હુમલાથી બચવા ચાર 'F'થી દૂર રહો:

Fuss (પંચાતભૂખ), Fatigue (થાક),

Fury (ક્રોધ) અને Fear (ભય).

સુખ - દુ:ખ, લાભ - અલાભ અને જય - પરાજય, એ બધામાં સમતા જાળવી શકે, તે હૃદયરોગથી બચી જાય.

વધુ પડતો આનંદ અને વધુ પડતો શોક, બંને સરખા જ મારક છે. બીજું શરાબ, સિગારેટ, ઘી, તમાકુ, ચરબી વગેરે પણ હૃદયરોગ થવાના કારણો છે. કેન્સર જેવા બીજા અનેક રોગોમાં પણ તે કારણ છે.

સ્વ - પર એટલે...

આત્મા - જીવાસ્તિકાય અને ધર્માસ્તિકાય આદિના પ્રકારાંત. નિજસત્તા - સ્વસત્તા અનંતગુણપર્યાયરૂપ, નિજભાવરૂપ સ્વભાવસ્થ બની છે. અરિહંતપ્રભુના દર્શનમાત્રથી આત્મ-શુદ્ધિ, આત્મલાભ, આત્મરમણતાદિ ગુણો પ્રાપ્ત થાય છે.

પરસ્પર વિરોધિ ધર્મોનો પણ અપેક્ષાએ એક વસ્તુમાં
સમન્વય કરવાની શક્તિ સ્યાદ્વાદીને મળેલ હોય છે.
ભવ્ય જીવોને પ્રભુઆજ્ઞાની આરાધનાદિ મોક્ષપ્રાપ્તિરૂપ
અનુગ્રહ થઈ જાય છે અને પ્રભુઆજ્ઞાની વિરાધના
કરવાથી ભવભ્રમણરૂપી નિગ્રહ પણ થઈ જ જાય છે.

જ્ઞાનાદિ નિજગુણ પરિણતિ એ ભોગ્ય છે અને
આત્મા એ ભોક્તા છે. જ્ઞાનાદિ ગુણોની બહુલતા માટે
અનેકતા તથા સર્વ ગુણોના સમૂહરૂપ આત્મા એક છે,
માટે એકતા. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિતા અને
પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિતા. અસંખ્ય પ્રદેશની
અપેક્ષાએ સાવયવતા અને તે પ્રદેશો આત્માથી જુદા
પડતાં નથી, એ અપેક્ષાએ અખંડિતતા છે. સર્વ ગુણ
કાર્યરૂપે પરિણમે છે, માટે ઉત્પાદ-વ્યયધર્મવાળા છે,
છતાં તેઓનો અભાવ નથી, માટે ધ્રુવધર્મા છે. કાર્યભેદે
ભિન્નતા છતાં સૌ કાર્યો એક આત્માથી અભિન્ન છે.
પ્રતિસમય કર્તૃતા હોવા છતાં અપૂર્ણતા નથી, અસ્તિતા
કાયમ રહે છે. અહીં કાળના ભેદો છતાં ભેદરહિત છે.
અતિચંચળ એવા મનને શુદ્ધ કરીને આત્માની અંદર
તદ્રૂપ કરવામાં સાચો પુરુષાર્થ રહેલો છે.

# ધ્યાનાવેશનો મહિમા

'સોઽહં' લક્ષ એ ધ્યાનાવેશ છે.

ધ્યાનાવેશમાં સંભેદ પ્રણિધાનની પરાકાષ્ઠા છે અને
અભેદ પ્રણિધાનનો પ્રારંભ હોય છે.

'સોઽહં'માંથી તત્ પદ (સઃ પદ)નો ઉલ્લેખ નીકળી જઈને
ધ્યાતા, ધ્યાન, ધ્યેય - એ ત્રણે એકતાને પ્રાપ્ત થાય છે.
તે પછી અનિર્વચ્ય - ચિન્મય એવા 'પરબ્રહ્મ' નામની
જ્યોતિ સ્ફુરે છે, તેના સ્ફુરણથી જ સર્વ ક્રિયાઓની
સફળતા થાય છે. ઈડા, પિંગળા અને સુષુમ્ણાને સાધીને
કુંડલિની શક્તિને જાગ્રત કરવી. તે પછી ષટ્ચક્રભેદન
પ્રક્રિયા વડે તે ઈશાન દ્વારે લઈ જવી, જ્યાં એ શક્તિ
જ્યોતિરૂપતાને ધારણ કરે છે. તે પછીથી બ્રહ્મરંધ્રમાં
'સોઽહં' 'સોઽહં' એવા રટણા કરવી, તેથી કપાટ ખૂલે છે,
કર્મો નાશ પામે છે અને નિજસ્વરૂપની પ્રાપ્તિ થાય છે.
મન, મંત્ર અને પવનના ત્રિયોગથી આત્માને વિશે
અમૃતનું પ્લાવન કરીને અને તે પછી પરમ શિવ એવા
તમારૂં આત્મરૂપે ધ્યાન કરીને જીવો મોક્ષ પામે છે.

સમાપત્તિ એક વિશિષ્ટ પ્રકારનું ધ્યાન છે.

સમાપત્તિ ધ્યાનના ફળરૂપ સમાધિ છે.

સમાપત્તિ ધ્યાનમાં મન કેવળ પરમાત્માના સ્વરૂપમાં
ઉપયુક્ત હોય છે, મનનો ઉપયોગ અન્યત્ર હોતો નથી.
આ સમાપત્તિ વૈરાનિક સંબંધ વિશિષ્ટરૂપ છે,
તે સંબંધ ધ્યાનમાં ભાસતો હોય છે.
તેનો આકાર 'મદિ તદ્રુપં' 'સ એવાઽહં' પ્રકારનો હોય છે.
યત્ર યત્ર મનો યાતિ તત્ર તત્ર સમાધયઃ ।

ક્ષાયિક સમ્યક્ત્વ એટલે...

પરમ શુદ્ધ આત્મસ્વભાવ અને
નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ, ઉત્તમ ભાવસમાધિ.
નિર્મળ દર્શનપ્રકાશક જ્ઞાન અને સ્વરૂપાનંદમાં
રમણતા અને તેના ફળસ્વરૂપ સિદ્ધિગતિ.
કાયોત્સર્ગ અને ધ્યાન સમયે સાધક જ્યારે
પોતાને ભૂલીને પોતાના ધ્યેયમાં લીન થાય છે,
ત્યારે સર્વ પાપની નિર્ઘાતના થાય છે.
જેને જે અર્પણ થાય છે, તે તેના જેવો બને છે.
ધ્યાન સમયે સાધકનો કાયભાવ છૂટી જાય છે.
અંતરાત્મભાવમાં રહી પરમાત્મભાવમાં તલ્લીન થાય છે.
દેહભાન જ્યારે દૂર થઈ જાય છે, તે વખતે દેહસંબંધી
આગારો છૂટી જાય છે. એક સમયે બે ક્રિયા થતી નથી.

એ બે ક્રિયા એટલે કે આગારો સેવવાની અને
પરમાત્માનું અખંડ ધ્યાન કરવાની - એ બે ક્રિયા
પરસ્પર ભિન્ન હોવાથી એક સાથે થઈ શકતી નથી.

સામાયિક એટલે સમતા.

સામાયિક અહિંસાનું વ્રત એટલે...
આત્માનો પૂર્ણ સ્વીકાર કરવાનો અભ્યાસ.

ધર્મકથા = સમ્યગ્દર્શન + મહાવ્રતોની સાધના = સાધુ.
ધ્યાન = સમ્યગ્જ્ઞાન + મહાવ્રતોની સાધના = ઉપાધ્યાય.
સમાધિ = સમ્યક્ચારિત્ર + મહાવ્રતોની સાધના = આચાર્ય.
કૈવલ્ય દર્શન, જ્ઞાન, ચારિત્ર - ત્રણેની ઉત્કૃષ્ટ અને
સમ પ્રમાણમાં સાધનાનું ફળ છે: અરિહંતાઈ - વીતરાગતા.

તે સમયે આત્મોપયોગમાં તન્મય હોવાથી
પરિષહ - ઉપસર્ગ - વેદનાદિ શાતા જેવા છે અને
આત્માનંદમાં - પ્રશાંતવાહિતામાં લીનતા પ્રાપ્ત થાય છે.

સામાયિક એટલે શુદ્ધાત્મા.

બીજું ફળ મળે કે ન મળે, તે હકીકત ગૌણ છે.
મુખ્ય ફળ જે મળ્યું છે, તે છે!
પ્રભુનામનું સ્મરણ કરવાની તક મળી છે,
તે જ મોટું ફળ છે, તેના આનંદને અનુભવો.

<u>સામાયિક = જ્ઞાન સત્નું અને ક્રિયા ધર્મની.</u>

સામાયિક એટલે જ્ઞાન અને ક્રિયાનો સમન્વય.
સત્નું જ્ઞાન અને ઋતની ક્રિયા. સત્ સર્વવ્યાપી છે, તેને
અનુસરતી ક્રિયા એ ઋત છે. ઋત આત્મૌપમ્યલક્ષ છે.
સત્ ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યાત્મક છે,
ક્રિયા આત્મનિવેદનરૂપ છે, તેથી
અનાત્મલક્ષનો નાશ અને આત્મલક્ષનો વિકાસ થાય છે.
પ્રાર્થના, નમાજ, સંધ્યા જેવા નિત્ય કર્મની જેમ
સામાયિક પણ અવશ્ય કરવાની જ ક્રિયા છે.
ક્રિયાનાં પાંચ અંગ : End, means to the end,
obstacles to be overcomed,
realisation of the truth and
dedication to the service of humanity.
goalને બહુમાનથી સાધ્ય ઉપર પ્રીતિ-ભક્તિ થાય છે.
પ્રીતિ કરતાં પણ ભક્તિ અધિક છે.
સામાયિક ધર્મનું દાન જેમણે કર્યું છે, તેમના પર ભક્તિ
અને તેના ફળરૂપ મુક્તિ તરફ પ્રીતિ.
સમકીત ઇચ્છા-અભિલાષરૂપ છે, વિરતિ સામર્થ્યરૂપ છે.
એક અનુમોદક છે, બીજો આચરનારો છે.
પ્રણિધિ પછી પ્રવૃત્તિ છે.

સત્યાસત્ય કે જડ-ચૈતન્યનો નિશ્ચય તે જ્ઞાન,
તેની દૃઢતા તે દર્શન અને જ્ઞાનથી જાણ્યું - દર્શનથી સદ્દહ્યું
તેને વર્તનમાં મૂકી અનુભવ કરવો, તે ચારિત્ર.

શરીરને 'હું' માની જીવન પૂરું કરનાર
પોતાના માનવજન્મને હારી જાય છે.

અંતરનો અખૂટ ખજાનો ખોલવાની ચાવી સામાયિક છે.
જડ વસ્તુને 'હું' કરી માને, તેનો જન્મ પાપરૂપ છે.
આત્મા આત્મભિન્ન સર્વનો સાક્ષી છે, કર્તા-ભોક્તા નહિ.
સામાયિક એ સાક્ષી બનવાની ક્રિયા છે.
સુખદુઃખાદિ આગંતુક છે, આત્મા સુખદુઃખથી પર તેનો માત્ર સાક્ષી છે, દેહાદિથી અલગ અને પરમાત્માથી અભિન્ન છે. પરમાત્મા ઇંદ્રિયોથી પર છે પણ આત્મા તો ઇંદ્રિયોથી પર રહી પરમાત્મા તથા ઇંદ્રિયો, તેના વિષયોને પણ જાણે છે. શરીરમાં રહેલ સાક્ષીરૂપ આત્માને 'હું' માનનારને શરીર અને વચનના દોષો તો શું પણ મનના દોષો ઉપર પણ ઉપયોગવાળો હોવાથી વિજય મેળવવો સહેલો થઈ પડે છે. જપ કરતાં કઠિન વિઘ્નો ઉપર જલદી વિજય મેળવાય છે પછી જનતાના કલ્યાણ માટે આત્મસમર્પણ સહજ બને છે. 'આત્મસમર્પણં કરોમિ' એ વિનિયોગ માનવતામાં પ્રકટે છે.

dedication to the service of humanity
is improbable but not impossible.

માનવસેવા દુઃસાધ્ય છે પણ અસાધ્ય નહિ.

આત્મવિકાસની ભાવનાથી અવિધિ, અતિપ્રવૃત્તિ, આશંસા
તથા દર્પ અને શૂન્ય ઉપયોગશૂન્યતા હોય, તે તદ્ધેતુ છે.

પૂર્ણ વિકાસ તે અમૃતાનુષ્ઠાન છે.

આમાં ત્રણ ગુણ છે : સ્વાતંત્ર્ય, શોભા અને સામર્થ્ય.
Freedom - liberty, Grace and power.

o સૂત્રનો શુદ્ધ ઉચ્ચાર, અર્થનો શુદ્ધ વિચાર - ઉચ્ચાર
અને વિચારથી ઉત્પન્ન થતો શુદ્ધ ભાવ.

હેયોપાદેય ભાવાત્મક પરિણતિયુક્ત જ્ઞાન.

નવકારમાં પરમ આદર્શપુરુષોનું નમન, ચિંતન, ધ્યાન હોય છે.
સાધક અલ્પજ્ઞ છે, સાધ્ય સર્વજ્ઞ છે, જ્ઞાન ઉભયમાં છે.
આમ સાધ્ય - સાધકનો કથંચિત અભેદ સંબંધ સમજી
ઉચ્ચાર, વિચાર અને ભાવમાં પ્રવેશ કરવો જોઈએ.
શબ્દ અને અર્થ ઉપર વિચાર કર્યા વિના ભાવરૂપ
પ્રકાશ પ્રકટતો નહિ અને ભાવરૂપ પ્રકાશ પ્રકટ્યા વિના
યથાર્થ જ્ઞાન થતું નહિ. શબ્દ ચકમક છે, અર્થ રૂલક છે.
ચકમક - રૂલકના અથડાવાથી તણખારૂપે પ્રકાશ બહાર આવે છે.

શુદ્ધ શબ્દ, અર્થ - શુદ્ધ પદાર્થ અને
તદુભય એટલે વિચાર - સંયોગ સ્વરક્ષા.

નવકારનું પ્રથમ પદ પાપનાશક છે, દ્વિતીય પદ મંગળોત્પાદક છે, પછીના ત્રણ પદ રત્નત્રયવાચક છે. આત્મા એ ઉપાદાન છે, પરમેષ્ઠિ એ પુષ્ટનિમિત્ત છે. કાયોત્સર્ગ એટલે કાયભાવનો, દેહાધ્યાસનો, કર્માધ્યાસનો સર્વથા ત્યાગ કરીને પરમાત્મભાવમાં સ્થિરતા કરવી. 'करेमि सामाइयं ।' સર્વ આત્માઓને સમાન ગણીશ, પાપ કરવામાં મારા ત્રિવિધે કરણ-યોગને જોડીશ નહિ, આત્મવિશોધન કરીશ. સામાયિકની બે ઘડીની ક્રિયામાં આત્મસંશોધન અને આત્માવલંબન મુખ્ય છે.

आया सामाइए । સામાન્ય ધર્મ.
आया सामाइयस्स अट्ठे । વિશેષ ધર્મ.
उपयोगो लक्खणम् । ઊર્ધ્વતા સામાન્ય ધર્મ.
परस्परोपग्रहो जीवानाम् । તિર્યક્ સામાન્ય ધર્મ.

ॐ = ઊર્ધ્વતા સામાન્ય.
ह्रीं = તિર્યક્ સામાન્ય.
अर्हं = શુદ્ધ આત્મદ્રવ્ય.
નમઃ = શુદ્ધ આત્મપરિણતિ.

## સ્વાતંત્રતાનો ખરો માર્ગ

સ્વ-પરનો ભેદ છે, ત્યાં શુદ્ધ પારતંત્ર્ય છે.
કેવળ સ્વ રહે અને પર ન રહે, તે સ્વાતંત્ર્ય છે.
ત્રિગુણાતીત અવસ્થામાં સ્વપરનો ભેદ નથી,
તેથી સર્વ સ્વાતંત્રતા પ્રાપ્ત થાય છે.

Resist not evil. Because by resisting, you give potency to evil. Go thy way.

Evilને confront કરવો, તેનો મુકાબલો કરવો, તે એને મહત્ત્વ આપવા જેવું છે, એની કોઈ potency -ગર્ભિતશક્તિ છે નહિ. Impotent - શક્તિહીન છે. આપણે જ એને મહત્ત્વપૂર્ણ બનાવીએ છીએ. એની પૂરેપૂરી ઉપેક્ષા કરવાથી તે આપમેળે જ ખતમ થઈ જશે.

સૂર્ય અને અંધકાર એનાં દૃષ્ટાંત છે.

જ્યાં શુદ્ધ ત્રિગુણમાં વ્યવહાર કરતાં રહીશું, ત્યાં શુદ્ધ તાદાત્મ્ય રહેશે અને વિક્ષેપ નહિ થાય. જ્યાં શુદ્ધ સ્વ-પર રહેશે, ત્યાં શુદ્ધ પોતાથી ભિન્ન વસ્તુ રહેશે અને પરતંત્રતા પણ કાયમ જ રહેશે. લોકો પરને કાયમ રાખીને તંત્ર ચલાવવાનો પ્રયત્ન કરે છે. પરને ખતમ કરો, તો પારતંત્ર્ય ખતમ થવું જ સમજો.

તંત્ર ઇચ્છાવાળો મુક્ત નહિ થાય.
પર ઇચ્છાવાળો જ મુક્ત શક્ય બને છે.
પર ઇચ્છે ત્યાં સુધી પારતંત્ર્ય, પર ગયું પછી સ્વતંત્ર.
એ જ એક સ્વતંત્રતાનો માર્ગ છે.

मैत्र्यादिवासनामोदसुरभीकृतदिङ्मुखम् ।
पुंनागं कुर्वतायान्ति सिद्धिभृंगाङ्गनाः स्वयं ॥१॥
औदासिन्योल्लसन् मैत्रीपवित्रं वीतसंभ्रमम् ।
कोपादिव विमुंचंति स्वयं कर्माणि पूरुषम् ॥२॥

- साम्यशतक, ९८-९

अवधत्से यथा मूढ ललनाललिते मनः ।
मैत्र्यादिषु तथा धेहि विधेहि हितमात्मनः ॥१॥

- साम्यशतक, ७४ (પરિશિષ્ટ-૧૩)

o

Love is the idea of universal unity
Love is the power of that joins the
universe and every thing in it.
Reveal thyself to me sweet Lord,
With tender arms embrace me.
And when I fail, do thy support,
my well - meant efforts Kindly!

તમારૂં પોતાનું જ કલ્યાણ કરવાથી જગતનું કલ્યાણ થઈ જશે. તમે જગતથી જુદા નથી અને જગત તમારાથી જુદું નથી. જે દ્રષ્ટા જગતને જુએ છે, તેને જ ઠીક કરો. બધાં કારણોનું કારણ એજ છે. તેનો અનુભવ થયા પછી જગત માત્ર એક આભાસરૂપે જ રહેશે, બાકી સર્વત્ર ચૈતન્ય જ વિલસી રહેલું જણાશે. - રમણ મહર્ષિ

લિપ્તતા = વિશ્વના બનાવો જોઈને થતો ચૈતન્યભાવ. દ્રષ્ટાભાવ અથવા રાગદ્વેષરહિતભાવ યા વીતરાગભાવ. તે આવ્યા પછી સર્વ ભાવોને જાણતા - જોતા છતાં તેમાં લિપ્તતા આવતી નથી. બધું જ ચૈતન્યના વિલાસરૂપ-નિયમબધ્ધ - કાર્યકારણને અનુસરીને થઈ રહેલું જણાય છે, તેથી તેમાં રાગ - દ્વેષ, હર્ષ - શોક, રતિ - અરતિ આદિના દ્વન્દ્વ અનુભવાતા નથી પણ નિર્દ્વન્દ્વ સુખાનુભૂતિ થાય છે.

બાહ્યતપથી ૧૨ પ્રકારની અવિરતિ ઉપર કાબુ આવે છે.

બાહ્ય - અભ્યંતર બારે પ્રકારનો તપ કરવા છતાં આશયની વિશુદ્ધિના અભાવે અફલ જાય છે.

Let there be peace on earth and
let it begin with me.
man is made in the image of God.

તપ વિમલમુક્તિરૂપ છે. ૐ 18-4-72

તે ઇચ્છાનિરોધ, ઇચ્છાનિવૃત્તિ અને આત્મરતિરૂપ છે.
હિંસા વિરતિ અને વિષયાસક્તિના ત્યાગના મૂળમાં
ઇચ્છાનિરોધ રહેલો છે. તપ એ જલ વિનાનું સ્નાન છે.
તપ અંતરંગ ચેતનાને તપાવે છે, જ્ઞાનજ્યોતિ પ્રકટાવે છે.

'શ્રમણ: શ્રામ્યતિ તપસ્યતિ ઇતિ શ્રમણ: |'

સ્વાત્માનુષ્ઠાન - નિષ્ઠં પરમસ્તપશ્ચરણે | - નિયમસાર

તપથી કર્મની નિર્જરા થતાં દુ:ખમુક્તિ થાય છે.
દુ:ખમુક્તિ એ પરમ પુરૂષાર્થ છે. સ્વર્ગ નહિ, કિન્તુ
સર્વ જીવાત્માની સેવા સર્વાત્મભાવ ઉપર આધારિત છે.

આર્હદ્ધર્મ = શ્રમણધર્મ = નિર્ગ્રન્થ પ્રવચન.

અનેકાન્તવાદ એ એકાંતવાદનો વિરોધાર્થ છે.
જ્યાં વાદ છે, ત્યાં ચર્ચાસ્પદતા, વિવાદયુક્તતા છે.
અનેકાન્ત એ વિવાદનો અંત છે,
તેથી વાદ નહિ પણ સિદ્ધાંત છે. તે ત્રિકાલાબાધિત છે.
અનેકાન્તના અનેક અથવા અનંત રૂપ છે. અનેક
માર્ગોનું સંમિલન એ અનેકાન્ત છે, તેથી તે પૂર્ણ છે.
જેનો અંત સિદ્ધ છે, સફલ છે, તે સિદ્ધાંત છે.
વાદનો અંત હોય છે, સિદ્ધાંતનો નહિ.

અનેક વાદોનો અંત કરવાવાળો અનેકાન્ત સિદ્ધાંત છે,
તેથી તે પૂર્ણ છે. પૂર્ણને આદિ અથવા અંત હોતા નથી.
કોઈ માર્ગ અથવા વાદ પૂર્ણપણે અસત્ય હોતો નથી,
તેમ જ પોતાનામાં પૂર્ણ પણ હોતો નથી.
અનેકાન્તવાદમાં સર્વ વાદોનો અંત આવી જાય છે.
એમ જો આ અનેક માર્ગો બતાવનારું કોઈ
તે માર્ગ નથી, કિન્તુ પથપ્રદર્શક છે, તેમ
અનેકાન્ત એ વાદ નથી પણ તે પથપ્રદર્શક સિદ્ધાંત છે.

શું છોડીએ? શું કરીએ?

પાપથી નિવૃત્તિ, પુણ્યમાં પ્રવૃત્તિ કરીએ.
અધર્મથી નિવૃત્તિ અને ધર્મમાં પ્રવૃત્તિ કરીએ.
સ્વાર્થથી નિવૃત્તિ, પરમાર્થમાં પ્રવૃત્તિ કરીએ.
અનાત્માથી નિવૃત્તિ, આત્મામાં પ્રવૃત્તિ કરીએ.
સંસારથી નિવૃત્તિ, મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરીએ.

God cannot be contained by description.
He must be experienced. Some call
it source, mind, void, atman-
but each word is limiting.
Its God essence - Soul essence.

<u>ચારિત્ર = શુદ્ધ સમભાવ</u>

અધ્યાત્મવાદનો પ્રતિનિધિ વિચિત્રકાર છે,
દર્શનોનો પ્રતિનિધિ ચિત્રકાર છે.
દર્શન જે દિવાલ ઉપર કામ કરે છે,
તે મસ્તક, બુદ્ધિ કે તર્ક છે.
અધ્યાત્મ જે દિવાલ ઉપર કામ કરે છે,
તે હૃદય, સમભાવ કે શુદ્ધ પ્રેમ છે.

નિર્મળ હૃદયરૂપ આરીસા જીવનમાં આત્મદર્શન થાય છે. હૃદયરૂપી દિવાલ ઉપર જે વિષમભાવરૂપી ખાડાટેકરાને સાફ કરી દિવાલ સરખી કરે છે, સમભાવમાં લાવે છે અને ઉદયાધીન કર્મોમાં અનાસક્ત રહે છે, તે કર્મને ખપાવીને અનંત આનંદમાં નિમગ્ન બને છે. દર્શન પદાર્થવિજ્ઞાનરૂપ છે, અધ્યાત્મ આત્મદર્શનરૂપ છે. પદાર્થવિજ્ઞાન વિશ્વના સચરાચર પદાર્થોમાં સમબુદ્ધિ પ્રકટાવે છે, અધ્યાત્મદર્શન આત્મસમ દર્શન કરાવે છે. <u>પદાર્થવિજ્ઞાન વૈરાગ્ય વિકસાવે છે તથા અધ્યાત્મદર્શન આત્મગુણ વિકસાવે છે, ભક્તિભાવની વૃદ્ધિ કરે છે.</u> અધ્યાત્મના મૂળમાં ભક્તિ છે તથા વિજ્ઞાનના મૂળમાં વૈરાગ્ય છે, સમદર્શિતા છે, સર્વદર્શિતા છે.

પદાર્થવિજ્ઞાનમાં સર્વ પદાર્થ સમધર્મા છે,
તેથી સમત્વ સધાય છે. સર્વ જીવો સમધર્મા છે, માટે
મૈત્રી - પ્રમોદ - કારુણ્ય અને માધ્યસ્થ્ય વિકસે છે.
To be = ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્ | સામાન્ય ધર્મ.
To become = મૈત્ર્યાદિભાવસંયુક્તં તદ્ધર્મ-
ઇતિ કીર્ત્યતે | વિશેષ ધર્મ.
સમત્વ વિકસાવવા માટે સત્નું લક્ષણ છે,
ઉદારદિલભાવ વિકસાવવા માટે ધર્મનું લક્ષણ છે.
અજીવ પ્રત્યેનું આકર્ષણ - જીવ પ્રત્યેનું અપાકર્ષણ જીવને
અનાદિકાળથી છે, તેનું મૂળ વસ્તુતત્ત્વનું અજ્ઞાન છે.
તે અજ્ઞાનનું નિવારણ સમ્યગ્દર્શનથી થાય છે.
સમ્યગ્દર્શન વસ્તુના સ્વભાવને જણાવવા સાથે
હેય - જ્ઞેય - ઉપાદેયભાવ પણ સમજાવે છે. જીવતત્ત્વ
ઉપાદેય છે, તેથી સજાતીય જીવતત્ત્વ પ્રત્યે ઉત્કંઠા વર્ઘે છે.
તે ચારિત્રધર્મનું બીજ બને છે.
શ્રુતધર્મનું બીજ ત્રિપદીનું જ્ઞાન છે.
'વસ્તુમાત્ર ત્રિપદાત્મક છે' એમ જાણ્યા પછી કોઈ પણ
વસ્તુ પ્રત્યે રાગ કે દ્વેષરૂપી દ્વિધાભાવ ટળી જાય છે
અને રાગ-દ્વેષ વિનિર્મુક્ત માધ્યસ્થ્યભાવ પ્રગટે છે.

# અનેકાંત, અહિંસા અને અપરિગ્રહ

માધ્યસ્થભાવ વીતરાગતા અને કુશળતાનું જ્ઞાન છે.
ત્રિપદીના સબંધે મિથ્યાત્વમોહ ટળે છે. ચારિત્રમોહનું
નિવારણ સજાતીય જીવતત્વ પ્રત્યે સમત્વ વિકસાવવાથી
થાય છે. સજાતીય જીવતત્વ પ્રત્યે સમત્વભાવ તથા
મૈત્ર્યાદિભાવ સંયુક્ત વર્તન છે. આત્મૌપમ્યની ભાવના
જૈનધર્મનું હાર્દ અને આત્મસ્થિતિ પ્રાપ્ત કરવાનો માર્ગ છે.
દુઃખનું મૂળ વાસનાઓ, કષાયો, કામનાઓ, તૃષ્ણાઓ છે,
સંઘર્ષનું મૂળ તૃષ્ણા અને સ્વાર્થમાં છૂપાયેલું છે.
તેના ઉપર વિજય મેળવવો, તે પુરૂષાર્થ છે.
કષાયોને જીત્યા તે જિન, જીતે તે જૈન.
તેનો પાયો સર્વ જીવ સમાનતા છે.
'સર્વ જીવ મારા જેવા જ છે' એવી દૃઢ પ્રતીતિમાંથી
મન, વચન, કાયાથી અહિંસા જન્મે છે.
વાચિક અહિંસા એ અનેકાંત, કાયિક અહિંસા એ અહિંસા
અને માનસિક અહિંસા એ અપરિગ્રહ છે.
વિચારોનો અપરિગ્રહ એ અનેકાંત છે.
પરસ્પરના વિચારો પ્રત્યે આદર તે અનેકાંત છે,
જીવોના જીવન પ્રત્યે આદર તે અહિંસા છે.

પરિગ્રહને મેળવવા અને સાચવવામાં હિંસા રહેલી છે, તેથી અહિંસામાંથી અપરિગ્રહ અને અનેકાન્ત ફલિત થાય છે.

'જગતમાં રોગીઓનું હું ઔષધ થાઉં,
તરસ્યા અને ભૂખ્યાઓ માટે જળ તથા અન્ન બનું અને
મારા જીવનનાં સત્કાર્યો હું તેમને અર્પણ કરું.' - બોધિસત્ત્વ

The rootcause of decay in
civilization is that the
man has lost reverence for life.

આત્મૌપમ્યભાવ એ અધ્યાત્મ છે, કેમ કે તે દ્વારા
સમગ્ર બ્રહ્માંડને પિંડની અંદર નિહાળી શકાય છે.

પદાર્થવિજ્ઞાન એટલે physics અને
અતીન્દ્રિયવિજ્ઞાન એટલે metaphysics.

'જે બ્રહ્માંડમાં છે, તે પિંડમાં છે' એમ સમજવું સરળ છે.
પિંડમાં એટલે ભીતરમાં, બ્રહ્માંડમાં એટલે બહારમાં.
પિંડમાં જોવું = ભીતરમાં જોવું. બ્રહ્માંડમાં જોવું = બહાર જોવું.

'જે છે, તે બધું એક જ છે - એકસરખું છે'
તે જાણવું, તે અધ્યાત્મ પામવાનો માર્ગ છે.

પિંડને સમજવાના મુખ્ય ચાર માર્ગ છે:
જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ, યોગમાર્ગ અને ભક્તિમાર્ગ.

જ્ઞાનમાર્ગ એ આત્મનિરીક્ષણનો માર્ગ છે,
કર્મમાર્ગ પીંડ અને તેમાં રહેલા શક્તિઓનો સદુપયોગ
કરવાનો છે, યોગમાર્ગ પોતાના ઉપર નિયંત્રણ મુકવાનો
છે, ભક્તિમાર્ગ ભગવાની સહાય મેળવવાનો છે અને
સત્શાસ્ત્ર, સદ્ગુરુ, સત્સંગાદિ દ્વારા સહાય મેળવવાનો છે.
બહારની દુનિયા જોવા માટે આંખ, કાન, દુર્બિન આદિ
સાધનો છે. ભીતરમાં જોવા માટે અક્કલ વગેરે છે પણ
તેનું સ્વરૂપ જ્ઞાન ધ્યાન. પીંડનું પુરેપુરું જ્ઞાન મેળવવા માટે
ભક્તિ, યોગ, કર્મ આદિ સાધનો છે.

નીચેના ચાર દ્વારા આધ્યાત્મ સધાય છે:
આત્મનિરીક્ષણ, પરોપકાર, સ્વોપકાર અને સત્સંગ.

'આપણે દેહથી ભિન્ન છીએ.
દેહથી ભિન્ન કોઈ ચેતન છે, તે આપણે છીએ.'
બુદ્ધિ થાકી જાય, સ્મૃતિમંદ પડે, મન બગડી જાય છે,
પરન્તુ એ બધાને જાણનાર ચેતન તટસ્થ રહે છે.
'શરીર, મન, બુદ્ધિ આ બધું જે કાંઈ છે,
તેને જાણનારો, સૌની ચિન્તા કરનારો અને
એ બધાથી ભિન્ન એવો કોઈક છે'
એ વાત જેના ધ્યાનમાં આવી ગઈ, તે મુક્ત થયો સમજવો.

તે શરીર અને મનને દરેક સ્થિતિમાં સંભાળશે અને
જે પરિસ્થિતિમાં મન અને શરીરને રાખવાથી
મલિન થવાનો સંભવ હશે, ત્યાંથી દૂર ખસી જવાનો-
મનનો માલિક બનવા પ્રયત્ન કરશે પણ ગુલામ નહિ બને.
એ રીતે દેહ, મન, બુદ્ધિ અલગાપણું અનુભવાશું,
ત્યારે જ તે બધાના દોષ સુધારવાનું શક્ય બનશે.

'હું શરીરથી અલગ છું...' એવી સમજ

જે પોતાને દેહ, મન, બુદ્ધિ ભિન્ન માને છે,
તે એના દોષોથી કદી હારતો નથી તથા ભીતરથી શક્તિનો
અનુભવ કરે છે કે: 'હું દોષોને સુધારી શકીશ', કેમકે તે
જાણે છે કે 'હું એથી અલગ છું, સદા નિર્દોષ છું અને
દેહ-બુદ્ધિ આદિ મારાં સાધન છે' એને આવું ભાન રહેશે.
સુધરવા માટે જે કાંઈ મદદ જોઈએ, તે જગતમાં પ્રાપ્ય છે.
તેવી મદદ લેવાની અક્કલ તો જ આવશે કે પોતાને
દેહાદિથી અલગ માની, તેનું મહમાન ત્યજી નમ્ર બનશે.
નમ્ર બનેલો તે મદદ ખોળશે અને મળશે તે મદદ લેશે.
પોતાના દોષોને દોષ નહિ પણ ગુણ બનાવનાર માન છે.

તે માનથી બચવા માટે
ભિન્નતાનું ભાન અને સ્વતંત્રતાનું રાજ જોઈએ.

ખરો ધર્મ તે જ છે કે જે
મૈત્રી, કરુણા અને સ્નેહની પ્રેરણા આપે.

ધર્મનો પ્રાણ એટલે...
ભગવત્પ્રેમ અને પ્રાણીમાત્ર પ્રતિ આત્મભાવ.

પરમાત્માની કૃપા મેળવવા માટે
અનન્ય ભક્તિ જ મોટામાં મોટું સાધન છે.

દયા - દાન, વ્રત - નિયમ, ત્યાગ - તપસ્યા, સાધુભક્તિ -
જિનપૂજાદિ શ્રાવક અને સાધુનાં દિનકૃત્યો છે.
તે ઉપરાંત ઉદારતા, સહિષ્ણુતા, સ્વાધ્યાય,
પરોપકાર, મૈત્રી વગેરે અસંખ્ય સાધનો છે.

અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરુણ એવ ચ ।

દરેકમાં દરેક પર એવું ફૂલ બિરાજમાન છે.
સૌમાં એક જ ફૂલ વિલસી રહ્યું છે.

પોતાના અને પારકા - એ જ મોટી ભૂલ.

પોતાની ભૂલ માનવને મૂંગો બનાવે છે,
જ્યારે પારકાની ભૂલ તે જ માનવને વાચાળ બનાવે છે.

આચારને બદલે વિચાર જ્યારે પ્રચારમાં પરિણામ પામે,
ત્યારે તે અવિચાર બને છે.

ક્રોધ - લોભ વગેરેથી જ્યાં લાભ દેખાય, ત્યાં ખરી રીતે

એ લાભ પુણ્યના ઉદયે છે, કષાયના પ્રતાપે નહિ.
કષાયાદિ દોષો અને હિંસાદિ પાપો ખરાબ લાગવા છતાં
કેમ થાય છે? એનાથી થતાં આ દેખાતા દુન્યવી લાભમાં
આનંદ અનુભવાય છે, માટે દુન્યવી લાભની પાછળ
પરભવનો ધ્વંસ અને રાગ - રતિ - લોભ વગેરે
કષાયસેવન અવશ્ય રહેલું છે, માટે તે ખટકવો જોઈએ,

તેને લાભ નહિ પણ લોભ મનાવો જોઈએ.

કસાઈને હિંસા ઉપર થતી કમાઈ એ ગોઝારી છે, તેમ
જુઠ - અનીતિ પર થતી કમાઈ ધર્મીને ન ગમવી જોઈએ.
ધનમૂર્છામાં આરંભદોષ, મૂર્છા, રાગ, રતિ-આનંદ, પરિગ્રહ,
ધનવંતની અનુમોદના, ગાઢ તૃષ્ણા, દુર્ગતિ, ભવભ્રમણ,
કર્મની પરવશતા ઈત્યાદિ દોષોનો ઢગ છે. પાપ જેમ
ખોટું, તેમ પાપથી થતો લાભ પણ ખોટો લાગવો જોઈએ.
જુઠ-અનીતિ ખોટા તો એના પર થતી કમાઈ પણ ખોટી,
ક્રોધ - કષાય ખોટા તો એના પર થતો લાભ પણ ખોટો.

પહેલાં આત્માને કાળો કર્યો, પછી
થયેલો લાભ એ લાભ નહિ પણ ગેરલાભ જ છે.
'જેટલો લોભ મળશે, તેટલો લાભ મળશે' એમ નહિ
પણ 'જેટલું પુણ્ય મોટું, તેટલો લાભ અધિક.'

પાપ લાભકારી લાગે અને ધર્મમાં ગુમાવવાનું લાગે,
એ મિથ્યાત્વની પરિણતિ છે.

માનવભવ, તન, ધન અને સમય -
ધર્મમાં કેટલો અને અન્ય કાર્યોમાં કેટલો વપરાય છે ?
લાભ શેમાં માન્યો ? અને ગુમાવવાનું શેમાં માન્યું ?
મિથ્યાત્વ જાય, એ પછી જ ધર્મની પરિણતિ આવે.
ધર્મશ્રદ્ધા જાગે, ત્યાર પછી અધર્મની પરિણતિ જાય.
ધર્મપરિણતિથી ધર્મપ્રવૃત્તિ તથા ધર્મપ્રવૃત્તિથી ધર્મપરિણતિ
- એમ અન્યોન્ય સંબંધ છે.

આંતરબાહ્ય તપ એ દોષોના પ્રતિપક્ષી ગુણસ્વરૂપ છે.

છ આભ્યંતર તપ કરવાથી શું થાય ?
પ્રાયશ્ચિત્તથી પાપ છૂપાવવાની વૃત્તિ જાય.
વિનયથી અહંત્વ આશાતના જાય.
વૈયાવચ્ચથી સ્વાર્થાંધતા જાય.
સ્વાધ્યાયથી અસત્‌વિકલ્પો, અશુભયોગ, પ્રમાદ જાય.
ધ્યાનથી ચિત્તચાંચલ્ય, કષાયપરિણતિ,
આર્ત - રૌદ્રધ્યાન, મનની શૂન્યતાદિ જાય.
કાયોત્સર્ગથી દેહાધ્યાસ, મન - વચન - કાયાની ચપળતા
તથા અશુભરમણતાદિ જાય.

## છ બાહ્યતપ કરવાથી શું થાય ?

અનશનથી આહારની સંજ્ઞા ઓછી થાય.
ઉણોદરીથી ભોજનમાં આસક્તિની ભાગણી થાય.
વૃત્તિસંક્ષેપથી સર્વ દ્રવ્યોની ભોગલાલસા ઓછી થાય.
રસત્યાગથી સર્વ રસોના ભોગની લંપટતા દૂર થાય.
કાયક્લેશથી સુખ ચેન આરામની લાલસા ઘટતી જાય.
સંલીનતાથી ઇંદ્રિયો - કાયાની યથેચ્છ પ્રવૃત્તિ બંધ થાય.

'વિષાદો રોગવર્ધતામ્ ।'

શોક, ચિન્તા, વ્યગ્રતા, અશાંતિ, ભય, વિષાદજન્ય વ્યાધિઓ છે. માનસિક ઉશ્કેરાટ, માનસિક ભગ્નાવેગો, જ્ઞાનતંતુઓની નબળાઈ વગેરે અવસ્થાના પ્રતિભાવ છે: દાન, દયા, પરોપકાર, સત્ય, બ્રહ્મચર્ય, યમનિયમ, તિતિક્ષા.

રોગમાત્રનું મૂળ પ્રજ્ઞાપરાધ છે.

માયાનો સામનો કરો, અવિદ્યાનો સામનો કરો.
કુદરતનો સામનો કરો, ભાગો નહિ.

ઉત્તમ પુરુષ પોતાની પાસેથી આશા રાખે છે,
મધ્યમ બાળ પાસેથી ઉત્તમ સદાચારનું ચિન્તન કરે છે
અને અધમ મનુષ્ય સુખ-સગવડનું ચિન્તન કરે છે.

જીવનની પવિત્રતા એ સર્વ રોગોનું પરમ ઔષધ છે.

સર્વ રોગોની વૃદ્ધિ એ અપ્રત્યક્ષની અવગણના કરવાનું
તથા પ્રત્યક્ષને જ માત્ર પ્રમાણ માનવાનું પરિણામ છે.
જીવનને સુધારવું, માનસનું ઉત્ક્રાન્તિકરણ કરવું,
એ સાચી સાઈકોલોજી છે.
સૌથી વધુ જરૂર પ્રેમ, પવિત્રતા, ભક્તિ,
શાંતિ, સદાચાર, નીતિ, મનઃશાંતિની છે.
ધર્મલોપ ઉપર રોક થવી જોઈએ.
ભવિષ્યનું ઘડતર ધર્મભાવના ઉપર થવું જોઈએ.
વિજ્ઞાન પોતે 'આત્મા' વિહોણું જન્તુ છે.
ધર્મ ગયો, ભ્રષ્ટાચાર આવ્યો.
મન વશ કરવાનાં યંત્રો ગયાં, ઈંદ્રિયદમનની ભાવના ગઈ.
ચિત્તવ્યાપારોની અવસ્થા સમજ્યા વિના
civilisation - સંસ્કૃતિનો વિકાસ અશક્ય છે.
મનની શાંતિ આધ્યાત્મિક જીવનની અભીપ્સામાં છે.
રોગનું કારણ બહાર નથી, તે માટે
મનુષ્યમાં રહેલ દૈવી સંપત્તિને સમજવાની જરૂર છે.
માનવતનમાં આત્મદેવ તથા દાનવોનો પણ નિવાસ છે.
દેવો તથા દાનવો - બંનેનું યુદ્ધ ચાલે છે.
દેવો ઊંચે ચઢાવવા માંગે છે, દાનવો નીચે પાડવા.

ભગવાનના અનુગ્રહે દેવીનો - સત્સંગનો
વિજય થાય છે તથા સાધુ - સંતો સર્જાય છે.
માનવ જેના વડે જીવે છે, તે શરીર છે અને
જેના દર્શનથી જીવન સાર્થક થવાનું છે, તે આત્મા છે.
Science is knowledge & process both.
વિજ્ઞાન સંશયવાદ પર છે.
અનુભૂતિ અને પ્રાયોગિક સિદ્ધિને તે સ્વીકારે છે.
અનુમાન અને પૂર્વ વૈજ્ઞાનિકોના સિદ્ધ થયેલાં
સિદ્ધાંતોની સ્વીકૃતિ પણ વિજ્ઞાન કરે છે.
અધ્યાત્મવિજ્ઞાનમાં પણ આગમ, અનુમાન,
ઉપમાન અને પ્રત્યક્ષ પ્રમાણોને સ્થાન છે.
તેમાં સાધક - સાધ્ય - સાધન ત્રિવિધ શુદ્ધિની અપેક્ષા છે.
આચારે અહિંસા અને વિચારે અનેકાંત - તેની શરત છે.
સત્ય = ધર્મ = આત્માને ઓળખવો.
શિવ = કર્મ = આત્મા માટે પુરુષાર્થ કરવો.
સુંદર = દેવ = આત્માને જાણવો.
o તમે વિશાળ મકાનમાં રહો છો કે નાની કુટિરમાં
એ મહત્ત્વનું નથી પણ તમારું દિલ કેટલું વિશાળ છે,
એજ મહત્ત્વની વાત છે. - જનકલ્યાણ

બ્રહ્મનિષ્ઠ = સમાધિ દ્વારા બ્રહ્મસાક્ષાત્કાર કરી ચૂકેલા.
શ્રોત્રિય = સુપઠિત. શાસ્ત્ર એ લુખ્ખું છે, બ્રહ્મ એ રસ છે.
લૂખાથી ભૂખ ભાંગે નહિ, રસથી જ ભાંગે. ગુરુને માત્ર
મનુષ્ય માનવાથી મંત્ર અને દેવપૂજનાદિ નિષ્ફળ જાય છે.

શબ્દબ્રહ્મ = વૈદિક કર્મકાંડોનું નામ છે.

બ્રહ્મનિષ્ઠ સાધક એ પોથીપંડિત નહિ પણ પ્રેમપંડિત છે.
તપ - તામસ નહિ પણ માનસ થવો જોઈએ. તામસ તપ
કાયકષ્ટરૂપ - માનસ તપ મનઃશુદ્ધિના લક્ષ્યપૂર્વક હોય છે.

સ્વાધ્યાય એ સત્સંગનો જ પ્રકારાંતર છે, તેથી
શંકાઓના નિરસનમાં સહાયતા મળે છે.

'તસ્મિન્ પરમ ગુરૌ સર્વકર્માર્પણમ્ ।'

સર્વ કર્મનું અર્પણ કેવી રીતે ચરિતાર્થ બને?
ઈશ્વરપ્રણિધાન એ આજ્ઞાપાલનના અર્થમાં છે.

(૧) ઈશ્વરનું અસ્તિત્વ
(૨) ઈશ્વરનું પરમ ગુરુત્વ અને સર્વ
(3) શુભ કર્મોની પાછળ તેમની આજ્ઞાનું સામાન્ય,
એ ત્રણ વસ્તુનો યથાર્થ સ્વીકાર થયા પછી જ
સર્વ કર્માર્પણ ચરિતાર્થ બને છે.

॥ ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ॥

## Fruits of Eight steps of dhyan Yoga

Yama = man, Humane, humility, meekness, humbleness.

Niyama = Piousness - holyness.

Aasan = Healthy body and mind.

Pranayam = Vigorous hard efforts.

Pratyahar = Radiant aura.

Dharana = upright postures.

Dhyana = Higher spiritual progress.

Samadhi = perfect - highest bliss.

## All virtues through Eight steps

Yama makes you a man.

Niyama makes you a Piousness man.

Aasan makes you a Healthy man.

Pranayam makes you a Vigorous man.

Pratyahar makes you a Radiant man.

Dharana makes you a upright man.

Dhyana makes you a spiritual man.

Samadhi makes you a perfect man.

ઉપયોગે ધર્મ = આત્મારાધનનો પરિણામ તે ઉપયોગ.
પરિણામે બંધ, ક્રિયાએ કર્મ = णं વાક્યાલંકારે |
'अलंकृतारत्ना | अलंकृतामूर्तिः |'
અલંકાર આકર્ષિત કરે છે અને ભાવોત્પાદક બને છે.
ધ્યાન - નિદિધ્યાસન અને યોગાભ્યાસ are the
Forms and Techniques of
altruistic and spiritual growth.
સ્વકેન્દ્રિત વિરુદ્ધ વિશ્વકેન્દ્રિત - વિશ્વતાદાત્મ્ય.
સત્યની ખોજ બહાર નહિ પણ અંદર થવી જોઈએ.
તર્ક દ્વારા સત્ય અપ્રાપ્ય છે,
ધ્યાન - નિદિધ્યાસન દ્વારા જ તે શક્ય છે.
જુઠા તાદાત્મ્યના સ્થાને સત્યની સાથે તાદાત્મ્ય થવું જોઈએ.
સત્ય શાશ્વત છે.
તેની સાથે તાદાત્મ્યનું નામ મોક્ષ યા આત્મસાક્ષાત્કાર છે.
એનો આધાર યોગ અથવા અધ્યાત્મ છે.
વ્યક્તિગત ચેતનાની ઉપર ઉઠવું, તે યોગનો ઉદ્દેશ છે.
પુરાતન સનાતન પથ છે. યોગનો અર્થ ઈશ્વર સાથે
તાદાત્મ્ય સ્થાપિત કરવું યાને આત્માનો સાક્ષાત્કાર કરવો,
આત્માને પ્રત્યક્ષ અનુભવવો, અતીન્દ્રિય પ્રત્યક્ષ કરવું.

अनहं - अर्हं - अनघं - सर्वं ।

યોગથી આત્મદર્શન, દર્શનશાસ્ત્રથી વિશ્વદર્શન - યોગાભ્યાસ-
ક્રિયાકાંડ - દેહવ્યાયામ - દર્શનાભાસ - વાગ્વિલાસ - વાગ્વ્યાયામ.

पुरुष : प्रकृति - विकृति

मूलप्रकृतिरविकृतिर्महदाद्याः प्रकृतिविकृतयः सप्त ।
षोडशकस्तु विकारो, न प्रकृतिर्न विकृतिः पुरुषः ॥३॥
- सांख्यकारिका (પરિશિષ્ટ-૧૪)

પુરુષ એક છે અર્થાત્ એક જાતિ છે અથવા પુરુષનો એક વર્ગ - class - generic છે.
શુદ્ધ સ્વરૂપ તરફ દૃષ્ટિ એ પુરુષ છે અને અશુદ્ધ સ્વરૂપ તરફ દૃષ્ટિ એ પ્રધાન છે. પુરુષ અને પ્રધાન વસ્તુતઃ ભિન્ન નથી. દા.ત. પરમાત્મા અને હિરણ્યગર્ભ.

સ્રોતાપત્તિ = પોતાને પ્રવાહમાં વહેતો કરવો.

યોગજન્ય અનુભૂતિ સ્વવશ, અવશ્યંભાવ અને ચિરસ્થાયી હોય છે, તેથી તે સુખકારક છે.

'सर्वं परवशं दुःखम्, सर्वमात्मवशं सुखम् ।'

સક્રિય જ્ઞાતૃત્વ = સત્ત્વગુણ.
સક્રિય ભોક્તૃત્વ = તમોગુણ.
સક્રિય કર્તૃત્વ = રજોગુણ.

## આદેશ = સિદ્ધાન્તમત

સદાશિવમાં નાદની તથા અહંતત્ત્વની પ્રધાનતા છે,
ઈશ્વરમાં બિન્દુ, અનહંતત્ત્વની પ્રધાનતા છે.

अनहं - अहं - अनघं - सर्वं ।

જગતની આદિ માનવાથી અકૃતાભ્યાગમ દોષ આવે
અને અંત માનવાથી કૃતહાનિ - કૃતનાશ દોષ આવે છે.
શરીરના દોષોનો નાશ કરવા માટે ચરક - સુશ્રુત,
વાણીના દોષનો કરવા વ્યાકરણશાસ્ત્ર અને ચિત્તના
દોષોનો નાશ કરવા યોગશાસ્ત્રની રચના થયેલ છે.
ત્રણેનાં રચનારા મહર્ષિ પતંજલિ છે.
યોગદર્શનના સૂત્ર - ૧૯૫ વાચસ્પતિ મિશ્રની ટીકા,
તત્ત્વ વૈશારદી અને ભોજ ભોજકૃત વૃત્તિ મુખ્ય છે.
વિદ્યા સનાતન છે, તેનો સંક્ષેપ - વિસ્તાર
દેશ - કાળ અવસ્થા વિશિષ્ટ કૃત હોય છે.
નાદાનુસંધાન - સુરત શબ્દયોગ સૌથી સહેલો છે.
પરાવાક્ અને પ્રણવ છે.
અભ્યાસ દૃઢ થવાથી પ્રણવરૂપી મહાનાદનું શ્રવણ થાય
અને એની સુષુપ્ત શક્તિ પણ જાગૃત થાય છે તથા
પ્રાણ સુષુમ્નામાં પ્રવેશ કરી ઉપર ચઢે છે.

નાદના ૮ પ્રકારમાં ૪ ઉગ્ર - ઘન નાદ

(૧) સમુદ્ર (૨) મેઘ (૩) ઝરણા (૪) ભેરી.

નાદના ૮ પ્રકારમાં ૪ મંદ - મધુર - સૂક્ષ્મ નાદ

(૫) ભમર (૬) વાણા (૭) વંશી (૮) કિંકીણી.

ઉગ્રથી મધુર તથા મધુરથી ઉગ્ર - ક્રમ સાંભળવા જોઈએ.
નામ, સત્યનામ, ઉદ્‌ગીથ, તારંકાર આદિ પ્રણવવાચક છે.
પ્રણવ એ મૂળ નાદ છે.

અનાહત તરફ લઈ જનાર આહત નાદ સાધન છે.
પ્રાણાયામથી પવનને અને પ્રત્યાહારથી ઈંદ્રિયોને વશ કરી
ચિત્તને બ્રહ્મરંધ્રમાં સ્થિર કરાવે છે. પરમધામ = પરમપદ,
નાદાનુસંધાન = નાદાકાર વૃત્તિ, વિષ્ણુ = વ્યાપક આત્મા.
અંતઃકરણની વૃત્તિ રૂપી ઉપાધિરહિત આત્મસ્વરૂપ સંપૂર્ણ
વૃત્તિઓનો ક્ષય થવાથી જે સ્વરૂપાવસ્થિતિ, તે જ આત્મા.
નાદાનુસંધાનથી પાપક્ષય અને નિર્ગુણ ચૈતન્યમાં
મન અને પવનની લીનતા થાય છે અર્થાત્
મન અને પવન - બંનેનો બ્રહ્મમાં લય થઈ જાય છે.
સાર્વભૌમ = સર્વ ભૂમિકાવાળાઓનો યોગ.
ધારણા જ પરિપક્વ થઈને ધ્યાનમાં પરિણત થઈ જાય છે.
ધારણાથી આરંભ અને સમાધિમાં સમાપ્તિ થાય છે.

તત્ત્વજિજ્ઞાસા અને મોક્ષાભિલાષા વિષયતૃષ્ણાને પ્રતિબંધક હોઈ વિતૃષ્ણા વૈરાગ્યની વૃદ્ધિ કરે છે, તેથી શમ-દમાદિ ગુણો પ્રકટે છે. ગુરુ પાસે સત્સંગ વડે શ્રવણાદિનો અભ્યાસ કરે છે, તેથી જીવ-બ્રહ્મની એકતાનો અનુભવ થાય છે. જીવને બ્રહ્મ બનવાનું નથી પણ ભૂલાઈ ગયેલા પોતાના બ્રહ્મસ્વરૂપને ઓળખી લઈને તદ્રૂપ થવાનું છે. અંતઃકરણરૂપી જળમાં નિદિધ્યાસન વડે નિર્મળતા સધાય અને નિર્મળતા વડે પોતાનું બ્રહ્મસ્વરૂપ પ્રત્યક્ષ થાય છે. બ્રહ્મસ્વરૂપ થવા શાસ્ત્રજ્ઞાન સાથે યોગાભ્યાસ જરૂરી છે. વિચાર-વિવેક વડે થતો બૌદ્ધિક સાક્ષાત્કાર સ્થિર નથી,

આપત્તિ વખતે તેની ધારણા ટકતી નથી.

નિદિધ્યાસન માટે યોગ અનિવાર્ય છે.

तस्य प्रशान्तवाहिता संस्कारात् । ३-१०

सर्वार्थतैकाग्रतयोः क्षयोदयौ

चित्तस्य समाधिपरिणामः । ३-११

ततः पुनः शान्तोदितौ तुल्यप्रत्ययौ

चित्तस्यैकाग्रता परिणामः । ३-१२

– <u>પાતંજલ યોગદર્શન</u> (પરિશિષ્ટ-૧૫)

પ્રશાન્તવાહિતા સંસ્કારના ઉદયથી થાય છે.

ગ્રાહ્ય સમાપત્તિના વિષયો છે...

પાંચ ભૂત, પાંચ તન્માત્રા તથા પાંચ ઇંદ્રિયો.

ગ્રહણ સમાપત્તિના વિષયો જ્ઞાનેન્દ્રિયો છે અને અહંકાર તથા બુદ્ધિયુક્ત પુરુષ એ ગ્રહીતા સમાપત્તિ છે. શુદ્ધ પુરુષ ચિન્મય હોવાથી વિષયોનો જ્ઞાતા નથી. જન્મજાત યોગીની ભવપ્રત્યય - બાકીની ઉપાયપ્રત્યય સમાધિ છે.

ઉપાયપ્રત્યય સમાધિના ૫ પ્રકાર

શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ, પ્રજ્ઞા.

શ્રદ્ધા = શાસ્ત્ર અને ગુરુવચનની સત્યતા પર વિશ્વાસ.

વીર્ય = શક્તિ, તત્પરતા, ઉત્સાહ.

સ્મૃતિ = વીર્યની વૃદ્ધિ, અનુભૂત વિષયાસંપ્રમોષ.

સમાધિ = એકાગ્રતા, સ્થિરતા. પ્રજ્ઞા = એકાગ્રતાની દૃઢતા.

વિતર્ક, વિચાર, આનંદ, અસ્મિતાના સ્થૂળ અર્થ

સવિતર્ક = પાંચ મહાભૂત. નિર્વિતર્ક = નામાદિ રહિત.

સવિચાર = સૂક્ષ્મભૂત પંચ તન્માત્ર.

નિર્વિચાર = સૂક્ષ્મભૂત પંચ કાર્ય - કારણ રહિત.

સાનંદ = ઇંદ્રિયો અને મનરૂપી ગ્રહણ સમાપત્તિ.

સાસ્મિત = બુદ્ધિ - અહંકાર - અસ્મિતા સહિત.

સ્થાન્યુપનિમંત્રણે સંગસ્મયાકરણમ્ પુનરનિષ્ટ-પ્રસંગાત્ ।

- પાતંજલ યોગદર્શન, ૩ - ૫૧ (પરિશિષ્ટ-૧૬)

## પ્રભુની આજ્ઞા - વાણીના ૧૨ ગુણ

સુનિઉણમણાઇનિહણં ભૂયહિઅં ભૂયભાવણમણગ્ઘં ।
અમિયમજિયં-મહત્થં મહાણુભાવં મહાવિસયં ॥૧॥
ઝાઇજ્જા નિરવજ્જં જિણાણમાણં જગપ્પઈવાણં ।
અણિઉણજણ દુન્નેયં નય-ભંગ-પમાણ-ગમગહણં ॥૨॥

(૧) સુનિઉણ = સૂક્ષ્મ દ્રવ્યાદિ-ભાવાદિ નિરૂપક.
(૨) અનાદિનિધન = દ્રવ્યાર્થ નયથી.
(૩) ભૂતહિત = ષડ્જીવનિકાય કલ્યાણકર.
(૪) ભૂતભાવ = અનેકાંતબોધક સદ્ભૂત.
(૫) અનર્ઘ્ય = અમૂલ્ય અથવા મહાર્ઘ્ય.
(૬) અમિત = અપરિમિતાર્થ અપેક્ષાએ અમૃતમયી, સજીવ, પથ્ય. (૭) અજિત = અન્ય દર્શનો - વચનોથી અપરાજીત.
(૮) મહાર્થ = મહત્ત્વ, મહાસ્થ (પૂજ્ય).
(૯) મહાનુભાવ = મહાસામર્થ્યવાળી, ચૌદ પૂર્વ, અનુત્તર - સિદ્ધિ સુખ આપનાર.
(૧૦) મહાવિષય = સર્વ દ્રવ્યોને જણાવનારી.
(૧૧) અનિપુણજન દુર્જ્ઞેય = સૂક્ષ્મમતિ ગ્રાહ્ય.
(૧૨) નય = સપ્તનય ગર્ભિત, ભંગ = સપ્તભંગ ગર્ભિત પ્રમાણ = સર્વ પ્રમાણ, ગમ = અર્થમાર્ગો, માર્ગોના ઉતરો.

## ચતુર્દશ ગુણસ્થાનક : ધર્મધ્યાન - શુક્લધ્યાનનાં કારણો

(૧) જ્ઞાન - દર્શનાદિ અંતરંગ ગુણો અને અંતરાત્મભાવમાં તેની શ્રેષ્ઠતાની ભાવના.

(૨) રાગ - દ્વેષ - મોહાદિ દોષોની ભયાનકતા અને તે દોષોના નાશથી થતી શુદ્ધિનો વિચાર.

(૩) સર્વ જીવો સાથે ક્ષમાપના અને નિર્વૈરતાનું ચિન્તન.

(૪) અરિહંતાદિ પંચ પરમેષ્ઠિની મંગળમયતા, લોકોત્તમતા અને શરણ્યતાનું ભાવન.

(૫) સર્વ કામનાઓનો ત્યાગ. (૬) મનોમલની વિશુદ્ધિ.

(૭) સર્વ જીવો સાથે બંધુભાવ.

(૮) સર્વ સ્ત્રીઓ પ્રત્યે માતૃભાવ.

(૯) સર્વ યોગનિરોધરૂપી સર્વ સંવરભાવની ઉપાદેયતા અને તેનું સાધન પરમ સામાયિક ભાવ.

(૧૦) દુશ્ચરિતોની નિંદા. (૧૧) સુચરિતોની પ્રશંસા.

(૧૨) સર્વ ચેષ્ટાઓનો નિરોધ.

ટૂંકમાં કર્મ પ્રત્યે શત્રુભાવ[1], જીવરાશિ સાથે મિત્રભાવ[2], રાગાદિ[3] દોષોની તુચ્છતા, દર્શનાદિ ભાવોની શ્રેષ્ઠતા[4], દુષ્કૃતની[5] નિંદા, સુકૃતની[6] અનુમોદના, ચતુઃશરણગમન[7] અને સર્વ સંવરની ભાવના. સર્વ સંવર = સર્વ સમર્પણ.

## વિપશ્યના એટલે શું?

વિપશ્યના = વિશેષ પ્રકારે - વિશિષ્ટ રીતે જોવું.
સમ્યગ્દર્શન, પદાર્થોનું અને પોતાનું સ્વરૂપ યથાર્થપણે
જોવું, તે વિપશ્યના છે. તે સમ્યગ્દર્શનની પર્યાય છે.
સાક્ષીભાવ, દૃષ્ટાભાવ પણ એ અર્થને સૂચવે છે.

વસ્તુ જેમ છે, તેને તે રીતે જોવી,
તે દૃષ્ટાભાવ, સાક્ષીભાવ તથા તટસ્થભાવ છે.
વસ્તુ સામાન્ય - વિશેષ ઉભયરૂપ છે.
મહાસામાન્યથી ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યસ્વરૂપ છે.

વિશેષથી ગુણ - પર્યાયયુક્ત છે. પુદ્ગલના સહભાવી ગુણ
રૂપ - રસાદિ અને જીવના ગુણ જ્ઞાન - દર્શનાદિ છે.
પુદ્ગલના ક્રમભાવી પર્યાય નીલ - પીતાદિ તથા
જીવના ક્રમભાવી પર્યાય ઘટજ્ઞાન, પટજ્ઞાનાદિ છે.

દૃશ્ય અને દૃષ્ટા - ઉભયને યથાપ્રકારે જોવો,
તે વિપશ્યના અથવા સમ્યગ્દર્શન છે.

પોતાના વિચાર, વિકાર અને સંસ્કારને ભેળવ્યા વિના
વસ્તુને તટસ્થભાવે - યથાર્થપણે જોવી, તે વિપશ્યના છે.
'સાક્ષી' તેનો પર્યાય છે, જેને તે વસ્તુનું જ્ઞાન હોય,
તેના સમીપ હોય અને તે નિષ્પક્ષ તથા તટસ્થ હોય.

વિપશ્યના - સાક્ષી - દૃષ્ટા અભિગમ છે.
સમભાવવર્તી તથા તટસ્થ રહીને વસ્તુ જેવી હોય, તેવી દેખે.
વિચારોને પણ તટસ્થતાપૂર્વક જોવાથી મન નિર્મળ થાય,
મલિનતા ચાલી જાય તથા શાંતિ અનુભવાય છે.

વેદાંતથી સ્વરૂપનો નિશ્ચય થાય છે,
ધ્યાનયોગ બ્રહ્માનંદની અનુભૂતિ કરાવે છે.
ધ્યાનસાધનાથી આંતરિક સમાધાન મળે છે.
તણાવોથી મુક્ત થવા માટે અને દિવ્ય આનંદનો
અનુભવ મેળવવા માટે ધ્યાનયોગ એક વરદાન છે.
ધ્યાન વડે ભાગવત્ ચેતના મેળવી શકાય છે અને
આત્માનું પોતાનું સાચું સ્વરૂપ અનુભવી શકાય છે.

- *Nirmalji*

આમ વિપશ્યના એટલે વિશિષ્ટ પ્રકારે દેખવું,
સ્વસંવેદન કરવું અને આત્માનુભૂતિ પણ કરવી.
સમ્યગ્દર્શનનો માત્ર ચક્ષુથી જ નહિ પણ
આત્માથી યથાર્થ અનુભવ કરવો, તે વિપશ્યના.
પ્રકૃતિ વસ્તુસ્થિતિ જેવી હોય,
તેવી જ તેને દેખવી અને અનુભવવી અને તેને
રાગ - દ્વેષ કે મોહની દૃષ્ટિએ ન દેખવું, તે વિપશ્યના.

પદાર્થોનું તાત્ત્વિક સ્વરૂપ સૂક્ષ્મ છે, તેથી
તેને જોવા માટે દૃષ્ટિ પણ સૂક્ષ્મ કરવી જોઈએ.
ચૈતન્ય અને પરમાણુ અત્યંત સૂક્ષ્મ છે.
ચિત્ત એ અવચેતન મન છે અને
શરીરનો અંદરનો ભાગ એ સૂક્ષ્મશરીર છે,
તેનો અનુભવ સ્થૂળમન તથા ચર્મચક્ષુથી થવો અસંભવિત છે.
વિપશ્યના વડે જોવાની ક્રિયા
સ્થૂળથી માંડી સૂક્ષ્મતમ સુધી પહોંચે છે.
પ્રથમ સ્થૂળ - પછી સૂક્ષ્મ શરીર, અચેતન મન, મનની
ગ્રન્થિઓ, કામના - વાસનાઓ, કર્મનો ઉદય, ફળ દેવાની
ક્રિયા તથા વસ્તુનું પરમાર્થસ્વરૂપ અને શુદ્ધ ચેતનને
પ્રત્યક્ષ દેખવાની ક્રિયા માત્ર ધ્યાનથી સાધ્ય થાય છે,
તેમાં ચિત્તની એકાગ્રતા, જાગરૂકતા અને પ્રગાઢ સમત્વ
જે રીતે નિરન્તર બની રહે છે, એ જ તેનું સાધ્ય છે.

વિપશ્યના સાધનાના ચાર અંગો

(૧) આનાપાન સ્મૃતિ (૨) વિપશ્યના
(3) બ્રહ્મવિહાર (૪) ક્ષણમાં જીવવાની કળા.

આનાપાન સ્મૃતિનો અર્થ શ્વાસ - પ્રશ્વાસની ગતિ પર
સતત ધ્યાન અને તેની સતત સ્મૃતિ.

માનવમન સદા બહિર્મુખ રહે છે. તેના વિચાર, વાણી
અને વર્તન સદા બહિર્મુખતામાં જ રમણ કરતાં રહે છે.
એ સતત બહિર્મુખ રહેતાં મનને
જો અંતર્મુખતા તરફ વાળવું હોય, તો શ્વાસોચ્છ્વાસની
ક્રિયાનો એક સાધન તરીકે સુંદર ઉપયોગ થઈ શકે.
આ ક્રિયા બાહ્ય - આંતરમન વચ્ચે એક પુલ બની શકે.
માનવ એ ક્રિયા જન્મથી લઈને મૃત્યુ પર્યંત નિરંતર
જાણે - અજાણે કરતો જ હોય છે, તેમાં તેને કાંઈ
શીખવવું પડતું નથી પણ તે સાથે સતર્કતા અને સતત
જે સજાગતા રાખવાની હોય છે, તે શીખવી પડે છે.

*Awareness of the life process is
the discipline called* વિપશ્યના।

વિપશ્યનાથી નિત્યાનિત્ય વિવેકપૂર્ણ - અંતર્મુખ બનાય, સર્વ
સાથે આત્મૌપમ્ય સધાય, સંકલ્પ - વિકલ્પથી મુક્ત થવાય
અને જીવનની ક્ષણે ક્ષણ સફળ થાય છે.
'વિશેષ રૂપથી જોવું' એનું નામ વિપશ્યના.
તેથી એક ક્ષણમાં અનેકવાર ઉત્પન્ન તથા નષ્ટ થતાં
પોતાના નામ - રૂપ ધર્મોનો અનિત્ય સ્વભાવ
સ્પષ્ટરૂપે પ્રતિભાસિત થતો દેખાય છે.

વળી 'જે ધર્મ અનિત્ય-દુઃખકારક છે, તે હું કે મારી નહિ' આ અનાત્મ સ્વભાવ પણ તેને યથાર્થરૂપે સમજાય છે. આ રીતે નામ-રૂપ ધર્મોના અનિત્ય, દુઃખકારક અને અનાત્મક સ્વભાવવાળા સ્વરૂપને સાક્ષાત દેખવું તે જ વિશિષ્ટરૂપે દેખવું યાને વિપશ્યના સાધનાનું મૂળ છે.

સ્થૂલ અનિત્ય છે, સૂક્ષ્મ નિત્ય છે.

સ્થૂલમાંથી સૂક્ષ્મમાં જવા માટે સ્થૂલની અનિત્યતાનો અભ્યાસ ભાવવો જોઈએ અને જતાં-આવતાં શ્વાસ-પ્રશ્વાસની ગતિ ઉપર સતત ધ્યાન આપ્યા કરવાથી તે દિન-પ્રતિદિન વધુ અને વધુ સ્પષ્ટ થતું જાય છે. શ્વાસોચ્છ્વાસ જેમ અનિત્ય છે, તેમ તેના આધારે ચાલતું વિશ્વ પણ અનિત્ય છે. શ્વાસોશ્વાસના ધ્યાનની ક્રિયા બાળ, વૃદ્ધ અને મધ્યમ સર્વ કોઈ અધિકારી માટે સરળ ગ્રાહ્ય છે, કારણ કે તેમાં કોઈ શબ્દ કે રૂપ કે કલ્પનાનું અવલંબન લેવું પડતું નથી. સમાજમાં અનેક વ્યક્તિઓવાળા લોકો હોય છે: તદ્દન અબુધ-મધ્યમ અને બુદ્ધિશાળી. તેના વર્ગોની પણ અનેક કક્ષાઓ હોય પણ દુઃખની દૃષ્ટિએ તે બધા એક જ વ્યક્તિઓમાં બેસતા થાય છે. તેમને બધાને દુઃખમુક્તિનો કોઈ સીધો સર્વસામાન્ય

અને સમજમાં ઉતરે તેવો માર્ગ બતાવવો જોઈએ, જે
સહજસાધ્ય હોય અને નિર્ભયપણે બધા અપનાવી શકે.

મોટા મોટા સિદ્ધાંતો, શાસ્ત્રીય જ્ઞાન અને
ફક્ત બુદ્ધિની જ કસરતબાજીથી મુક્ત એવો
સહજ, સરળ, પ્રસન્ન માર્ગ એટલે જ વિપશ્યના સાધના.

તેમાં માત્ર શ્વાસની પ્રક્રિયા અને તે દ્વારા
શરીરમાં ચાલતી હીલચાલો પર તટસ્થ દૃષ્ટિથી જોવાનું છે,
જેથી યથાર્થ સત્યનો બોધ થાય અને જે અનિત્ય છે,
ક્ષણ - ક્ષણમાં પરિવર્તિત થાય છે, તેનો પ્રતિભાસ થાય.
ત્યારબાદ સ્થૂલ શરીર પરથી મન સૂક્ષ્મમાં પ્રવેશ કરે છે,
યથાર્થ બોધ દ્વારા પરમ સત્ય પ્રતિ અભિમુખ બને છે.
જન્મોજન્મનાં સંગ્રહિત કરેલા વિચાર તથા સંસ્કારોના
બહિર્મુખી જબરદસ્ત પ્રવાહને અંતરમુખી બનાવવો રહે
અને અંતરમાં વિલીન કરવો રહે,
તો તે માટે સતત પુરુષાર્થની જરૂર રહેશે.
તે માટેની સાવધાની અને શરતો મંજુર હોવા જોઈશે,
તો જ તે દ્વારા મહત્ત્વદાયક અને
મહાહિતકારી સાધના થઈ શકશે તથા
સિદ્ધિનાં સોપાનો ઉપર ચઢી શકાશે.

શરૂઆતમાં આ બધું થોડું કઠિન લાગે છે,
પરન્તુ ધીરે ધીરે અભ્યાસ થતાં ખૂબ રસ આવવા
લાગે છે અને પ્રતીત થાય છે કે કેવા ભ્રામક તથા વ્યર્થ
બાબતોમાં આપણે સમયને નકામો વેડફી નાંખતા હતાં.

વિપશ્યના સાધનાના અભ્યાસ માટે
૧૦ દિવસની શિબિર ગોઠવવામાં આવે છે.

રોજીંદા જીવનની પ્રવૃત્તિ, વિચાર, ચર્ચા,
વાંચન, બહાર જવા - આવવાનું છોડીને માત્ર
બતાવેલી સાધનામાં જ રત રહેવાનું હોય છે.
શરૂમાં થોડું કઠિન લાગે, પછી આનંદ આવવા લાગે છે.

વિપશ્યનાના ૪ અંગ : કાયા, વેદના, ચિત્ત અને ધર્મ.

સ્મૃત્યુપસ્થાપન

કાયાનુપશ્યના = કાયા-Bodily mindfulness.
વેદનાનુપશ્યના = Mindfulness of feelings.
ચિત્તાનુપશ્યના = Mindfulness of thoughts.
ધર્માનુપશ્યના = Mindfulness of Contents.

કાયાનુપશ્યના : આમાં શરીરના અંગ-અંગ ભાગ તથા તેની
સાથે જોડાયેલા રોગ, જરા, મૃત્યુ આદિને પણ જોવાના છે,
જેથી શરીર સંબંધી સ્થૂલ મોહ છૂટી જાય છે.

## કાયાનુપશ્યનાનાં પાંચ પ્રકાર

(1) Mindfulness of breathing આનાપાનસ્મૃતિ.
(2) Mindfulness of bodily movement ઈર્યાપથ.
(3) Mindfulness of repulsiveness of body
શરીર પ્રતિકૂલ મનસ્કાર.
(4) Mindfulness of elements - primary qualities of body શરીર ધાતુ મનસ્કાર.
(5) Mindfulness of decomposition of body
શરીર સ્મશાન યોગ.

ઇંદ્રિયોને અંતર્મુખ કરવા પ્રથમ સાધનરૂપ આનાપાનસ્મૃતિ છે, તેને ભાવિત-પ્રફુલ્લિત કરવાથી ચિત્ત વિકાસ બને અને શ્વાસ સૂક્ષ્મ-શાંત થવાથી સુષુમ્ણામાં પ્રવેશ કરે છે.

વેદનાનુપશ્યના : સુખ-દુઃખ સંવેદનાને વિષે જાગૃતિ અથવા ઉપયોગ, કાયાની પ્રત્યેક ચેષ્ટા પ્રતિ જાગૃતિ. વેદના એટલે વિપશ્યનામાં શરીરની ઉપરની ત્વચા અને તેની અંદરની સંવેદનાઓનો અનુભવ કરવામાં આવે છે તે. સંવેદનાઓ સુખદ તથા દુઃખદ બંને પ્રકારની હોય છે, તેનો સમભાવ, તટસ્થભાવ, નિર્લેપભાવથી અનુભવ કરવો. એથી સ્થૂલ તથા સૂક્ષ્મ ગ્રન્થિઓ ખૂલી જાય છે અને

સમભાવના કારણે નવા ગ્રન્થિઓનું નિર્માણ થતું નથી.
સમભાવથી સ્વસ્થતા કે સ્વમાં સ્થિરતા વધે છે અને
નિર્વિકારતા સાથે પૂર્વસંચિત ગ્રન્થિઓનું ભેદન થતું જાય.
સમતાથી રાગદ્વેષ ઘટે અને રાગદ્વેષ ઘટવાથી સમતા વધે.
એ રીતે પરસ્પરપૂરક અને સહાયક બને છે.

વિપશ્યનામાં કથનાદિ અલ્પ છે, કરણાદિ મુખ્ય છે.
સંગીત ગાવામાં તથા તેના પુસ્તકો વાંચવામાં જે અંતર છે,
તે વિપશ્યના કરવામાં અને તે સંબંધી વાંચવામાં છે.
વિપશ્યનાની વિશેષતાઓનો સાક્ષાત્કાર તેના અભ્યાસ
અને તે દ્વારા થતાં સ્વસંવેદનથી જ કરી શકાય છે.
આ પ્રક્રિયામાં મૈત્રી, મુદિતા, કરુણા, માધ્યસ્થ્ય - ચારે
ભાવનાઓનું જીવનવિકાસ માટે વિશિષ્ટ મહત્ત્વ છે.
આ ભાવનાઓથી ક્ષમા, સરળતા, મૃદુતા, વિનમ્રતા, સમતા
આદિ દૈવીગુણોનો વિકાસ થાય છે, જેથી માનવ માનવ
મટી દેવ તથા દેવ મટી દેવાધિદેવ બની જાય છે.

વિપશ્યના એટલે પ્રત્યક્ષ અનુભવ.
આમાં Practical experience હોવાના કારણે
પ્રત્યેક વ્યક્તિ તે દ્વારા એકાગ્રતા, નિર્મળતા, નિરાકુળતા,
પ્રસન્નતા, સમતા તથા સ્થિતપ્રજ્ઞતાને મેળવી શકે છે.

ચિત્તાનુપશ્યના = આમાં રાગ-દ્વેષાદિને વિષે ઉપયોગ અથવા સુખ-દુઃખની અનુભૂતિ પ્રતિ જાગૃતિ હોય છે. આ સાધનાકાળમાં શીલની સુરક્ષા તથા ચિત્તની સમતાને દૃઢ કરવા માટે વ્યસનમાત્રનો ત્યાગ કરવામાં આવે છે, પછી તે આમોદ-પ્રમોદ, હાંસી-મજાક, અત્તર-સુગંધ, શરાબ-ધૂમ્રપાન, પત્રવ્યવહાર, દેશ-સમાજની ચર્ચા, અખબારનું વાંચન હો કે ઇંદ્રિય-મનને ઉત્તેજિત કરનાર ભોગના કોઈપણ સાધનનો સંપૂર્ણ ત્યાગ, અલ્પાહાર, અલ્પનિદ્રા તથા મૌનની અતિ આવશ્યકતા હોય છે.

વિપશ્યનામાં પ્રતિદિન ચાર વખત
હાલ્યા-ચાલ્યા વિના દિવસમાં ૧૨ કલાક
એક એક પ્રહર ધ્યાન કરવાનું હોય છે.

સૌ પહેલાં આના-પાન સ્મૃતિ સહિત શ્વાસોચ્છ્વાસ લેવા તથા મૂકવા ઉપર ચિત્તને જાગરૂક રાખવું પડે છે.

તેમાં સ્વાભાવિક ગતિએ ચાલતાં
શ્વાસોચ્છ્વાસને સતત જોવાની ક્રિયાનો
મુખ્ય લાભ ચિત્તની એકાગ્રતા અને ચિત્તસંયમ છે.

કાર્યસિદ્ધિ માટે જોઈતાં સજાગ-તીક્ષ્ણ
ચિત્ત માટે એકાગ્રતાનો અભ્યાસ જોઈએ.

ચંચલ ચિત્ત અહીં - તહીં ભટકે
તેની શક્તિ વિખરાઈ જાય છે અને નિર્બળ બને છે,
જે રાગદ્વેષના વમળોમાં ખેંચાઈને વધુ નિર્બળ બને છે,
પછી નિશ્ચિત દિશામાં ગતિ કે પ્રગતિ કરી શકતું નથી.

કાર્યસિદ્ધિ માટે આવશ્યક એવી
એકાગ્રતાની સાથે જેમાં સ્થિર રહેવું છે,
તે સાધનની પણ શુદ્ધતા જોઈએ.
સાધન એવું જોઈએ, જે રાગ-દ્વેષ-મોહ ઉત્પન્ન ન કરે.

શ્વાસોચ્છ્વાસ એક એવું સાધન છે કે જેમાં
સ્થિર થવાથી રાગ-દ્વેષ-મોહની ઉત્પત્તિ થતી નથી
અને જાગરૂકતા અન્તર્દર્શનમાં સહાયરૂપ બની રહે છે.
શ્વાસ-પ્રશ્વાસ પ્રત્યેનું ધ્યાન સરળમાં સરળ ઉપાય છે
ચિત્તને સ્થિર, સજાગ, સૂક્ષ્મ અને સક્ષમ બનાવવાનો.
ત્યાર બાદ જ વિપશ્યનાનો ખરો આરંભ થાય છે.

સમ્યગ્દર્શન અને યથાર્થ અનુભવ કરવા માટે
મિથ્યા માન્યતાઓ-કલ્પનાઓને છોડવી અનિવાર્ય છે.
વિપશ્યના માટે સૌ પ્રથમ સર્વ કલ્પનાઓથી મુક્ત થવું.
જેવા રંગના ચશ્મા હોય, તેવી વસ્તુ દેખાય છે, માટે
રંગીન ચશ્મા ઉતારીને સ્વચ્છ આંખવાળા થવું જોઈએ.

ચિત્તની શુભાશુભ વૃત્તિઓ પ્રતિ જાગૃતિ.
સર્વ ક્ષણિક આદિ ચિત્તની સંસ્કારસ્મૃતિ પ્રતિ જાગૃતિ.
<u>ધર્માનુપશ્યના</u>: નીવરણો moral hindrances.
વ્યાધિ - સ્ત્યાનાદિ ધ્યાનમાર્ગના વિઘ્નો વિષે
ક્ષણે ક્ષણનો અવિરત - અખંડધારી ઉપયોગ તથા જાગૃતિ.
અવિચ્છિન્નપણે સભાન રહેવું તે આની પ્રથમ શરત છે.
ધર્માનુપશ્યનાને 'નિર્વાણપ્રાપ્ત પદાર્થ' પણ કહે છે.
<u>ધર્માનુપશ્યનાનો અભ્યાસ ચાર ચોકડીથી થાય</u> છે:
(૧) દીર્ઘ તથા હ્રસ્વ શ્વાસ, કાયસ્મૃતિ અને
કાયાના જન્મોજન્મના જૂના સંસ્કારોને શાંત કરીને.
(૨) પ્રીતિ, સુખ અને ચિત્તના સંસ્કારોને
જાણી લઈને તથા તે સંસ્કારોને પ્રકૃતિમાં શાંત કરીને.
(૩) ચિત્ત જાણી - સમાધાન કરી - પ્રમુદિત, વિમુક્ત થઈને.
(૪) અનિત્યતા - વૈરાગ્ય તથા નિરોધને
જાણી લઈને તથા સર્વ નિરોધનો ત્યાગ કરીને.
<u>સ્મૃત્યુપસ્થાપન અથવા સ્મૃતિ ઉપસ્થાન એટલે...</u>
અખંડ - સતત સાવધાની, વિવેક તથા જાગૃતિ.
સતત જાગૃતિ એ ઉભયલોકમાં હિત કરે છે.
આ અપ્રમાદ સાધવાની પ્રક્રિયા છે.

આખરે વિપશ્યના સાધનાનું લક્ષ્ય શું છે?

વિપશ્યનાનું લક્ષ્ય છે દુઃખથી પૂર્ણ મુક્તિ,
શાશ્વત સુખની પ્રાપ્તિ અર્થાત્
રાગ - દ્વેષ - મોહ વગેરેના વિકારોથી છૂટીને
પૂર્ણ નિર્વિકાર વીતરાગ અવસ્થાની પ્રાપ્તિ.

વીતરાગ અવસ્થા મેળવવાના ૩ સાધનો છે:

શીલ, સમાધિ અને પ્રજ્ઞા.

શીલનાં પાંચ અંગના નામ છે:

અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય, સત્ય અને અપ્રમાદ.

વિપશ્યનામાં શેનો નિષેધ અને પ્રતિબંધ છે?

ભજન, કીર્તન, માળા, મંત્ર, નામજપ, ધૂપ, દીપ, સ્મરણ,
આસન, પ્રાણાયામ, વાચના - પૃચ્છના સાથેનો સ્વાધ્યાય
તથા ધ્યાનાદિનો વિપશ્યનામાં નિષેધ અને પ્રતિબંધ છે.

આ પ્રતિબંધ શા માટે?

ચિત્તને એકાગ્ર થવામાં આ સર્વ આલંબનો સહાયક છે,
પરંતુ આલંબનો વડે થતી એકાગ્રતામાં આપણું ચિત્ત
આલંબનોમાં જ રમણ કરે છે, તેથી
એ આલંબનોને છોડીને સૂક્ષ્મમાં પ્રવેશ કરવા માટે તથા
અંતર્દૃષ્ટિ થવા કે આત્મદર્શન કરવામાં તે બાધક બને છે.

## પ્રભુના શરીર, આયુષ્ય અને શાસનકાળનું આંતરું

શ્રી મુનિસુવ્રતસ્વામીનું શરીર ૨૦ ધનુષ્ય,
આયુષ્ય હતું ૩૦ હજાર વર્ષ.
શ્રી નેમિનાથ ભગવાનનું શરીર ૧૫ ધનુષ્ય,
આયુષ્ય હતું ૧૦ હજાર વર્ષ.
૨૦મા અને ૨૧મા ભગવાનનું આંતરું હતું ૬ લાખ વર્ષ.
મુનિસુવ્રત સ્વામી અને મહાવીર ભગવાન વચ્ચે
આંતરું હતું ૧૧ લાખ ૮૪ હજાર વર્ષ.
નમિનાથ અને વીર વચ્ચે આંતરું ૫ લાખ ૮૪ હજાર વર્ષ.
નેમનાથ અને પ્રભુ વીર વચ્ચે આંતરું ૮૪ હજાર વર્ષ.

## રાજકીય ફરજો નૈતિકધર્મની આવશ્યકતા

નૈતિક વર્તનની તાત્ત્વિક ભૂમિકા, તે ધર્મ છે.
નૈતિક રીતે ધારી રાખે, તે ધર્મ છે.

## ડૉ. રાધાકૃષ્ણન કમિશનની પાંચ ભલામણો

(૧) પ્રાર્થનાથી કાર્યનો આરંભ કરવો.
(૨) સંત પુરુષોનાં જીવનચરિત્રોનું પઠન કરવું.
(૩) શાસ્ત્રોના પસંદ કરાયેલા ભાગોનું શિક્ષણ આપવું.
(૪) ધર્મોનો ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનનું શિક્ષણ આપવું.
(૫) ગૃહનું વાતાવરણ - સામાજિક પરિસ્થિતિ સાચવવી.

બે પ્રકારે મનની ગતિ: સમ અને વિષમ.

સમગતિ પ્રયત્નસાધ્ય છે અને વિષમગતિ સહજ છે.
વિષમ ગતિ બે પ્રકારની હોય છે: દ્રુત અને વિલંબિત.
બંનેનું નિયંત્રણ કરવાથી સમગતિ થાય છે. હલનચલન
બંધ કર્યા સિવાય ચિત્ત એકાગ્ર થઈ શકતું નથી.
સ્વાધ્યાય માટે આચાર્ય-ઉપાધ્યાયના શબ્દો જપવાનું છે
અને ધ્યાન માટે કાયોત્સર્ગનો આશ્રય લેવાનો છે.

બંને વસ્તુ એકાગ્રતાની પૂરક છે.

લયયોગ = મનની તમામ વૃત્તિને મંત્રદેવતામાં લય કરવી.
જપથી મંત્રસિદ્ધિ થાય છે, પરન્તુ તે માટે જરૂરી
'એકાગ્રતા અને શુદ્ધિ' ધ્યાન વડે જ શક્ય છે.
દૂધથી જેમ દૂધપાક બને છે, તેની જેમ જ
જપથી સિદ્ધિ અને શુદ્ધિથી મુક્તિ ઇત્યાદિ છે પણ
ધ્યાન, દાન કે ક્રિયાનો તેથી નિષેધ સમજવાનો નથી.

અગ્રશોચ - ભોગસુખની ઇચ્છા રોકવા માટે:

सल्लंकामा विसंकामा कामा आसीविसोवमा ।
कामे य पत्थेमाणा अकामा जंति दुग्गइं ॥ - उत्त. ९, ५३

અર્થ: કામભોગ શલ્ય - વિષ - આશીવિષ સર્પ છે. કામ-
ભોગ અભિલાષા પછી ન ભોગવે તો ય દુર્ગતિમાં પડે.

## વ્યક્તિત્વના અનેક પાસાઓ

શરીર, પ્રાણ, મન, આત્મા - આ બધામાં આત્મા
એ જ તારું મૂળભૂત અને સાચું વ્યક્તિત્વ છે.
તેને પ્રસન્ન કરવાનો સહેલો માર્ગ એ છે કે
બાળ માનવ તથા અન્ય પ્રાણીઓને બંધુસમાન ગણવા,
તેઓના દુઃખ - દર્દોને દૂર કરવા સહાયભૂત બનવું,
શક્ય એટલા પ્રમાણમાં ભૂખ્યાને ટૂકડો આપવો,
તરસ્યાને પાણીનો પ્યાલો આપી તરસ છીપાવવી,
માર્ગ ભૂલેલા મનુષ્ય - સાધકને રસ્તો બતાવવો.
આ સર્વ કાર્યો દૈવિક કર્તવ્ય સમજને પ્રેમથી કરવા,
જેથી અંતરાત્મા આનંદથી ખુશ થશે.
વળી આત્માનો સંપર્ક જળવાઈ રહે,
તે માટે જાપ, ધ્યાન વગેરે કરતાં રહેવું જોઈએ.
પાયાની ભૂલ જ આ છે કે મનુષ્ય દેહાધ્યાસને લઈ
પોતાની અસલ જાત 'આત્મા'નું વિસ્મરણ કરે છે
અને દેહને જ પોતાની જાત માનતો ફરે છે.
આત્માનું સતત સ્મરણ જ સાચા જીવનનો શિલાધાર છે.
શરીર, પ્રાણ તથા મન રાજી થવાથી આત્મા આનંદ
પામે છે એવું નથી, પરંતુ તે વાત ઊલટી જ છે કે:

જો આત્મા પ્રસન્ન હોય, તો
તેનાં તમામ કરણો, શરીર, પ્રાણ, મન પ્રસન્ન હોય છે.
આત્માને પ્રસન્ન કરવાનો કીમિયો કબીર બતાવે છે:

<u>કબીર</u> કહે કમાલકો દો બાતાં સીખ લે...
કર સાહેબ કી બંદગી ઔર ભૂખે કો કુછ દે.

ભગવાનની ભક્તિ અને ભૂખ્યાને ભોજન -
આ બે કાર્યથી આત્માની પ્રસન્નતા હોય છે. આમ થતાં શરીર, પ્રાણ તથા મન પણ ઊંડી પ્રસન્નતા અનુભવે છે. વાસનાની તૃપ્તિમાં પ્રાણને હર્ષ થતો દેખાય, પરન્તુ આત્મા તો નાશ જ પામે છે. આત્માનંદના નશામાં રહેવા અંતરાત્માનો સતત ગાઢ સંપર્ક કેળવવો જ રહ્યો.
<u>વ્રત, ઉપવાસ, તીર્થાટનાદિ કરવા છતાં અતૃપ્તિ રહે છે, તે કોઈ અજ્ઞાત વસ્તુની ખોજ બાકી છે, એમ બતાવે છે.</u>

<u>અર્થ - કામપુરૂષાર્થ અંગે...</u>

સ્વરક્ષા, સ્વજાતિરક્ષા, જીવન જરૂરીયાતોનો સંગ્રહ આકૃતિ આહારાદિ સર્વ સંસ્કારોનું બીજું નામ. They are universal natural instincts.

જીવમાત્ર બીજા જીવોનો ઋણી છે, તે
ઋણ ચૂકાવવાનો પ્રયત્ન ન કરવો, તે કૃતઘ્નતા દોષ છે.

## ધર્મ એ ચિત્તવિશુદ્ધિનું રસાયણ છે.

ધર્મનો વિચાર કૃતજ્ઞતા બુદ્ધિમાંથી ઉત્પન્ન થાય છે
અને પરોપકારની કૃતિમાં કૃતાર્થ થાય છે.
સ્વાર્થલાભની વાસના રાગ-દ્વેષની વૃદ્ધિ કરે છે ઉપરાંત
હૃદયને બહુ સંકુચિત બનાવે છે.
'સર્વના કલ્યાણનો વિચાર' એ ધર્મ છે, કેમકે
તે હૃદયને વિશાળ બનાવે છે, તે પુરુષરૂપી ધર્મ છે.
अयं हि परमो धर्मो यद् योगेनात्मदर्शनम् । અર્થાત્:
આ જ પરમ ધર્મ છે કે યોગ વડે આત્મદર્શન પ્રાપ્ત કરવું.

કૃતજ્ઞતા વડે ધર્મપુરુષાર્થ સધાય છે તથા
સ્વતંત્રતા વડે મોક્ષપુરુષાર્થ સધાય છે.
મોક્ષપુરુષાર્થનો ઉપાય યોગ છે.

રાગ, ઇચ્છા, સંકલ્પનો સમુદાય અર્થાત્
અધ્યવસાયની એકતા એ ચિત્તનું સ્વરૂપ છે.
સુખ-દુઃખાદિનો અધ્યવસાય ઇચ્છામાં સમાઈ જાય છે.
અધ્યાસ, વિપર્યય, ભ્રમ - એ બધા અનર્થકર છે.

*What really matters is...*
*not to add years to your life,*
*but life to your years.*

## સત્ય અને અહિંસા

સત્ય એ જો ભગવાન છે, તો અહિંસા ભગવતી છે.
જેનામાં વસતા હોય, તે જૈન બની શકે છે.
મારવું તે હિંસા છે, અપરાધીનો સામનો કરવો તે ધર્મ છે.
મોટી હિંસા અટકાવવા માટે નાની હિંસા ક્ષમ્ય છે.
ભાવઅહિંસા બચાવવા દ્રવ્યહિંસાને ક્ષમ્ય ગણવી પડે છે.
તીર્થંકર ભગવાન ઉપરની શ્રદ્ધામાં સમ્યગ્દર્શન છે,
એમ માત્ર નહિ
પણ તીર્થંકર ભગવાનના અચિન્ત્ય પ્રભાવની
શ્રદ્ધામાં સમ્યગ્દર્શન રહેલું છે.

तज्ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागगणः ।
तमसः कुतोऽस्ति शक्तिः दिनकरकिरणाग्रतः स्थातुम् ॥

વિદ્યા આત્માના કલ્યાણ માટે છે, પરન્તુ જો વિદ્યાથી
અવિદ્યાની નિવૃત્તિ ન થાય, તે વિદ્યા શા કામની?
પ્રકાશ તેનું નામ કે જેનાથી અંધકાર દૂર થાય.
દેહનો ધર્મ દેહ બજાવે, તો
આત્માનો ધર્મ આત્માએ શા માટે ન બજાવવો જોઈએ?
અહિંસા ભરપૂર સ્થળ અને વાતાવરણની અસર
મનુષ્યના મન અને શરીર ઉપર તુરંત થાય છે.

## સત્યના સાક્ષાત્કારનું દ્વાર

સત્ય એક છે, એ કબૂલો. જ્યાં વિચાર છે,
ત્યાં સત્ય નહિ હોય, કેમકે વિચાર અનેક છે.
વિચારોને છોડીને ચિત્ત જ્યારે નિર્વિચાર થાય છે,
ત્યારે જ આ સત્યની અનુભૂતિ થાય છે. સત્યના
સાક્ષાત્કારનું દ્વાર વિચાર નહિ કિન્તુ નિર્વિચાર સમાધિ છે.
સર્વે શબ્દોનું પર્યવસાન પરમાત્મવાચકતામાં રહેલું છે.
શબ્દ માત્ર પરમાત્મવાચક છે, કેમકે શબ્દની ઉત્પત્તિ
પરમાંથી છે, તેથી વાણીના ચાર પ્રકાર પડી જાય છે:
પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી.
તે ચારેમાં આત્મશક્તિ કાર્ય કરે છે, તેથી શબ્દમાત્ર
આત્મવાચક અથવા પરમાત્મવાચક બની જાય છે.
એ રીતે બધું જ્ઞાન આત્મા છે.
આત્મા અને જ્ઞાનને કથંચિત અભેદ રહેલો છે, તેથી
જ્ઞાનમાત્ર આત્મા છે. જ્ઞાન મેળવવાના બે માર્ગ છે:
(૧) તર્ક અને દલીલો દ્વારા સામાને નિરુત્તર કરી શકાય,
નિઃશંક નહિ. (૨) નિઃશંક બનાવવાનો માર્ગ અનુભૂતિ છે.
તર્કથી શંકાઓ શમે છે પણ નિર્મૂળ થતી નથી,
અનુભૂતિથી તે નિર્મૂળ થાય છે.

## સદ્ગુરુ અને ઈશ્વર વચ્ચે તફાવત

સદ્ગુરુ કઠોર છે, ઈશ્વર ક્ષમાશીલ છે.
સદ્ગુરુ ન્યાયાધીશ છે, ઈશ્વર રાષ્ટ્રપતિ છે.
ન્યાયાધીશ ફાંસીની સજા કરશે, તો રાષ્ટ્રપતિ 'પીટીશન ઓફ મર્સી'ના આધારે તે સજા ઘટાડીને જન્મટીપની કરશે.

વિશ્વાસપાત્ર બનવું કઠિન વસ્તુ છે, કેમકે તે બીજાના હાથની વાત છે... પણ સર્વે ઉપર પ્રેમ રાખવો, એ આપણા હાથની વાત છે. બીજાઓ આપણા પર વિશ્વાસ કરે તેના કરતાં વધુ જરૂરી આપણે બીજાઓ પર અને પરમેશ્વર ઉપર વિશ્વાસ કરીએ તે છે, તેના પરિણામે જ બીજાનો વિશ્વાસ મળે છે.

કોણ શું કરે છે તે જોવું, કોણ શું નથી કરતો તે ન જોવું. તેથી વ્યક્તિના ગુણ જ નજરે આવશે, એથી આપણે બધાને બીજાના દોષ નાના અને ગુણ મોટા જોવા. પોતાના ગુણ નાના અને દોષ મોટા કરીને જોવા. એથી પણ આપણે બધાને સર્વજ્ઞ શુભભાવના કરવી. નિરંતર શુભભાવનાથી ભરેલો પુરુષ પરિશુદ્ધ પારસ છે, ચંદન - ચિંતામણિ છે. પ્રભુ, તું જો સંપૂર્ણ શુદ્ધ થશે તો તારા સંપર્કમાં આવનાર તારા સમાન કેમ નહિ થાય?

## દુર્જનતાની સામે પ્રતિકાર

દુર્જનોના પ્રતિકારનો અર્થ છે કે દુર્જનતાનો પ્રતિકાર.
દુશ્મનોનો પ્રતિકાર એટલે દુશ્મનના વરનો પ્રતિકાર.
પોતાની અંદર રહેલા
દુર્જનતા અને શત્રુતાનો પ્રતિકાર જરૂરી થશે, એટલે
એટલે ક્ષમાશીલતા, સહનશીલતા, નિરાભિમાનતા, નમ્રતા,
ઉદારતા, અક્રોધ સમતા વગેરે આપોઆપ જ આવે છે.
જ્યાંને જ્યાં સુધી દેહની ઉપાધિ છે,
ત્યાં સુધી કોઈપણ પૂર્ણાત્મા ન થઈ શકે.
મોટામાં મોટા મહાત્મા પણ અપૂર્ણ રહેવાના.
એ અપૂર્ણતાના ઓછા - વત્તા પ્રમાણમાં
દુર્જનતાની સામે પ્રતિકારની સમસ્યા રહેવાની જ.
જેના સર્વાંગમાં સુગંધ છે, તો તે છાની કેમ રહેશે?
જે સ્વયં પારસ છે,
તેના સ્પર્શથી કાંકરા પણ હીરા કેમ નહિ બને?
દુર્જનતા સામે પ્રતિકાર કરવા કુરાનમાં ૯૦૦૦ આયાતો,
બાઈબલમાં ૯૦૦૦ વાક્યો છે,
વિનોબાજીના 'કુરાન સાર'માં ૧૧૦૦ - ૧૨૦૦ આયાતો છે
અને 'ખ્રિસ્તિધર્મ સાર'માં ૧૧૦૦ વાક્યો લીધાં છે.

## વિરલ મૃત્યુ કોને મળે ?

મૃત્યુ એક દિન આયેગા હી,
તન કો મારકર ગિરાયેગા;
કિન્તુ સત્ય, સિદ્ધ, આત્મદેવ કો
'હૂં' ન કભી ભી પાયેગા. ...(૧)

મૃત્યુના સમયનું આગાઉથી ભાન થઈ આવવું,
મૃત્યુ સમયે આનંદપૂર્વક મૃત્યુને ભેટવું અને
તે વખતે કોઈપણ દુઃખ-વેદના ભોગવવા ન પડે, એવો
સંયોગ કોઈ વિરલ ભક્તના ભાગ્યમાં લખાયેલો હોય છે.
મન અને બુદ્ધિ ભગવાનને સમર્પિત થવા જોઈએ.

સાચી પરમાત્મભાવના એટલે...
concentrated form of thoughts.

શરીરના અપમાનનો બદલો વાળવા કરતાં
જોયું - ન જોયું કરવું,
એ ઘણા વર વધારે સારું છે.

°

## Its love

Love is the nature of the self.
you Can put all questions about
the nature of the self on the shelf.

## કર્મ - ભક્તિ - જ્ઞાનયોગ

દાન એ કર્મયોગ છે, તેથી મળદોષ જાય છે,
પૂજન એ ભક્તિયોગ છે, તેથી વિક્ષેપદોષ જાય છે,
શાસ્ત્રશ્રવણાદિ જ્ઞાનયોગ છે, તેથી આવરણભંગ થાય છે.
દાન વડે સતતાભ્યાસ સધાય, પૂજન વડે વિષયાભ્યાસ
સધાય અને જ્ઞાન વડે ભાવાભ્યાસ સધાતો રહે છે.

લોક, લોકોત્તર અને આત્મા - એ
ત્રણે પ્રત્યેની ફરજો અદા કરવાથી ધર્મ પૂર્ણ બને છે.
લૌકિક ઔચિત્યનું પાલન સતતાભ્યાસ વડે,
લોકોત્તર ઔચિત્યનું પાલન વિષયાભ્યાસ વડે અને
આત્મૌચિત્યનું પાલન ભાવાભ્યાસ વડે થાય છે. પરસ્પર
એ ત્રણેની વચ્ચે કાર્ય-કારણભાવનો સંબંધ રહેલો છે.

મનુષ્યનો સંસાર એટલે...

ઈશ્વરના જ રાજ્યમાં ઈશ્વરનો જ ઇન્કાર.
ઈશ્વરનું રાજ્ય મનુષ્યના મન અને હૃદયમાં છે.
તેમાં તેને પ્રવેશ કરવાનો જ્યાં સુધી ઇન્કાર છે,
ત્યાં સુધી જ સંસાર છે, કિન્તુ ઈશ્વરના રાજ્યમાં
ઈશ્વરનો સ્વીકાર પણ ભાવથી પ્રવેશ થઈ જાય,
તો પછી તેને સંસારમાં પરિભ્રમણ મટી જાય છે.

## mysticism is...
## spiritual union with universe.

માનવમાં રહેલી ચૈતન્યશક્તિ અને
વિરાટ વિશ્વનું નિયમન કરતી ચૈતન્યશક્તિ એક જ છે,
બંનેનું તાદાત્મ્ય છે.

આ ચૈતન્યશક્તિ બુદ્ધિથી પણ પર છે. બુદ્ધિ સાધન છે,
આ સાધનનો ઉપયોગ કરવાવાળી તે ચૈતન્યશક્તિ છે.
માણસ બુદ્ધિથી ભૌતિક જગતના રહસ્યો પામી શક્યો
અને હજુ વિશેષ પામશે પણ ચૈતન્યશક્તિ નહિ પિછાને,
ત્યાં સુધી એના જીવનની દિશા બદલી નહિ કરી શકે.

આ ચૈતન્યશક્તિની અનુભૂતિ થાય, ત્યારે
વિશ્વની ચૈતન્યશક્તિ સાથે તાદાત્મ્ય સધાય છે.

'Spiritual union is mysticism' એવી
અનુભૂતિ થાય, ત્યારે સમસ્ત પ્રાણી સાથે એકતા સધાય.
ત્યાં સ્વાર્થ, લોભ કે કોઈ વાસના - કષાય રહેતાં નથી,
કિન્તુ મૈત્રી, કરુણા, પ્રેમ જ વહે છે.

વિરાટના એક બિન્દુ સમાન પૃથ્વી ઉપરનો ક્ષુદ્ર જંતુ
મટી જઈને સમસ્ત વિશ્વની વિરાટ તથા એક અંગની
ચૈતન્યશક્તિની પૂર્ણ અનુભૂતિ થાય છે.

## વિનય, ભક્તિ અને નમ્રતા

પ્રેમ ઈશ્વરનો કે સત્યનો નથી, કિન્તુ
ઈશ્વર કે સત્યને જોવાની દ્રષ્ટિનો છે.
પ્રેમ પ્રકાશનો નહિ પણ આંખનો છે.
પ્રકાશ તો છે જ - છતાં ન દેખાય,
તો આંખના ઉપચારની જરૂર છે.
વિચારમાત્રથી સત્ય જડતું નથી, કિન્તુ સત્યને
જોવા માટે આંખની અને આંખના ઉપચારની જરૂર છે.
તે ઉપચારનું નામ જ 'ધર્મ' છે
અને તે ધર્મ નમ્રતામાં, વિનયમાં, ભક્તિમાં રહેલો છે.
વિનય, ભક્તિ અને નમ્રતા એ દ્રષ્ટિનો ઉપચાર છે.

o

Receptivity, appreciation and
opening is the first condition to
realize the truth. In short, it is
meakness, poorness and humbleness.
ભગવાન દીનના નાથ - દીનાનાથ છે.
In one word, it is humility,
loveability, which can only know
the truth as it is.

## ભક્તિ - વૈરાગ્ય - જ્ઞાન

ભક્તિ વડે વૈરાગ્ય, વૈરાગ્ય વડે વાસનાક્ષય, વાસનાક્ષય વડે કષાયક્ષય અને કષાયક્ષય વડે મનોનાશ થાય છે, જે કૈવલ્ય અને મુક્તિનું અનન્ય - અનંતર કારણ છે. જેનામાં વૈરાગ્ય નથી, તેણે પરમાત્માની અનન્ય ભાવે ઉપાસના કરવી. જેમ જેમ પરમાત્મામાં પ્રીતિ વધશે, તેમ તેમ જગતના ભોગોમાં પ્રીતિ ઘટશે અને હૃદયમાં શાંતિનું સુખ અનુભવાશે.

જ્ઞાની જ્ઞાનના બળે અને ભક્ત ભક્તિના બળે પરમાત્મ સ્વરૂપ બને છે. બંનેનું છેવટનું લક્ષ્યસ્થાન પરમાત્મ પદ છે. બન્નેનાં સાધન પણ સમાન છે. ભોગેચ્છાનો આત્યંતિક અભાવ જ્ઞાની અને ભક્ત - એ બંનેને માટે જરૂરી છે.

સ્વધર્મપાલનથી શ્રદ્ધા-ભક્તિ આદિ ગુણો વિકાસ પામે અને એક પ્રકારની શિસ્ત કેળવાય છે. ધર્મવિહીન મનોવૃત્તિથી એક પ્રકારની નિરંકુશતા અને નાસ્તિકતા જન્મે છે. પરિણામે મનુષ્ય અવનતિની ઊંડી ગર્તામાં ધકેલાઈ જાય છે. સંયમી, સદાચારી અને નીતિમાન મનુષ્ય જ સ્વપરનું કલ્યાણ સાધી શકે છે.

## થોડી હિતશિક્ષા

જીવનમાં જે કંઈ સત્કર્મ કરે, તે આવાગમન નિવારવા
અને અખંડ આનંદસ્વરૂપ મુક્તિપદ પામવા કરજે.
ગતનો શોક ન કરવો, અપ્રાપ્તની ઈચ્છા ન કરવી
તથા પ્રાપ્તને ખૂબ ધીરજ અને શાંતિથી અનુભવજે.
એક જ્ઞાન છે, બીજું દર્શન છે, ત્રીજું ચારિત્ર છે.

પરથી જે સુખ છે - તે અલ્પ છે,
ક્ષણિક છે, પરાધીન અને પરિણામે દુઃખદાયી છે.
આત્મસુખ મહત્ - નિત્ય - સ્વાધીન - સદા સુખસ્વરૂપ છે,
માટે જગતના સુખનો સ્વાદ છોડી આત્મસુખનો ભોગી બન.
એ સુખનો સ્વાદ અનુભવાતાં જ જગતનાં મોટા ગણાતાં
સુખ પણ દુઃખરૂપ અને અતિતુચ્છ - ક્ષુદ્ર લાગશે.
શ્રદ્ધા અને ભક્તિ એ આત્મવાદનું સત્ત્વ પરિણામ છે.
તેમાંથી જ અહિંસા અને કરુણા જેવા મંગળમય
સિદ્ધાંતોની શોધ છે, જે માનવમાત્રની હૃદયસંપત્તિ છે.

જાગૃત હૃદય અહિંસા અને કરુણાને જ ઝંખે છે.

આપણાથી કોઈને લેશમાત્ર દુઃખ ન પહોંચે,
એની સાવધાની તે અહિંસાનો સિદ્ધાંત છે અને
બીજાનાં દુઃખના નિવારણને માટે આપણી જાતનો

ઉપયોગ કરવાની તાલાવેલી, તે કરૂણાનો સિદ્ધાંત છે.
જ્ઞાન - ધ્યાન - કર્મ કે અધ્યાત્મયોગની પાછળ પણ
મુમુક્ષુએ તો આત્મવાદથી પ્રેરિત
શ્રદ્ધા અને ભક્તિની ભાવના જ કામ કરે છે.
આત્મસાધના માટે જ તારું પોતાનું સમગ્ર જીવન
સમર્પણ કરવાની ભાવના પણ તેમાંથી જ જન્માવજે.

## પ્રાર્થનાનું ફળ

પ્રાર્થનાથી સફળતા આપણે માનીએ છીએ.
લોગસ્સ, જયવીયરાય આદિ પ્રાર્થના સૂત્રો છે.
ભગવાન ખરેખર કાંઈ આપતાં નથી, પરન્તુ
તેમની પ્રાર્થનાથી જ મળે છે, એટલે પ્રાર્થના સાર્થક છે.
આ રીતે પ્રાર્થનાનું ફળ - દાયકત્વ સ્વીકારાયું છે.
ઈતરો કહે છે : પ્રભુ આપે છે.
જૈનો કહે છે: પ્રભુ આપતા નથી, પ્રાર્થનાના ફળથી મળે છે.
ઈતરો વ્યવહારનય આગળ કરે છે,
આપણે જૈનો નિશ્ચયનય આગળ કરીએ છીએ.
સંસારમાં શેઠ નોકરને આપે છે,
સ્વામી સેવકને આપે છે, એ વ્યવહાર છે,
સેવકનું પ્રારબ્ધ અને યોગ્યતા, એ નિશ્ચય છે.

પ્રાર્થનાને આપણે ત્યાં વ્યવહાર ભાષા કહી છે,
તેનો અર્થ પણ 'વ્યવહારનયથી પ્રભુ આપે છે' એ છે.
જૈનદર્શન તર્કવાદી નહિ, નયવાદી છે. નયચક્રમાં કહ્યું છે:
'ઈશ્વરવાદનો સમાવેશ વ્યવહારનયમાં થાય છે.'

તે સિદ્ધાંત છે કે:

વ્યવહાર-નિશ્ચય ઉભયનય મળીને કાર્યસિદ્ધિ થાય.
પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ શબ્દોથી વર્ણવી શકાતું નથી
તથા બુદ્ધિ દ્વારા નક્કી કરી શકાતું નથી. વિશુદ્ધ કોટિનું
ચૈતન્ય એ જ પરમાત્મ તત્ત્વ છે, તે અનુભવગમ્ય છે.
અનુભવની વાણી છે કે: પરમતત્ત્વની ભક્તિ ભક્તનો
ઉદ્ધાર કરે છે અને શરણાગતિ યોગક્ષેમને ચલાવે છે!
અનુભવની આ વાતને નમસ્કાર મહામંત્ર, પ્રાર્થના સૂત્રો
વગેરે સંપૂર્ણપણે ટેકો આપે છે. - જંબૂવિજયજી

જૈનધર્મ-જૈનદર્શને દુનિયાને ઘણી ભેટો આપી છે,
તેમાં સૌથી શ્રેષ્ઠ ધર્મની દેન અપરિગ્રહ છે અને
સૌથી શ્રેષ્ઠ દર્શનની દેન મધ્યસ્થદૃષ્ટિ છે.
અહિંસાદિ તો ભારતમાં પ્રાચીનકાળથી ચાલી આવે છે,
પરંતુ અત્યંત અપરિગ્રહ અને અત્યંત મધ્યસ્થદૃષ્ટિ-
એ જ વસ્તુ વિશિષ્ટરૂપે છે.

## દયાનું સ્વસ્વરૂપ એ જીવનનું ઉત્તમ સ્વસ્વરૂપ

દયા એ તત્ત્વ છે. દયામાં ક્ષમા છે, દયામાં નમ્રતા છે, દયામાં સરળતા છે, દયામાં સંતોષ છે, દયામાં અહિંસા છે, દયામાં સત્ય છે, દયામાં અચૌર્ય છે, દયામાં બ્રહ્મચર્ય છે, દયામાં આકિંચન્ય છે, દયામાં બાહ્ય - અભ્યંતર તપ છે, દયામાં સામાયિક છે, દયામાં જ્ઞાન છે, દયામાં દર્શન છે, દયામાં ચારિત્ર છે. વળી દયાને બતાવનાર અરિહંત છે, દયાનું ફળ તે સિદ્ધપદ છે, દયાનો આચાર તે આચાર્ય, દયાનું શિક્ષણ તે ઉપાધ્યાય, દયાની સાધના તે સાધુપદ, દયાની રુચિ તે દર્શન, દયાનો બોધ તે જ્ઞાન, દયાનું સ્વસ્વરૂપ તે ચારિત્ર અને દયાને માટે પરિષહસહન તે તપ છે. દેવમાં દયા - ગુરુમાં દયા - ધર્મમાં દયા - નવપદમાં દયા, પંચ પરમેષ્ઠિમાં દયા - જિનધર્મમાં દયા છે. તે દુઃખી પ્રાણીના દુઃખ દૂર કરવાના અધ્યવસાય સ્વરૂપ છે, જે વિશુદ્ધ લેશ્યાકે દયામાં લેશ્યા ઉત્તમ છે. દયામાં સ્વર્ગ, દયામાં મોક્ષ, દયામાં જ સર્વ પ્રકારનાં સંસ્કારના, આ લોક - પરલોકનાં સુખો રહેલાં છે. તે દયા બે પ્રકારની છે: ક્ષયોપશમભાવ અને ભાવ ક્ષાયિકભાવરૂપ. ક્ષયોપશમભાવરૂપ દયા એ દયાભાવ છે અને ક્ષાયિકભાવરૂપ દયા તે દયાસ્વભાવ છે.

## ઈશ્વરના અનેક આકાર - પ્રકાર

'ઈશ્વર' કોઈ વ્યક્તિવિશેષનું નામ નથી,
કિન્તુ કૈવલ્યપ્રાપ્ત પુરુષોના એક વર્ગનું તે નામ છે.
'स हि सर्ववित् सर्वकर्त्ता ।'
યોગદર્શન, નૈયાયિકદર્શન, વેદાંતદર્શનની જેમ મીમાંસક
- દર્શન ઈશ્વરને નહિ પણ કર્મના નિયમને માને છે.
પુરુષવિશેષ ઈશ્વર (પાતંજલ), આરંભક ઈશ્વર (નૈયાયિક),
જગતરૂપી નાટકના સૂત્રધાર ઈશ્વર (વેદાંત),
બ્રહ્મનું સક્રિય રૂપ (માયાધીશ).
ઈશ્વર - જગત : એ બધું બ્રહ્મનો વિલાસ છે.
સર્વજ્ઞ, સર્વવ્યાપી, સર્વશક્તિમાન વિરુદ્ધ
જીવ અલ્પજ્ઞ, અલ્પવ્યાપી, અલ્પશક્તિમાન છે.
જગદ્ વિરુદ્ધ ઈશ્વર, અંશ અંશરૂપ ઈશ્વર -
એમ ઈશ્વરના જે અનેક આકાર - પ્રકાર બતાવ્યા છે,
તે એક યા બીજા અર્થમાં આત્મસાક્ષાત્કાર અર્થમાં છે.
ઈશ્વરપ્રાપ્તિની ઉત્કટ ઈચ્છાનું બીજું નામ 'ભક્તિ' છે.
सा परानुरक्ति ईश्वरे । सर्वाधिक सुदृढ स्नेही भक्तिः ।
માહાત્મ્યજ્ઞાનાત્ । વિષાદ - પ્રસાદરૂપ બની જાય છે.
મનના ભવ મન્દ્રવતી, મહાજી માં નમસ્કાર ।

તસ્યૈવાઽહં = દાસોઽહં (દાસભાવ), તવૈવાઽહં = સોઽહં (સખ્યભાવ) અને ત્વમેવાઽહં = ૐ (અભેદનો ભાવ).

ભક્તિની 3 ભૂમિકા : દેહદૃષ્ટિ, અંશદૃષ્ટિ, અભેદદૃષ્ટિ.

પ્રેમ અનેકોને એકમાં બાંધવાવાળું સૂત્ર છે.

પરમાત્મા કેવળ પર છે, માટે પ્રેમસ્વરૂપ છે.

પરમાત્મા ઋત અને સત્ય - એમ ઉભયસ્વરૂપ છે.

ધર્મનો અવિચળ નિયમ તે ઋત છે.

ઈશ્વર પુષ્પથી પણ કોમળ અને વજ્રથી પણ કઠોર છે.

સત્ય તે કોમળસ્વરૂપ છે અને ઋત તે કઠોરસ્વરૂપ છે.

ધર્મયોગનું પ્રયોજન ચિત્તપ્રસાદ છે.

ભક્તિયોગ ઈશ્વરપ્રણિધાન સ્વરૂપ છે,

જ્ઞાનયોગ એ સ્વાધ્યાય - સત્સંગરૂપ છે,

હઠયોગ એ આસન, પ્રાણાયામ, પ્રત્યાહારરૂપ છે,

રાજયોગ એ ધારણા, ધ્યાન, સમાધિરૂપ છે.

બધી યોગશૈલીઓ રાજયોગમાં મળી જાય છે.

રાજયોગનું ફળ કૈવલ્ય અને મોક્ષનો લાભ છે.

માર્ગદર્શન ગુરુનું અને ઉત્સાહ - ઉમંગ શિષ્યનો જોઈએ.

પ્રસાદ - ભક્તિ સમ્યગ્દર્શનરૂપ, સ્વાધ્યાય - સત્સંગ સમ્યગ્જ્ઞાનરૂપ અને ધારણાધ્યાનાદિ સમ્યક્ચારિત્રરૂપ છે.

વિદ્યા અસત્પાત્રમાં ન જવી જોઈએ.
વિદ્યાનું વીર્ય - શક્તિ અસત્પાત્ર પાસે કુંઠિત થાય છે.
સત્પાત્રને વિષે વિદ્યા વીર્યવતી બને છે.
અનધિકારી જન વિદ્યાને અધૂરી છોડી દે છે અને બાળ લોકોને અશ્રદ્ધાનું કારણ નિપજાવે છે. જેમ તેલ, વાટ, અગ્નિ - ત્રણે મળીને દીવો બળે છે, તેમ આહાર, નિદ્રા, આસન ઉપર વિજય પ્રથમ જરૂરી છે. કેટલાંક આસનો રોગોને હઠાવવા, કેટલાંક સ્વાસ્થ્યને ટકાવવા તથા કેટલાંક આસન યોગાભ્યાસ માટે આવશ્યક છે. પદ્માસન, સ્વસ્તિકાસન, સિદ્ધાસન અને અર્ધપદ્માસન યોગાભ્યાસ માટે ઉપયોગી છે.

## ભક્તિ અને પ્રેમનું માહાત્મ્ય

કર્મનો નિયમ કઠોર છે, ધર્મનો નિયમ કોમળ છે. જગતમાં ન્યાય મુખ્ય છે, ભાવમાં પ્રેમ મુખ્ય છે. પ્રેમ એ ભગવદ્રૂપ - દયારૂપ - સહાનુભૂતિસ્વરૂપ છે. ભક્તિ એ પ્રેમસ્વરૂપ છે. પ્રેમ બંધન કે દબાણને સહન કરી શકતો નથી. પ્રેમ હઠ કે બળાત્કારથી કરી શકાતો નથી. એ કારણે જોવા - સાંભળવામાં ભક્તિમાર્ગ સરળ પ્રતીત થાય, પરંતુ છે સૌથી કઠિન.

પ્રેમના પરિબળથી પાપીને પસ્તાવો કરતો કરી દેવો,
એ પણ પ્રેમનો જ એક પ્રકાર છે.
દયા, મૈત્રી, અહિંસા એનાં મોટામાં મોટું સાધન છે.
મોટા પંડિતો વાંચી - વાંચીને પત્થર બની જાય છે,
અને ભણી ભણી ઈંટ બની જાય છે પણ પ્રેમનો એક
છાંટો પણ તેમના મનમાં પ્રવેશ મેળવી શકતો નથી.

સંતોની સાધનાનું મધ્યબિન્દુ જ પ્રેમ છે.

ઘર છોડતાં તુલસીને આવું શિક્ષણ મળ્યું.
પ્રભુ પ્રત્યે પ્રેમ, આત્મા પ્રત્યે પ્રેમ - તે પ્રેમ,
બાકી બધો મોહ છે. પ્રભુપ્રેમ પ્રભુભક્તો ઉપર પ્રેમ
ઉત્પન્ન કરે છે. તે પ્રેમ વડે જીવ સાત્ત્વિક ભક્તિ અને
નિર્ગુણ ભક્તિને પ્રાપ્ત કરી શકે છે.
વૈદિક યા લૌકિક પણ કર્મો ચિત્તની વિશુદ્ધિ માટે છે.

પ્રભુનું મૂર્તિમંત પ્રકટ સ્વરૂપ,
તેના ઉપર પ્રેમભક્તિ તે પ્રેમભક્તિ છે અને
પ્રભુના અજરામર - અમૃત સ્વરૂપની ઉપાસના અને
ચિન્તન એ જ્ઞાનભક્તિ છે.
બંનેમાં બ્રહ્મસ્વરૂપનું અનુસંધાન તો એક જ છે.
જ્ઞાનદશામાં એક જ છે, ફક્ત ચેષ્ટામાં ફેર છે.

'કાલઃ ક્રીડતિ, ગચ્છત્યાયુઃ ।'

તેથી ધર્માધર્મથી પર સદા ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ માટે
'હું અને મારું' એ દેહાત્મબુદ્ધિ ટળે અને
ભાગવતીબુદ્ધિ કે બ્રહ્મબુદ્ધિ થાય, તો કામ સરે.

હૃદયપ્રધાન ભાવુકજનો પરમપ્રેમાભક્તિમાં આસક્ત રહે છે,
બુદ્ધિપ્રધાન જનો નિર્ગુણસ્વરૂપી બ્રહ્મોપાસના તરફ વળે છે.
તે બહુ કષ્ટસાધ્ય છે ઉપરાંત તેમાં પતનનો ભય છે,
કેમકે તેમાં પ્રભુનો આધાર નથી.

જે બ્રહ્મોપાસનાને અંતે કર્મ અને કર્મફળમાં
અહંમમનો ત્યાગ કરે, તે નિષ્કામ કર્મ.
પ્રેમસાગર પ્રભુ તરફ ચિત્ત વાળવું.

જડ માયાનો ત્યાગ કરવાથી અમૃતતત્ત્વની પ્રાપ્તિ અર્થાત્
જીવને ઈશ્વરી સ્વરૂપનું સત્ય ભાન પ્રાપ્ત થાય છે
તથા પોતાના ખરા આત્મસ્વરૂપને જીવ સમજે છે.

સત્સંગ વડે સત્ના શ્રવણ-મનનને અંતે વર્તનમાં:

(૧) પ્રથમ શાસ્ત્રાનુસારી શુભકર્મોમાં ધનવ્યય થાય.
(૨) સત્સંગની ઉત્કટ ઇચ્છા, સદ્ગુરુની ધગશ જાગે.
(3) મંગલસ્વરૂપ પરમાત્મા-સર્વાત્માની ખરા અંતઃકરણથી
ભક્તિ તથા પ્રાંતે અનન્યભાવે શરણાગતિ લેવાય છે.

સૌએ રંક થઈ, ભિખારી બની પ્રાર્થનાઓ કરવી અને તેના ચરણની રજ થઈ પ્રેમભક્તિ માગવી. પછીનો રસ્તો તે જ સ્વચ્છ કરશે. ભક્તનું યોગક્ષેમ ભગવાન કરે જ છે, માટે સાધકોએ ભક્તિમાં આગળ વધવું. જ્યાં સુધી અકિંચન મહાપુરુષોની ચરણરજનું સેવન માન મૂકીને ન થાય, ત્યાં સુધી પ્રભુની અહૈતુકી કૃપા ન ઉતરે.

## યોગ અને ભક્તિ

યોગ કર્તૃતંત્ર છે, ભક્તિ વસ્તુતંત્ર છે. યોગક્રિયામાં સ્વાવલંબન મુખ્ય છે, ભક્તિ કથંચિત્ પરાવલંબી છે. સ્વાવલંબન ઉપાદાનપ્રધાન - પરાવલંબન નિમિત્તપ્રધાન છે.

ભક્તિ - ભજન - યોગાત્મક અનિવાર્ય છે.

નાऽયમાત્મા બલહીનેન લભ્યઃ ।

ભક્તિમાં 'વિરહ' શબ્દ તીવ્ર સંવેગના અર્થમાં વપરાય છે.

## 'અથ' શબ્દના બહુ અર્થ

અથ = ગ્રન્થનો પ્રારંભ, મંગલ અને આનન્તર્ય - એ બહુ અર્થોને બતાવે છે.

અથાતો ધર્મજિજ્ઞાસા । - મીમાંસક દર્શન

અથાતો બ્રહ્મજિજ્ઞાસા । - વેદાન્ત દર્શન

અથ યોગાનુશાસનમ્ । - પાતંજલ દર્શન

# પરોપકાર અને સ્વોપકાર

પક્ખીસૂત્રના 'અત્તહિયટ્ઠાએ ઉવસંપજ્જિત્તાણં વિહરામિ'
પાઠથી આત્મહિતાર્થતા પ્રધાન હોવાનું સ્પષ્ટ છે અને
પંચવસ્તુના 'મોત્તુણ અસઢકરણં' પાઠમાં જીવોને પોતાના
તરફથી અભયદાન એ શ્રેષ્ઠ પરહિત હોવાનું કહ્યું છે
તથા ભવભાવનાના પ્રારંભિક શ્લોકથી પણ જણાય છે
કે સ્વોપકાર એજ અનિવાર્ય કર્તવ્ય છે.

પરોપકાર તો શક્તિ અનુસાર કરવાનો એ સૂચિત છે,
અરતે એકલા પોતાના આત્મહિતનો વિચાર
એ આર્તધ્યાનનું કેન્દ્ર છે.

'સ્વને મૂકીને સર્વનો વિચાર કરવો એમ કહેવું,
એ જૈન માર્ગથી વિરુદ્ધ છે.'

'જૈન માર્ગમાં સ્વાત્મહિતનો વિચાર પ્રધાન છે,
એ મૂકીને સર્વહિતનો વિચાર કરી શકાય જ નહિ'
એ જેટલું સત્ય છે, તેટલું જ સત્ય છે કે:
'સર્વહિતવિચાર વિના સ્વઆત્મહિત થઈ શકે નહિ.'
એમ પણ કહી શકાય નહિ કે:
'સર્વના હિતનું ચિન્તન જેમાં નથી,
એવી કોઈ પણ ક્રિયા જૈનમતમાં વિહિત છે.'

## શું કર્તવ્ય ? શું વિરુદ્ધ ?

જેમ સ્વહિત નિરપેક્ષ પરહિત વિચાર કર્તવ્ય છે,
તેમ પરહિત નિરપેક્ષ સ્વહિત વિચાર પણ વિરુદ્ધ છે.
હિતચિન્તનમાં સ્વપરનો વિભાગ થઈ શકતો નથી.
પરોપકાર યથાશક્તિ-યથાસામગ્રી થઈ શકે છે. પરહિત-
ચિંતા સમ્યગ્દૃષ્ટિ જીવના અંતઃકરણમાં નિત્ય વસે છે.

## મૌનગ્રહણથી સ્વને જ લાભ

મૌન જાણીને ગ્રહણ કરે, તો ત્યાં
એ ગ્રહણ કરનારનાં દિલમાં શુભભાવ પ્રગટ થાય છે.
તે શુભભાવ એને પોતાને લાભ કરે છે.
સામાયિકધર્મની પ્રધાન કસોટી = સ્વપર સમાન માનસ.
વચન અને કાયાથી પ્રવૃત્તિમાં ભેદ રહેવા છતાં
વૃત્તિમાં અભેદ અબાધિત ટકી રહેવો જોઈએ અને એ
ટકાવવા માટે નિત્ય ઉદ્યમશીલ રહેવું જોઈએ.
સર્વહિતચિન્તાથી નિરપેક્ષ સ્વહિતચિન્તા
આત્મતત્ત્વમાં ભેદ પાડનારી હોવાથી કથંચિત્ વૈભાવિક છે.
જીવ આત્માને અનાત્મસ્વરૂપે જોનારી હોવાથી તે
કોઈ અપેક્ષાએ મિથ્યાત્વને પણ પોષનારી છે.

– સં. ૨૦૧૯, પોષ સુ-૨, ગુરુવાર, શંખેશ્વરજી તીર્થ

ગુરુભક્તિનો મહિમા ૐ 14-4-72

આત્માને પોતાના લક્ષ્યમાં સ્થાપી આપનાર ગુરુભક્તિ કલ્પતરુ, કામધેનુ અને ચિન્તામણિ રત્ન કરતાં પણ અધિક છે. પરમ સુખ, શાંતિ અને આનંદના કેન્દ્ર સમા આત્મામાં બહિર્મુખતાનું નિવારણ કરી અંતર્મુખતાને ભાવ આપનાર સાચા ગુરુની ભક્તિ પરમ શ્રેયસ્કર તથા મુક્તિપ્રદાયિની છે.
જીવનું જીવત્વ હરી લેનાર અને શિવત્વ બક્ષનાર મંગળદાતા ગુરુભક્તિને અનેકશઃ વંદન. - કે.ડી.પરમાર

વૈરાગ્યવંત ગુરુ = વિતૃષ્ણાયુક્ત ગુરુ.
વૈરાગ્ય = વિષયો પ્રત્યે તૃષ્ણાનો અભાવ, વિરક્તિ તથા અનાસક્તિ.
પ્રશાંતવાહિતા = તામસિક, રાજસિક વૃત્તિઓનું શમન થઈ કેવળ સાત્વિક વૃત્તિઓનો ઉદ્ભાસ હોવો.
પ્રશાંતવાહિતાને 'સ્થિતિ' પણ કહે છે.
પરાવિદ્યા = ઊંચી વિદ્યા, અપરા = નીચી વિદ્યા.
જેનાથી અક્ષરબ્રહ્મ જાણી શકાય, તે પરાવિદ્યા છે.
ગુરુસેવા સિવાય તેની પ્રાપ્તિનો બીજો ઉપાય નથી.
અનુગ્રહ - નિગ્રહ અર્થાત્ આશીર્વાદ અને શાપ.

## ગુરુવંદનાથી શા લાભ થાય ?

ગુરુવંદનાથી સર્વ તીર્થંકરોનું વંદન થાય છે અને
સાચા ધર્મનું તત્ત્વ સહેલાઈથી સમજાય છે.
સાધકે ૧૩ ગુણથી આચાર્યની સ્થાપના કરીને
તેમની સામે સર્વ ધર્મક્રિયાઓ કરવી.
હૃદયમાં ગુરુના ગુણોને સ્થાપન કરવા અને
તેવા ગુણવાળા ગુરુનું સાંનિધ્ય ઇચ્છવું.

અખણ્ડમણ્ડલાકારં, વ્યાપ્તં યેન ચરાચરમ્ ।
તત્પદં દર્શિતં યેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥

## ગુરુના કુલ વર્ણ - ૪૮ કઈ રીતે ?

(૧) ગુરુ [૧] શુદ્ધ સ્વરૂપના ધારક.

(૧૧ વર્ણ)

શુદ્ધ [૨] શ્રદ્ધામય, શુદ્ધ [૩] પ્રરૂપણામય, શુદ્ધ [૪] સ્પર્શનામય.

(૨૧ વર્ણ)

(૨) ગુરુ જ્ઞાન [૫] સહિત, દર્શન [૬] સહિત, ચારિત્ર [૭] સહિત.

(૧૯ વર્ણ)

(૩) ગુરુ પંચાચાર પાળે, પળાવે [૯], અનુમોદે [૧૦].

(૧૫ વર્ણ)

(૪) ગુરુ મનગુપ્તિ [૧૧], વચનગુપ્તિ [૧૨], કાયગુપ્તિએ [૧૩] ગુપ્તા.

(૧૮ વર્ણ)

## પ્રભુપ્રેમના સ્વીકાર માટે ગુરુસમર્પણ

(1) મગ્ગો અવિપ્પણાસો । એ પાંચ વસ્તુ છે: (a) પરમાત્માના પ્રેમને સ્વીકારી આત્મતત્ત્વની ઉપર પ્રેમપૂર્ણ બનીએ. (b) પરમાત્મપ્રેમના સ્વીકાર માટે ગુરુસમર્પણ કરવા સિવાય બીજો કોઈ માર્ગ જ નથી. (c) ગુરુની આજ્ઞા અથવા શબ્દ મળે, તો પરમાત્મા સાથે પ્રેમ બંધાય. (d) આત્માના પ્રેમમાં જ પ્રતિકૂળતારૂપ કરુણામય ધર્મતત્ત્વની પ્રાપ્તિ થાય. (e) આને એ થાય તો જ ધર્મક્રિયા જડ મટીને ચેતનવંતી બની જાય.

(2) ગુરુતત્ત્વની ઉપેક્ષા કરી કોઈ ધર્મક્રિયા ચૈતન્યમય ન બને. ગુરુઆજ્ઞા - ગુરુસમર્પણ પછી જ ધર્મ પ્રારંભાય.

જ્યાં નિજમતિ અનુસાર ધર્મ થાય છે, એ નગુરો ધર્મ છે, તે કશું જ કામ ન કરે. સગુરા થઈએ, શ્રમણસંઘની પૂર્ણ પ્રતિષ્ઠા હૃદયમાં થાય, ભગવંતને પૂજનારા થઈએ, પછી જ મૂર્તિ-મંદિરાદિ ભગવંત થઈ ઉઠે.

(3) સિદ્ધ આત્મા છે, તો અરિહંત મન છે. સિદ્ધ જ્યોતિ છે, તો અરિહંત શબ્દ છે. સિદ્ધ શિવ છે, તો અરિહંત પરાશક્તિ છે. સિદ્ધ પિતા છે, તો અરિહંત એ માતા છે. સંસારની સંપૂર્ણ યાત્રા દરમ્યાન અરિહંતો જ આત્માનું પાલન - પોષણ - અનુશાસનાદિ કરે છે.

(૪) જેને પરમાત્મસંબંધ હોય, જે અહંશૂન્ય હોય, તે જ સદ્ગુરુ ગણાય. જે ગુરુવચનને ન સ્વીકારી શકે, તે પરમાત્માને તો ન જ સ્વીકારી શકે. અહંકારનાશ માત્ર ગુરુસમર્પણથી જ થાય, ગુરુભક્તિથી જ થાય.

અહંનાશ પછી જ પરમાત્મનિષ્ઠાપૂર્વકની પરમાત્મભક્તિ અને શાસનભક્તિ પ્રકટે. એ શિષ્યની નિષ્ઠા કે ભક્તિ અહંકેન્દ્રીત અને આત્માશ્રિત હોય છે.

(૫) જે પોતે પૂરા અહંવિહીન હોય, સૌ માટે જેમના અંતરમાં પ્રેમપૂર્ણ આવકાર હોય, કોઈનો ય દોષ જેને દોષરૂપે ન દેખાય, તે જ સાચા ગુરુ તરીકે પૂજ્ય છે. પરમાત્મનિષ્ઠ વ્યક્તિ સંપૂર્ણ ગુણદર્શી અને ગુણીને જોઈને પ્રસન્ન થનારી હોય, એટલું જ નહિ પણ એના ગુણો કેમ વધે, એ માટે બધા પ્રયત્નો કરી છૂટનારી હોય. સૌના પર નિષ્કારણ કરુણામય પ્રેમ જેનો સ્વભાવ છે, જેના પ્રેમને માટે શત્રુતા અને ભિન્નતાના ભેદ અસત્ છે,

એવા સહજ પ્રેમમય ગુરુ મળે, તો જ 'ગુરુઆણાએ ધમ્મો |' એ સૂત્ર ચરિતાર્થ બને.

આત્મા અને પરમાત્માના પ્રેમસંબંધને ઉઘાડનારા ગુરુ જ્યારે સત્તાધીશ બને, ત્યારે સ્થિતિ કરુણામય બને.

(૬) જે દિવસે અહંશૂન્ય - પ્રેમમય - પોતે બળીને પણ બીજાને સુગંધ આપનાર ધૂપસંબંધ ધરાવતા ગુરુદેવો સંઘને ગુરુરૂપે મળે અને સંઘ તેમને ગુરુરૂપે સ્વીકારે, તે દિવસે સંઘનું સ્વરૂપ દિવ્ય બની જાય છે. નગુરામાંથી સગુરા થતાં જ સંઘરૂપી સિંહ સજીવન થઈ ઉઠે છે અને આખું વિશ્વ એની ગર્જનાથી સ્તબ્ધ - ચકિત થઈ જાય છે.

(૭) પરમ શક્તિમંત્ર 'અર્હં' સૌને સમ્યગ્ માર્ગે - સર્વ હિતના સરલ પંથે લઈ જાય છે. પરમાત્મશક્તિના ધ્વંસાત્મક પરિબળો દ્વારા જ ધ્વંસાત્મક પરિબળોનો નાશ કરાવી શકે છે. પરમાત્માની સર્જનાત્મક ચેતનાના ધારક બનનારને તે સંપૂર્ણ સાથ આપે છે. પરમ પ્રેમમય પરમાત્મશક્તિનું અવતરણ થતાં જ સમગ્ર પૃથ્વી પર સમત્વ - મૈત્ર્યાદિ ભાવનાના પરિમલ પમરી ઉઠે છે અને જીવોમાં પરસ્પર પ્રેમનું પ્રાગટ્ય થાય છે.

(૮) ધ્યાન માટે મૂર્તિ અને સ્વાધ્યાય માટે આગમ અને તેને અનુસરતાં પ્રકરણો તથા ધ્યાન તથા સ્વાધ્યાય - એ બન્નેની પૂર્તિ માટે મૈત્ર્યાદિ સાત્ત્વિક ભાવનાઓ, એ દ્વારા પ્રાપ્ત થતો પરમાત્માનુગ્રહ - એ આરાધનાના વિશિષ્ટ અંગો છે.

## (૯) સત્ય અને સમ્યક્ત્વની ભેટ

નિરાશા નહિ - આશા છે, નિરાધારતા નહિ - આધારતા છે
તથા અસહાયતા નહિ પણ પરમ સહાયતા છે.
આસ્થા એ કેવળ શિસ્તપાલન નહિ,
પરન્તુ તેથી પણ કંઇક અધિક છે. આસ્થા એ તો
દ્વીપ છે, દીપ છે, ત્રાણ છે, શરણ છે, ગતિ છે, આધાર છે.
પરમાત્માના અનુગ્રહની અને એમની સક્રિય કરુણાની
વાસ્તવિકતાને આડે આવતાં કુતર્કોને ઉખેડીને ફેંકી દે અને
સત્યને સકલ પ્રમાણથી પ્રતિષ્ઠિત કરવાની શક્તિ
ઉત્પન્ન થાય, તે માટે સતત પુરુષાર્થ થવો જોઈએ.
દુઃખી - અશાંત વિશ્વમાં એક એ જ શાંતિનું કિરણ છે;
એથી કરુણા કરમાઈ જતાં અટકશે તથા
શાસનનાં મૂળભૂત તત્ત્વો પ્રકાશમાં આવશે.

### આજે મોટામાં મોટું કર્તવ્ય શું ?

સાધના તથા શાસનને અનુભૂતિના સ્તર સુધી પહોંચાડવું,
એક એ જ આ કપરા સમયમાં મોટામાં મોટું કર્તવ્ય છે.
ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં શિષ્યાસ્તુ છિન્નસંશયાઃ ।
ગુરુનો ઉપદેશ કેવળ ભાષા દ્વારા જ નહિ પણ મૌન
દ્વારા ય હોય છે અને તેથી પણ સંશયો છેદાઈ જાય છે.

## ગુરુભક્તિ ક્યારે જાગે ?

ભોગવૃત્તિ એ વિષ્ટ અને તિરસ્કારવૃત્તિ એ કષાય છે.
જ્યારે એમ લાગે કે... નમસ્કાર મહામંત્ર
ચિંતામણિ રત્નથી પણ અધિક મૂલ્યવાન છે,
ત્યારે તેને આપનાર ગુરુ પ્રત્યે ભક્તિ જાગે.

એક ઘડી આધી ઘડી, આધી મેં ભી (પુનિ) આધ;
તુલસી સંગત સાધુ કી, કટે કોટિ અપરાધ. (૧)

## ગુરુમાં આવશ્યક પાંચ લક્ષણો

દયા ગરીબી બંદગી, સમતા શીલ સ્વભાવ;
એ તાં લક્ષણ સાધુકે, કહે કબીર સદ્ભાવ. (૧)

દયા, નમ્રતા, પ્રાર્થના, સમતા અને શાંત સ્વભાવ-
એ પાંચ લક્ષણો ગુરુમાં જોઈએ.

गुरौ मानुषबुद्धिं च मन्त्रे चाऽक्षरवाचिताम्।
प्रतिमासु शिलाबुद्धिं कुर्वाणो नरकं व्रजेत्॥ સ્મૃતિ:

ગુરુને ઈશ્વરસ્વરૂપ,
મંત્રને દિવ્યશક્તિથી વિભૂષિત મંત્રસ્વરૂપ અને
મૂર્તિને ઈશ્વત્વનો સાક્ષાત્ કરાવનારી
મંગળમય પ્રશસ્ત વસ્તુસ્વરૂપ માનવા જોઈએ, કિન્તુ
મનુષ્ય, અક્ષર કે પત્થર નહિ.

## ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય
## શ્રી યશોવિજયજી ગણિવર

શ્રી જૈનશાસન રૂપી નભોમંડળમાં પ્રકાશને પાથરનાર
અગણિત તારકો થઈ ગયા, તેમાં
વર્તમાન શાસનને સૌથી વિશેષ પ્રભાવિત કરનાર
છેલ્લા મહાન વિભૂતિ તે ઉપાધ્યાય શ્રી યશોવિજયજી.
પરમાત્મા મહાવીરના શાસનને
તેમણે સાચી રીતે ઓળખ્યું અને જગતને ઓળખાવ્યું.
અનેકાંતગર્ભિત જૈન સિદ્ધાંતને સાચી રીતે ઓળખવો
અને ઓળખાવવો, એ કંઈ બાળકનો ખેલ નથી જ,
છતાં બાળક યશોવિજયે એ ખેલ ખેલી બતાવ્યો છે.
બાલ્યવયમાં દીક્ષા લઈ, મન - વચન - કાયાથી ગુરુને
સમર્પિત થઈ, શુદ્ધ સાધુધર્મને પાળી, પોતાના સમયમાં
વિદ્યમાન જૈન - અજૈન સઘળાં શાસ્ત્રોના પારંગત બની,
સ્યાદ્વાદ સિદ્ધાંતના સારને નૂતન પદ્ધતિમાં ગૂંથીને, દેવો-
તર્ક અને કાવ્ય ઉપર અદ્ભુત પ્રભુત્વ પ્રાપ્ત કરીને,
જિનશાસનની મહાન પ્રભાવના કરીને, અનેક ગ્રન્થ -
રત્નોનું સર્જન કરીને ભાવિકની પ્રજાને સમ્યગ્જ્ઞાનનો
અખૂટ વારસો આપી જવો, એ કાર્ય નાનું - સૂનું નથી.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ એવું અનોખું કાર્ય
કરી ગયા છે કે જે વડે સમ્યગ્જ્ઞાનનો ભૂખ્યો કોઈપણ
માનવ તેમના ગ્રન્થો વડે પોતાની ભૂખ ભાંગી શકે છે,
સમ્યગ્દર્શનનો તરસ્યો તેમની વિવિધ પ્રકારની કૃતિઓ
રૂપી જળનું પાન કરીને પોતાની તરસ છીપાવી શકે છે
તથા સમ્યક્ચારિત્રનો રસિયો કોઈપણ મુનિ
તેમના આદર્શ સંયમજીવનના આદર્શ વડે
પોતાના સંયમને ઉજ્જ્વળ બનાવી શકે છે.
ઉપાધ્યાય યશોવિજયજી મહારાજના જીવનની ખરેખરી
મહત્તા અને ઉપકારકતા વળી બાજુ પર છે અને તે
આગમના નિચોડ જોઈને પ્રભુનો સત્ય માર્ગ શું છે,
તે જાણવા માટે તેમની કૃતિઓની સર્વ માન્યતા છે.
એક બાળકથી માંડીને વિદ્વાન પર્યંત સર્વ કોઈને
ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના વચનોની
ટંકશાળીતામાં લેશ પણ સંદેહ થતો નથી.
આજે સર્વ કોઈ માર્ગ ભૂલેલાને માર્ગ પામવાનું
એવું એક વિશ્વસનીય સ્થાન ઉપાધ્યાય
શ્રી યશોવિજયજી મહારાજની વિદ્યમાન ગ્રન્થકૃતિઓ છે.
પૂર્વધરો અને અતીન્દ્રિય જ્ઞાનીઓના આ વિરહકાળમાં

સાચો જૈન ધર્મ અને સાચો મોક્ષમાર્ગ શું છે,
તેને યથાસ્થિતપણે જો કોઈ સાધકને જાણવો હોય,
તેને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની
કોઈપણ કૃતિનું અધ્યયન સાધકને કોલ આપે છે કે:
'હું તને સત્ય માર્ગ બતાવીશ.'

આજના માનવને ઉપાધ્યાયજીની કૃતિઓનો આધાર લીધા વિના જો જૈન શાસ્ત્રનું સત્ય સમજવું હોય, તો તે અશક્ય નહિ તો પણ દુઃશક્ય તો છે જ. ધાર્મિક રાજ આપવા માટે અને નવા પ્રજાને જીવનમાં ધર્મસંસ્કારવાળી બનાવવા માટે બીજા અનેક ઉપાયો કરવાનું છોડી દઈને જો આ એક જ ઉપાય કરવામાં આવે કે મહા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની વિદ્યમાન કૃતિઓને વિભિન્ન વિભાગોમાં વહેંચી જેની જેટલી શક્તિ હોય, તે પ્રમાણે તેને તે તે વિભાગમાં નિષ્ણાત બનાવવામાં આવે અને વિભાગવાર અધ્યયન કરીને તેમાં નિષ્ણાત બનનારને સારામાં સારા પારિતોષિકો આપવામાં આવે, તો પણ થોડા જ વખતમાં જૈન ધર્મની વિશિષ્ટતાઓને સમજનાર એક સારો મોટો વિદ્વદ્વર્ગ તૈયાર થઈ જાય, તેનું વચન સર્વ કોઈને આદેય બને,

જે કેશ લોચ - શ્રદ્ધાનો નવો પ્રકાશ ફેલાય.

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજની

સાચામાં સાચી સ્મૃતિ આ જ હોઈ શકે.

ગુરુકૃપા મેળવવા ૬ સોપાનનો અનુક્રમ

ગુરુકૃપા મેળવવી દુષ્કર છતાં આવશ્યક છે.

આત્મસાક્ષાત્કાર માટે ચિત્તશુદ્ધિ,[1]

ચિત્તશુદ્ધિ માટે શુભ[2] ભાવો - કાર્યો,

શુભ ભાવો તથા કાર્યો કરવા માટે ઈશ્વરની કૃપા,[3]

ઈશ્વરકૃપા મેળવવા માટે હરિસ્મરણ[4] અને

હરિસ્મરણ માટે ગુરુકૃપા,[5] એ ક્રમ છે...

પ્રાંતે ગુરુકૃપાથી[6] સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય.

તીર્થભૂમિઓની સ્પર્શનાથી સમ્યગ્દર્શન નિર્મળ થાય છે.

સમ્યગ્દર્શન તેને કહેવાય...

જેમાં સર્વવિરતિની અભિલાષા પ્રગટે.

સર્વવિરતિ એટલે...

સકલસત્ત્વ હિતાશયપૂર્વક ગૃહવાસનો ત્યાગ.

સિદ્ધિ એટલે...

ષડ્જીવનિકાય હિતસ્વરૂપ પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ.

સર્વવિરતિનું ફળ સિદ્ધિગતિ.

'ॐ सोऽहं ॐ हंसः सोऽहं ॐ'

संस्कृत स्तवन

महर्षयः सन्तु सतां शिवाय ।

जिनास्तथा सावधयश्चतुर्धा
सत्केवलज्ञानधनास्त्रिधा च ।
द्विधा मनःपर्ययशुद्धबोधा
महर्षयः सन्तु सतां शिवाय ॥१॥

सुकोष्ठसद्बीजपदानुसारि
धियो द्विधा पूर्वधराधिपाश्च ।
एकादशांगाष्टनिमित्तविज्ञा
महर्षयः सन्तु सतां शिवाय ॥२॥

संस्पर्शनं संश्रवणं समन्ता -
दास्वादनघ्राण - विलोकनानि ।
संभिन्नसंश्रोततया विदन्तो
महर्षयः सन्तु सतां शिवाय ॥३॥

आमर्श - विप्रुण्मलखेलजल्ल
सर्वौषधिदृष्टिवचोविषाश्च ।
आशीविषाघोरपराक्रमाश्च
महर्षयः सन्तु सतां शिवाय ॥४॥

प्रश्नप्रदानाः श्रमणा मनोवाक् -

वपुर्बला वैक्रियलब्धिमन्तः ।

आचारणव्योमविहारिणश्च

महर्षयः सन्तु सतां शिवाय ॥५॥

घृतामृतक्षीरमधूनि दर्शो -

पदेशवाणीभिरभिस्रवन्तः ।

अक्षीणसंवाससमहानसाश्च

महर्षयः सन्तु सतां शिवाय ॥६॥

सुशीत - तेजोमय - तप्तलेश्या

दीप्तं तथोग्रं च तपश्चरन्तः ।

विद्याप्रसिद्धा - अणिमादिसिद्धा

महर्षयः सन्तु सतां शिवाय ॥७॥

अन्येऽपि ये केचन लब्धिमन्तः

ते सिद्धचक्रे गुरुमंडलस्थाः ।

ॐ ह्रीं तथाऽर्हं नमइत्युपेता

महर्षयः सन्तु सतां शिवाय ॥८॥

यत्र यत्र मनोयाति, तत्र तत्र समाधयः ।

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૮)**
નાદ એટલે કાંસાના ઘંટના અવાજ જેવો ધ્વનિ. બિન્દુ એટલે અનુસ્વાર પછી થનારો ધ્વનિ. કલા એટલે નાદનો એક ભાગ.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૨૧-૨૨)**
ૐકાર એ પરમાત્માનું આદ્ય રૂપ છે. સંસારનો નાશ કરવા માટે સમર્થ મંત્ર છે. જ્ઞાની પુરૂષોના વચનથી સાચા કે સરળ ભકતોએ નિશ્ચલ રીતે ૐકારનું સદા ધ્યાન કરવું.(૧) ૦ બે ભ્રમરની મધ્યમાં અર્ધજાગૃત મનમાં ૐકાર સ્વરૂપ તેજ છે, તે બ્રહ્મ તેજમય શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ધ્યાન છે. તે તેજોમય બ્રહ્મનું ધ્યાન કરવું જોઇએ.(૧) જ્યારે જે વ્યકિત દિપક જેવી ઉજ્જવલ અને જ્ઞાનમયી એવી તેજશકિતનું લલાટ મધ્યે અથવા હૃદયકમળમાં ધ્યાન ધરે, ત્યારે એકાગ્ર થયેલા તેઓ બ્રહ્મને જુએ છે અર્થાત્ આત્માનો અનુભવ કરે છે.(૨)

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૩૨)**
ધર્મ જ રક્ષણ કરનાર, શરણ આપનાર છે. ધર્મ જ ગતિ અને પ્રતિષ્ઠા છે. સારી રીતે આચરેલા ધર્મ વડે અજરામર સ્થાન પ્રાપ્ત થાય છે. ૦ ચંદ્ર જેવા અરિહંત પરમાત્મા, લાલ વર્ણવાળા સિદ્ધ ભગવંતો, સોના જેવા પીળા આચાર્યો, મરકત જેવા લીલા ઉપાધ્યાયો અને શ્યામ વર્ણવાળા સાધુ ભગવંતો સુખ આપો.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૩૬)**
ચિત્ત પદાર્થોનું કારણ છે. તે હોત છતે ત્રણ જગત છે. ચિત્તક્ષય થાય તો જગત ક્ષય થાય, માટે પ્રયત્નપૂર્વક ચિત્તની ચિકિત્સા કરવી જોઇએ.(૧) ૦ સર્વ અર્થની સિદ્ધિ આપનારો એક મનરૂપી દેવ જ છે, તેના જય વિના બીજી બધી મહેનત નિષ્ફળ છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૩૮)**
ઘરમાં સાધના કરવાથી સોગણું, વાડામાં લાખગણું, દેવાલયમાં કરોડગણું અને પરમાત્માના સાંન્નિધ્યમાં (એકાંતમાં) અનંતગણું પુણ્ય બંધાય.

## પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૪૩)

પદ્માસનમાં શરીર-મસ્તક સીધા રાખી, નાસાગ્રે દ્રષ્ટિસ્થાપન કરી, એકાંતમાં અવ્યય એવો ૐકાર જપવો.(૧) જે રોજ ૧૨૦૦૦ વાર ૐકારનો જાપ કરે, તેને ૧૨ મહિનામાં પરંબ્રહ્મ આત્મા (પરમાત્મા)ની અનુભૂતિ થાય.(૨) પાપોનો સમૂહ એકસાથે ઉદયમાં આવે, ત્યારે (ૐનો) ૧૨૦૦૦ જાપ કરવો. તે તત્કાળ તે પાપને છેદી નાશ કરે છે.(૩)

## પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૪૬)

પાર્શ્વપ્રભુ જ રક્ષણ કરનાર, શરણ આપનાર છે. પાર્શ્વપ્રભુ જ ગતિ ને પ્રતિષ્ઠા છે. તેમની સારી રીતે આરાધના કરવાથી અજરામર સ્થાન પ્રાપ્ત થાય છે.

## પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૪૯)

ૐ = જેની એક રેખા ઉર્ધ્વલોકસ્પર્શી છે તથા જેની એક રેખા અધોલોકસ્પર્શી છે. આ રીતે બંને પ્રકારની રેખાવાળા અને સર્જન-વિસર્જનની સંધિના સ્વામી, વિનાયક એવા ૐકારને હું નમસ્કાર કરૂં છું.

## પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૭૪)

અગણ્ય પુણ્ય અને શાંતિના સ્વામી, પાંચમા ચક્રવર્તી તથા સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાનને મારી શાંતિ માટે હું વંદન કરૂં છું.

## પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૭૫)

શુદ્ધનયથી વિચારતાં સહજ શુદ્ધ પર્યાયો દરેક આત્મામાં તુલ્ય હોવાથી અને અશુદ્ધનયથી વિચારતાં વિભાવ પર્યાયો તુચ્છ હોવાથી સર્વ નયોમાં પરિણત સાધુને - મહામુનિઓને અભિમાન માટે થતાં નથી.

## પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૮૦)

ચિત્તપ્રસન્નતા, મનમાં સંતોષ, અલ્પ ભોજન, સ્વપ્નરહિતતા કે સ્વપ્નમાં કોઈક વાહન વડે ઈષ્ટ સ્થળે પહોંચ્યો, એવું દેખાય તો આ બધા જલ્દી સિદ્ધ થવાના ચિહ્નો છે.

## પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૧૧)

પરપદાર્થમાં પ્રેમ કરવાથી રાગ થાય. તેમાં (પરપદાર્થમાં) જ અગ્નિની જ્વાળા જેવો મત્સરભાવ ઉત્પન્ન કરવાથી દ્વેષ થાય. ઉપાદેય ભાવોમાં અટકવાથી મોહ થાય.

આ ત્રણ હોતે છતે સાચું સુખ પ્રાપ્ત થતું નથી, કારણકે આત્મા વિષમ થાય છે. આ ત્રણનો ક્ષય થાય તો દુઃખ રહેતું નથી, કારણકે દુઃખનું નિમિત્ત રહેતું નથી. ભાવરોગોનો અત્યંત નાશ થવાથી પરમેશ્વરતા પ્રાપ્ત થાય છે. વાસ્તવિક સ્વભાવથી પરમસુખનો અનુભવ થાય છે.

## પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૩૫)

મૈત્ર્યાદિ ભાવનાઓની સુગંધ વડે દિશાઓને સુગંધિત કરનારા પુરૂષ પાસે સિદ્ધિ રૂપી ભમરીઓ નિશ્ચે જાતે જ આવે છે.(૧) ઉદાસીનતાથી યુકત, મૈત્રીથી પવિત્ર, સંભ્રમરહિત પુરૂષને કોપ કરતા હોય, એની જેમ કર્મો સ્વયં છોડી દે છે. - સામ્યશતક ૯૮-૯ (૨) ૦ હે મૂઢ! જેવી રીતે સ્ત્રીઓમાં આસકત મનને ધારણ કરે છે, તેવી રીતે મૈત્ર્યાદિમાં ધારણ કર અને આત્માનું હિત કર. - સામ્યશતક, ૭૪

## પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૫૪)

મૂલ પ્રકૃતિ વિકૃતિ નથી. મહત્ વગેરે સાત પદાર્થો પ્રકૃતિ પણ છે અને વિકૃતિ પણ છે, (બાકીના) ૧૬ પદાર્થો માત્ર વિકૃતિ છે. પુરૂષ પ્રકૃતિ પણ નથી અને વિકૃતિ પણ નથી. - સાંખ્યકારિકા

## પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૫૭)

ત્યારે ચિત્તની પ્રશાંતવાહિતા એટલે કે નિરોધ સંસ્કારની પરંપરાને વહન કરવાની સ્થિતિ નિર્માણ થાય છે. ૦ સર્વાર્થતાનો ક્ષય અને એકાગ્રતાનો ઉદય થવો, એ ચિત્તનો સમાધિ પરિણામ છે. ૦ ત્યાર પછી ફરી શાંત અને ઉદય થવાવાળી બંને વૃત્તિ એક જેવી થઈ જાય, ત્યારે ચિત્તની એકાગ્રતાનું પરિણામ આવે.

૩-૧૦, ૩-૧૧, ૩-૧૨ - પાતંજલ યોગદર્શન

## પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૫૮)

જ્યારે યોગી ઉચ્ચ દશા તરફ આગળ વધે છે, ત્યારે દેવો એને પોતાના લોકનું ઐશ્વર્ય દેખાડે છે અને ત્યાંના ભોગ માટે નિમંત્રણ આપે છે. આ સમયે યોગીએ ખૂબ જ સાવધાન રહી તેમનો સંગ ન કરવો જોઈએ અને તેમાં આશ્ચર્ય પણ ન બતાવવું જોઈએ, કારણકે તેમ કરવાથી પતન થવાનો સંભવ છે.

- પાતંજલ યોગદર્શન ૩-૫૧

# તત્ત્વજ્ઞાનના કલ્પવૃક્ષ તળે
# શબ્દતીર્થની મંગલ યાત્રા...

'પ્રભુનો સ્થૂલ દેહ એટલે પ્રભુપ્રતિમા અને પ્રભુનો અક્ષરદેહ એટલે આગમસૂત્રો.' આ પંક્તિને સ્મૃતિવંત કરીને પછી આપણી સમક્ષ પૂજ્ય પંન્યાસજી મહારાજનાં સ્વહસ્તાક્ષરે આલેખિત આગમમંજૂષા સમા આ ગ્રંથરત્નોના અજવાસમાં અધ્યાત્મના મોતી પરોવીએ, ત્યારે ભીતરની કસ્તુરી આપણા ભાવવિશ્વને સુરભિત કરી દે છે, એ અનુભૂતિ સૌની છે. 'शिवमस्तु सर्वजगतः'ની ભાવના સાથે પ્રત્યેક જીવમાત્રમાં રહેલ જીવત્વને માટે આપણા મનમાં માન જન્માવતાં આ ગુરુમહારાજ માટે તો શું કહેવું?

सनातनो नित्य नूतनः સમાન એવં 'માંગો તે મળે' તેવા આ રોજનીશીરૂપી કલ્પવૃક્ષોની નિશ્રામાં હવે તો અપ્રમાદભાવે આઠે પહોર બેસીને તેમાંથી શાશ્વત સુખની નવેનિધિ મેળવવાના ઉપાયો પ્રતિ चरैवति કરવાનું છે, હવે આપણે જ!

કર્મનો નિયમ કઠોર છે, ધર્મનો નિયમ કોમળ છે. કર્મમાં ન્યાય મુખ્ય અને ધર્મમાં પ્રેમ મુખ્ય છે... અને પૂજ્ય ગુરુમહારાજની સાધનાનું તો મધ્યબિંદુ જ પ્રેમ અને મૈત્રી છે. એ પ્રેમ આપણા સૌ ઉપર અનવરત વરસતો રહે અને જેમ સુવર્ણની ચાર પ્રકારે કસોટી થાય છે, તેમ આ હેમથી મઢેલ સુવર્ણ અક્ષયપાત્ર પણ આપણા આત્માને કષ (વિશિષ્ટ લેશ્યા), છેદ (એકાગ્રતા), તાપ (અપકાર કરનાર ઉપર પણ અનુકંપા) અને તાડના (વિપત્તિમાં ય ચિત્તનું નિશ્ચલપણું) દ્વારા કર્મમુકત કરી ઉજ્જવળ બનાવે, તે જ ગુરૂમહારાજનાં ચરણકમળોમાં પ્રાર્થના - અભ્યર્થના.

**ભારતી દિપક મહેતા**

॥ शुभम् भवतु ॥



ઉપર દર્શાવેલ ૪ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૬૮ - ૧૯૭૨ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

નવપદ એ પરમ તત્વ છે,
પરમ રહસ્ય છે અને પરમ પદાર્થ છે.
ધ્યાન કરવા માટે નવપદથી ચઢિયાતું બીજું કાંઈ નથી.
નવપદ લોકોત્તર છે, તેમાં
દેવ-ગુરૂ અને ધર્મતત્વ છે, તેથી મોક્ષ મળે છે.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in